©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 4000/-

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LXII] THURSDAY, JANUARY 7, 2021 / PAUSA 17, 1942 [No. 1

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1-100
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	1
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	1
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1-139

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

વંચાણે લીધા :- (૧) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૨, અમદાવાદ શહેરનાઓના જાવક પત્ર ક્રમાંકઃ જી/૭૨૫/ઝોન-૨/૧૦૦૬૯/૨૦૨૦, તા. ૧૭/૧૧/૨૦૨૦ તથા;

(૨) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૪, અમદાવાદ શહેરનાઓના જાવક પત્ર ક્રમાંકઃ જી/૭૨૫/ઝોન-૪/આરબી/૪૫૭૪/૨૦૨૦ તા. ૧૭/૧૧/૨૦૨૦ આધારે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર વિ. શા./હથિયાર બંધી-જાહેરનામું/એ. સેકશન/પરમીટ/૬૮/૨૦૨૦.–અમદાવાદ શહેરના અમુક પોલીસ સ્ટેશન વિસ્તારોમાં કેટલાક આરોપીઓ દ્વારા તલવાર/છરી/ચપ્પુ/ગુપ્તી/બેઝબોલ/લોખંડની પાઈપ જેવા હથિયારો વડે હુમલાઓ કરી ખૂન, ખૂનની કોશિષ તેમજ મહાવ્યથાના ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપતા હોય છે. આમ, અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા ગુનાઓમાં ગેરકાયદેસર હથિયારો દ્વારા અમુક કિસ્સાઓમાં શરીર સબંધી ગંભીર ગુનાઓ બનતા હોવાનુ ધ્યાને આવેલ છે. જેથી શહેરમાં જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાય રહે તેમજ આરોપીઓ ગંભીર ગુનાને અંજામ આપતાં અટકે અને ભયમુક્ત વાતાવરણ બની રહે, લોકોના જાનમાલનું રક્ષણ થાય, જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકે, બિભિત્સ ભાષા અને વ્યવહાર તેમજ ઉશ્કેરણીજનક ભાષણોથી સુરૂચી ભંગ થવાના તેમજ ગુનાહિત કૃત્યો થવાની સંભાવનાને નિવારવા જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકાવવા તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ

જળવાય રહે તે સારૂ આવા હથિયારો તથા આવા કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત રાજ્યના ગૃહવિભાગના તા. ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહવિભાગના તા. ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નં. જીજી/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અનુસંધાને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં તા. ૧૯/૧૧/૨૦૨૦ના કલાક ૦૦.૦૦ થી તા. ૦૩/૧૨/૨૦૨૦ ના કલાક ૨૪.૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઈપણ જાતના ચપ્પુ જે અઢી ઈંચથી વધારે લાંબુ, છેડેથી અણીવાળુ પાનું હોય તેવાં ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(ખ) કોઈપણ ક્ષયધર્મી (શરીરને હાનિકારક) અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(ચ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા ફેલાવો કરવાથી, સુરૂચિ અથવા પ્રતિષ્ઠાનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેવા ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે, સંગીન વગેરે સાથે રાખવા પડતાં હોય તેમને.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ હેડ. કોન્સ. અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૧૮મી નવેમ્બર, ૨૦૨૦નાં રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

વંચાણે લીધા :- (૧) ગૃહ મંત્રાલય ભારત સરકારના હુકમ ક્રમાંકઃ 40-3/2020-DM-I(A) તા. ૨૭/૧૦/૨૦૨૦ તથા

(૨) ગુજરાત સરકારના હુકમ ક્રમાંકઃ જીજી/૭૫/ ૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા. ૦૨/૧૧/૨૦૨૦,

(૩) અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરશ્રીના તા. ૧૯/૧૧/૨૦૨૦ ની નોંધ આધારે

કર્ફ્યુ હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર વિ.શા./જાહેરનામું/એ. સેકશન/૬૯/૨૦૨૦.–સમગ્ર દેશમાં COVID-19ની અસરોને ધ્યાને લેતાં National Disaster Management Authority ના નિર્દેશો મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા. ૩૦/૦૯/૨૦૨૦ના હુકમ ક્રમાંકઃ 40-3/2020-DM-I(A) થી બહાર પાડવામાં આવેલ ગાઈડ લાઈનની અવધિ તા. ૨૭/૧૦/૨૦૨૦ ના હુકમ ક્રમાંકઃ 40-3/2020-DM-I(A) થી તા. ૩૦/૧૧/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ છે. કન્ટેઈનમેન્ટ ઝોનમાં તા. ૩૦/૧૧/૨૦૨૦ સુધી લોકડાઉનની અવધિ લંબાવવામાં આવી છે, તથા કન્ટેઈનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં તા. ૩૦/૦૯/૨૦૨૦ના હુકમ અનુસારની માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃત્તિઓ ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ છે.

ભારત સરકારના ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ તેમજ ધી એપેડેમિક ડીસીઝ એક્ટ, ૧૮૯૭ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન ઓથોરીટી (એન.ડી.એમ.એ) દ્વારા કોરોનાને વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. હાલમાં અમદાવાદ શહેરમાં તહેવારના સમય દરમ્યાન બજારોમાં ખુબ જ ભીડ જોવા મળેલ તેમજ હરવા-ફરવાની તથા ખાણી-પીણીની જગ્યાઓ ઉપર પણ ખુબ જ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય છે હાલમાં શિયાળાની □તુનો પ્રારંભ થયેલ છે આ બધા કારણોસર કોરોના સંક્રમણ વધુ ન ફેલાય

તે હેતુસર, લોકોના સ્વાસ્થ્ય, સુરક્ષા અને જાહેર જનતાના હિતમાં ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે પગલા લેવા માટે અને પ્રવર્તમાન પરીસ્થિતીને લક્ષમાં લઈ જાહેર જનતાના હિતમાં નીચે મુજબનો હુકમ કરૂ છું.

વાસ્તે હું, સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેરનાઓ ફરમાવું છું કે, તા- ૨૦/૧૧/૨૦૨૦ ના રાત્રિના કલાક ૨૧/૦૦ થી તા. ૨૩/૧૧/૨૦૨૦ ના સવારના ૦૬/૦૦ દરમ્યાન અમદાવાદ શહેરના રહેવાસીઓએ પોતાના રહેણાંક મકાનની બહાર નિકળવું નહી. તેમજ કોઈપણ માર્ગ, જાહેર રાહદારી રસ્તાઓ, રાજમાર્ગો, શેરીઓ, ગલીઓમાં, પેટા ગલીઓમાં તથા જાહેર જગ્યાઓ ઉપર ઉભા રહેવું નહી અથવા પગપાળા કે વાહનો મારફતે હરવું-ફરવું નહી.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

નીચે જણાવેલ સેવાઓ સાથે સંકળાયેલ વ્યાક્તિઓ/સંસ્થાઓને ઉપરોક્ત હુકમ પાલનમાંથી મુક્તિ આપવામાં આવે છે.

(૧) જાહેર ઉપયોગીતા જેવી કે પેટ્રોલીયમ સીએનજી, એલપીજી, પીએનજી, પાણી, સ્વચ્છતા સહિતની સેવાઓ, વીજ ઉત્પાદન અને ટ્રાન્સમિશન એકમ, ટેલિકોમ્યુનિકેશન સર્વિસીસ, રાષ્ટ્રીય માહિતી કેન્દ્ર, પ્રારંભીક ચેતવણી એજન્સી.

(૨) પોલીસ, હોમગાર્ડઝ, સિવિલ ડિફેન્સ, ફાયર એન્ડ ઈમરજન્સી સેવાઓ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, સંરક્ષણ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ, જેલો અને મ્યુનિસીપલ કોર્પોરેશનની આવશ્યક સેવાઓ.

(૩) જાહેર અને ખાનગી ક્ષેત્ર સહિતના તમામ તબીબી સેવાઓ તથા ઈ-કોમર્સ દ્વારા, ફાર્માસ્યુટિકલની હોમ ડિલવરી.

(૪) દૂધ વિતરણ.

(૫) ઈલેક્ટ્રોનીક મીડીયા, પ્રિન્ટ મીડીયા.

(૬) ખાનગી સીક્યુરીટી સેવાઓ.

(૭) આવશ્યક ચીજવસ્તુઓના ઉત્પાદન એકમો, ફાર્માસ્યુટીકલ તથા જે ઉત્પાદન એકમોમાં સતત પ્રક્રિયાની જરૂર પડે છે.

(૮) અંતિમ સંસ્કારના કિસ્સામાં, વીસ જેટલા વ્યક્તિઓ ભેગા થઈ શકે તે રીતે પરવાનગી આપી શકાશે.

(૯) લગ્ન પ્રસંગમાં સ્થાનિક પોલીસ સ્ટેશનની મંજુરી અનુસાર.

(૧૦) રેલ્વે અને એરપોર્ટ પર માલસામાનની હેરફેર માટેની પ્રવૃત્તિઓ.

(૧૧) રેલ્વે તથા હવાઈમાર્ગે અવર-જવર કરનાર મુસાફરોને લેવા તથા મુકવા માટે માન્ય ટિકીટ રજૂ કર્યેથી મંજુરી જે માટે જ ટેક્સી તથા રેડિયો કેબ સેવાઓ ચાલુ રહેશે.

(૧૨) ATM બેન્કીંગ ઓપરેશનના IT વેન્ડરો સહિત, ATM ઓપરેશન અને રોકડ વ્યવસ્થાપન એજન્સીઓ.

(૧૩) તમામ પ્રકારના માલસામાનનું પરિવહન.

(૧૪) NIC Scientist-B, CGL Tier-3, CSIR NET Exam, CA, SSC વિગેરે અન્ય માન્ય પરીક્ષાઓ આપવા જતા પરીક્ષાર્થીઓને માન્ય પ્રવેશપત્ર/ઓળખપત્રના આધારે લેવા તથા મુકવા જવા માટેની મંજુરી.

(૧૫) ભારત સરકારના તથા ગુજરાત સરકારના વખતો વખતના સુધારા આદેશોને આધીન અપવાદો.

(૧૬) પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરનાઓ તરફથી ફરજના ભાગરૂપે અનિવાર્ય સંજોગોમાં આવવા-જવા માટે ખાસ પરવાનો આપવામાં આવેલ હોય તેવા વ્યક્તિઓ.

(૧૭) ઉપરોક્ત તમામ છુટછાટો સોશીયલ ડીસ્ટન્સીંગ, ફેસ કવર, હેન્ડ સેનીટાઈઝેશન વિગેરે સંબંધમાં COVID-19ની માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાની શરતે આપવામાં આવે છે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ-૫૧ થી ૬૦ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ હેડ. કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ની કલમ-૧૮૮ અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ ૫૧ થી ૬૦ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૨૦નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

વંચાણે લીધા :- (૧) ગૃહ મંત્રાલય ભારત સરકારના હુકમ ક્રમાંકઃ 40-3/2020-DM-I(A) તા. ૨૭/૧૦/૨૦૨૦ તથા

(૨) ગુજરાત સરકારના હુકમ ક્રમાંકઃ જીજી/૭૫/ ૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા. ૦૨/૧૧/૨૦૨૦,

(૩) અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરશ્રીના તા. ૧૯/૧૧/૨૦૨૦ ની નોંધ આધારે

કર્ફ્યુ હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર વિ.શા./જાહેરનામું/એ. સેકશન/૭૦/૨૦૨૦.—સમગ્ર દેશમાં COVID-19ની અસરોને ધ્યાને લેતાં National Disaster Management Authority ના નિર્દેશો મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા. ૩૦/૦૯/૨૦૨૦ના હુકમ ક્રમાંકઃ 40-3/2020-DM-I(A) થી બહાર પાડવામાં આવેલ ગાઈડ લાઈનની અવધિ તા. ૨૭/૧૦/૨૦૨૦ ના હુકમ ક્રમાંકઃ 40-3/2020-DM-I(A) તા. ૩૦/૧૧/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ છે. કન્ટેઈનમેન્ટ ઝોનમાં તા. ૩૦/૧૧/૨૦૨૦ સુધી લોકડાઉનની અવધિ લંબાવવામાં આવી છે, તથા કન્ટેઈનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં તા. ૩૦/૦૯/૨૦૨૦ના હુકમ અનુસારની માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃત્તિઓ ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ છે.

ભારત સરકારના ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ તેમજ ધી એપેડેમિક ડીસીઝ એક્ટ, ૧૮૯૭ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન ઓથોરીટી (એન.ડી.એમ.એ) દ્વારા કોરોનાને વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. હાલમાં અમદાવાદ શહેરમાં તહેવારના સમય દરમ્યાન બજારોમાં ખુબ જ ભીડ જોવા મળેલ તેમજ હરવા-ફરવાની તથા ખાણી-પીણીની જગ્યાઓ ઉપર પણ ખુબ જ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય છે હાલમાં શિયાળાની □તુનું પ્રારંભ થયેલ છે આ બધા કારણોસર કોરોના સંક્રમણ વધુ ન ફેલાય તે હેતુસર, લોકોના સ્વાસ્થ્ય, સુરક્ષા અને જાહેર જનતાના હિતમાં ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે પગલા લેવા માટે અને પ્રવર્તમાન પરીસ્થિતીને લક્ષમાં લઈ જાહેર જનતાના હિતમાં નીચે મુજબનો હુકમ કરૂ છું.

વાસ્તે હું, સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેરનાઓ ફરમાવું છું કે, તા. ૨૩/૧૧/૨૦૨૦ થી તા. ૦૭/૧૨/૨૦૨૦ સુધી રાત્રિના કલાક ૨૧/૦૦ થી સવારના કલાક ૦૬/૦૦ સુધી રાત્રિ કરફ્યુ મુકવામાં આવે છે. જેથી અમદાવાદ શહેરના રહેવાસીઓએ પોતાના રહેણાંક મકાનની બહાર નિકળવું નહી, કોઈપણ માર્ગ, જાહેર રાહદારી રસ્તાઓ, રાજમાર્ગો, શેરીઓ, ગલીઓ, પેટા ગલીઓ તથા જાહેર જગ્યાઓ ઉપર ઉભા રહેવું નહી અથવા પગપાળા કે વાહનો મારફતે હરવું-ફરવું નહી.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

નીચે જણાવેલ સેવાઓ સાથે સંકળાયેલ વ્યાક્તિઓ/સંસ્થાઓને ઉપરોક્ત હુકમ પાલનમાંથી મુક્તિ આપવામાં આવે છે.

(૧) જાહેર ઉપયોગીતા જેવી કે પેટ્રોલીયમ સીએનજી, એલપીજી, પીએનજી, પાણી, સ્વચ્છતા સહિતની સેવાઓ, વીજ ઉત્પાદન અને ટ્રાન્સમિશન એકમ, ટેલિકોમ્યુનિકેશન સર્વિસીસ, રાષ્ટ્રીય માહિતી કેન્દ્ર, પ્રારંભીક ચેતવણી એજન્સી.

(૨) પોલીસ, હોમગાર્ડઝ, સિવિલ ડિફેન્સ, ફાયર એન્ડ ઈમરજન્સી સેવાઓ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, સંરક્ષણ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ, જેલો અને મ્યુનિસીપલ કોર્પોરેશનની આવશ્યક સેવાઓ.

(૩) જાહેર અને ખાનગી ક્ષેત્ર સહિતના તમામ તબીબી સેવાઓ, મેડીકલ સ્ટોર તથા ઈ-કોમર્સ દ્વારા ફાર્માસ્યુટિકલની હોમ ડિલવરી.

(૪) દૂધ વિતરણ.

(૫) ઈલેક્ટ્રોનીક મીડીયા અને પ્રિન્ટ મીડીયા.

(૬) ખાનગી સીક્યુરીટી સેવાઓ.

(૭) આવશ્યક ચીજવસ્તુઓના ઉત્પાદન એકમો, ફાર્માસ્યુટીકલ તથા જે ઉત્પાદન એકમોમાં સતત પ્રક્રિયાની જરૂર પડે છે.

(૮) અંતિમ સંસ્કારના કિસ્સામાં, વીસ જેટલા વ્યક્તિઓ ભેગા થઈ શકે તે રીતે પરવાનગી આપી શકાશે.

(૯) રેલ્વે અને એરપોર્ટ પર માલસામાનની હેરફેર માટેની પ્રવૃત્તિઓ.

(૧૦) રેલ્વે તથા હવાઈમાર્ગે અવર-જવર કરનાર મુસાફરોને લેવા તથા મુકવા માટે માન્ય ટિકીટ રજૂ કર્યેથી મંજુરી જે માટે જ ટેક્સી તથા રેડિયો કેબ સેવાઓ ચાલુ રહેશે.

(૧૧) ATM બેન્કીંગ ઓપરેશનના IT વેન્ડરો સહિત, ATM ઓપરેશન અને રોકડ વ્યવસ્થાપન એજન્સીઓ.

(૧૨) તમામ પ્રકારના માલસામાનનું પરિવહન.

(૧૩) ભારત સરકારના તથા ગુજરાત સરકારના વખતો વખતના સુધારા આદેશોને આધીન અપવાદો.

(૧૪) પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરનાઓ તરફથી ફરજના ભાગરૂપે અનિવાર્ય સંજોગોમાં આવવા-જવા માટે ખાસ પરવાનો આપવામાં આવેલ હોય તેવા વ્યક્તિઓ.

(૧૫) ઉપરોક્ત તમામ છુટછાટો સોશીયલ ડીસ્ટન્સીંગ, ફેસ કવર, હેન્ડ સેનીટાઈઝેશન વિગેરે સંબંધમાં COVID-19ની માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાની શરતે આપવામાં આવે છે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ-૫૧ થી ૬૦ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ હેડ. કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ની કલમ ૧૮૮ અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ ૫૧ થી ૬૦ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૩મી નવેમ્બર, ૨૦૨૦નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩(૧૯૭૪ ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર વિશેષ શાખા/એ. સેકશન/નો ડ્રોન ફ્લાય ઝોન/૭૧/૨૦૨૦.– અમદાવાદ શહેરની મુલાકાત અર્થે તા. ૨૮/૧૧/૨૦૨૦ ના રોજ ભારતના માનનીય વડાપ્રધાનશ્રીનાઓ પધારનાર હોઈ આવા સજોગોમાં દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્વો માનવ રહિત રીમોટ સંચાલિત વિમાન જેવા સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઈઝના વિમાન જેવા સંશાધનો અથવા એરો સ્પોર્ટસમાં વપરાતા ઉપકરણો (SUB-CONVENTIONAL AERIAL PLATFORM) ના ગેરલાભ લઈ મહાનુભાવશ્રીઓની અને જાહેર જનતાની સુરક્ષાને તેમજ કાયદો અને વ્યવસ્થાને હાની પહોંચાડે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી.

વાસ્તે હું, સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨ ની) કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેરના તમામ વિસ્તારોમાં ''નો ડ્રોન ફ્લાય ઝોન'' જાહેર કરૂ છું. અને તે વિસ્તારમાં રીમોટ કન્ટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE) ક્વાડ કોપ્ટર (QUADCOPTER), પાવર્ડ એરક્રાફ્ટ (POWERED AIRCRAFT), તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર/પેરાગ્લાઈડર (HANG GLIDER/PARA GLIDER), પેરા મોટર (PARA MOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની/કરાવવાની મનાઈ ફરમાવું છું.

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો દ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામામાંથી મુક્તિ આપુ છું.

આ હુકમ તા. ૨૮/૧૧/૨૦૨૦ ના કલાક ૦૭/૦૦ થી કલાક ૧૩/૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ સને. ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૨૦નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

વંચાણે લીધાં:

(૧) ગૃહ મંત્રાલય ભારત સરકારના હુકમ નં. 40-3/2020-DM-I(A) તા. ૨૫/૧૧/૨૦૨૦ તથા

(૨) ગુજરાત સરકારના હુકમ નંબરઃ જીજી/૭૬/૨૦૨૦/ વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા. ૦૨/૧૨/૨૦૨૦ આધારે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને, ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંકઃ વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૭૨/૨૦૨૦.–સમગ્ર દેશમાં COVID-19 ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી The Disaster Management Act-2005 થી મળેલ સત્તા અન્વયે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા. ૨૪-૦૩-૨૦૨૦ના હુકમ ક્રમાંક 40-3/2020-DM-I(A) થી સમગ્ર દેશમાં તા. ૨૫-૦૩-૨૦૨૦ થી ૨૧ દિવસ આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકુફ રાખવામાં આવેલ ત્યારબાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના વખતો વખતના હુકમથી આ અવધિ તા. ૩૦-૧૧-૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ.

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન ઓથોરીટી (N.D.M.A.) ના દિશાનિર્દેશ અનુસાર કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા. ૨૫-૧૧-૨૦૨૦ ના હુકમ ક્રમાંક 40-3/2020-DM-I(A) તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના હુકમ ક્રમાંકઃ જીજી/૭૬/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા. ૦૨/૧૨/૨૦૨૦ માં જણાવેલ નિર્દેશોના આધારે કન્ટેઈનમેન્ટ ઝોનમાં તા. ૩૧-૧૨-૨૦૨૦ સુધી લોકડાઉનની અવધિ લંબાવવામાં આવી છે, તથા કન્ટેઈનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃત્તિ ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ છે.

આથી હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં. જીજી/ફકઅ/ ૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ મુજબ તા. ૦૩-૧૨-૨૦૨૦ ના કલાક ૦૦-૦૦ વાગ્યાથી તા. ૩૧-૧૨-૨૦૨૦ના કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી જાહેરનામું પ્રસિદ્ધ કરી નીચે મુજબ હુકમ કરૂ છું:

હુકમ

A. તા.૩૧-૧૨-૨૦૨૦ સુધી કન્ટેઈનમેન્ટ ઝોન/માઈક્રો કન્ટેઈનમેન્ટ ઝોનમાં ફક્ત આવશ્યક ગતિવિધિઓ ચાલુ રહેશે.

B. કન્ટેઈનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં નીચે મુજબની જોગવાઈઓનો અમલ કરવાનો રહેશે.

અ.નં.	પ્રવૃત્તિઓ	કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તાર માટે
૧	સીનેમા હોલ, થિયેટર, મલ્ટીપ્લેક્ષ	હા, તા. ૧૫મી ઓક્ટોબર, ૨૦૨૦ થી ૫૦ % ક્ષમતા સાથે રાજ્ય સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ તથા ભારત સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા એસ.ઓ. પી. આધારે અમલ કરવાનો રહેશે.
૨	મનોરંજન પાર્ક અને તેના સમાન સ્થળ	હા. તા. ૧૫મી ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ આ સંદર્ભના ભારત સરકારના આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય દ્વારા એસ.ઓ.પી. મુજબ અમલ કરવાનો રહેશે.
૩	સ્વીમીંગ પુલ	હા, તા. ૧૫મી ઓક્ટોબર, ૨૦૨૦થી ફક્ત રમત ગમતની તાલીમના હેતુ માટે રાજ્ય સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ યુવા બાબતોના મંત્રાલય, ભારત સરકારના યુવા બાબતો અને રમત ગમત મંત્રાલય દ્વારા જારી કરવામાં આવતી SOP મુજબ અમલ કરવાનો રહેશે.
૪	Business to Business (B2B) Exhibitions	હા, તા. ૧૫મી ઓક્ટોબર, ૨૦૨૦થી આ સંદર્ભે રાજ્ય સરકારના ઉદ્યોગો અને ખાણ વિભાગ દ્વારા ભારત સરકારના વાણીજ્ય વિભાગ દ્વારા આપવામાં આવેલી સુચના આધારે રજુ કરવામાં આવશે.
૫	પાર્ક અને બગીચાઓ	હા, ભારત સરકારના આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલી SOP પ્રમાણે, ૦૮મી ઓક્ટોબર ૨૦૨૦ થી અમલમાં.
૬	બધા ધાર્મિક સ્થળો	હા, રાજ્ય સરકારના આદેશથી તા. ૭મી જૂન, ૨૦૨૦ના રોજ, ભારત સરકારના આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલી SOP પ્રમાણે, ૮મી જૂન, ૨૦૨૦ થી અમલમાં.
૭	હોટલો અને રેસ્ટોરન્ટો	હા, અત્રેના કરફ્યુ હુકમ નં.વિશા/ જાહેરનામું/ એ-સેક્શન/પરમીટ/૭૦/૨૦૨૦ તા.૨૩/૧૧/૨૦૨૦ અનુસાર તા. ૭-૧૨-૨૦૨૦ સુધી કલાક ૨૧/૦૦ સુધી તથા તે પછી વખતો-વખતના અન્ય હુકમોને આધીન ખુલ્લી રાખી શકાશે.
૮	શોપીંગ મોલ્સ	હા, અત્રેના કરફ્યુ હુકમ નં.વિ.શા/જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૭૦/૨૦૨૦ તા.૨૩/૧૧/૨૦૨૦ અનુસાર તા.૦૭/૧૨/૨૦૨૦ સુધી કલાક ૨૧/૦૦ સુધી તથા તે પછી વખતો-વખતના હુકમોને આધીન ખુલ્લી રાખી શકાશે.
૯	શોપ્સ (દુકાનો)	હા, અત્રેના કરફ્યુ હુકમ નં.વિશા/ જાહેરનામું/ એ-સેકશન/પરમીટ/૭૦/૨૦૨૦ તા.૨૩/૧૧/૨૦૨૦ અનુસાર તા.૦૭/૧૨/૨૦૨૦ સુધી કલાક ૨૧/૦૦ સુધી ખુલ્લી રાથી શકાશે. તથા તે પછી વખતો-વખતના હુકમોને આધીન ખુલ્લી રાખી શકાશે.
૧૦	લાયબ્રેરી	હા, ૬૦% ની ક્ષમતા સાથે.

અ.નં.	પ્રવૃત્તિઓ	કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તાર માટે
૧૧	GSRTC બસ સેવાઓ / શહેરી બસ સેવાઓ/ખાનગી બસ સેવાઓ	હા, ૭૫ % ની ક્ષમતા સાથે.
૧૨	મેટ્રો રેલ સેવા	હા, ભારત સરકારના Ministry of Housing and Urban Affairs Government Of India દ્વારા જારી કરવામાં આવેલ SOP મુજબ.
૧૩	ઓટો રીક્ષાઓ	હા. (એક ડ્રાઈવર + બે પેસેન્જર) માસ્ક સાથે.
૧૪	કેબ. ટેક્ષીઓ, કેબ એગ્રીગેટર	હા. (એક ડ્રાઈવર + ત્રણ પેસેન્જર ; જો બેઠક ક્ષમતા ૬ હોય, અથવા વધારે હોય તો એક ડ્રાઈવર + ચાર લોકોને પરવાનગી આપવામાં આવશે. માસ્ક સાથે
૧૫	ફેમીલી ઉપયોગના માટેના ખાનગી વાહનો	હા. (એક ડ્રાઈવર + ત્રણ પેસેન્જર) માસ્ક સાથે.
૧૬	દ્વીચક્રીય વાહનો	હા. (૧ + ૧) માસ્ક સાથે.

૧. કન્ટેઈનમેન્ટ ઝોનની બહાર બંધ સ્થળો જેવા કે, હોટલ, બેન્કવેટ હોલ, રેસ્ટોરન્ટ, ઓડીટોરીયમ, કમ્યુનિટી હોલ, ટાઉન હોલ, જ્ઞાતિની વાડી વિગેરે સ્થળે સામાજીક, શૈક્ષણિક, રમત-ગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ધાર્મિક, રાજકીય સમારોહ તથા Other congregation / large gatherings કરવામાં આવે સ્થળની ક્ષમતાના ૫૦% થી વધુ નહી, પરંતુ મહત્તમ ૧૦૦ વ્યકિતઓની મર્યાદામાં જ આયોજન કરી શકાશે. લગ્ન/સત્કાર સમારંભ જેવી અન્ય ઉજવણીમાં જગ્યાની ક્ષમતાના ૫૦% થી વધુ નહિ પરંતુ મહત્તમ ૧૦૦ વ્યકિતઓની મર્યાદામાં સમારોહ/ પ્રસંગનું આયોજન કરી શકાશે. આવા આયોજન દરમ્યાન કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તા.૦૪/૦૬/૨૦૨૦ ના હુકમ ક્રમાંક : Z28015/19/2020-EMR (PT) થી ધાર્મિક સ્થળો, મોલ્સ, રેસ્ટોરેન્ટ, હોટલ, આતિથ્ય એકમો સંદર્ભમાં બહાર પાડવામાં આવેલ SOP નો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૨. જ્યારે પાર્ટી પ્લોટ, ખુલ્લા મેદાનો, સોસાયટીના કોમન પ્લોટ કે અન્ય ખુલ્લા સ્થળોએ સામાજીક, શૈક્ષણિક, રમત-ગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ધાર્મિક તથા other congregation નું આયોજન કરવામાં આવે ત્યારે લગ્ન/સત્કાર સમારંભ જેવી અન્ય ઉજવણીમાં જગ્યાની ક્ષમતાના ૫૦% થી વધુ નહિ પરંતુ મહત્તમ ૧૦૦ વ્યક્તિઓની મર્યાદામાં સમારોહ/પ્રસંગનું આયોજન કરી શકાશે.

૩. મૃત્યુના કિસ્સામાં અંતિમ ક્રિયા/ધાર્મિક વિધિના કિસ્સામાં મહત્તમ ૫૦ વ્યક્તિઓની મર્યાદા રહેશે.

૪. શહેરમાં કરફ્યુ સમય દરમ્યાન લગ્ન/સત્કાર સમારંભ જેવી અન્ય ઉજવણીઓ પ્રતિબંધિત રહેશે.

૫. તહેવારોની ઉજવણી, ધાર્મિક કાર્યક્રમો (તથા સામાજિક કાર્યક્રમો) ગુજરાત સરકારના ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા. ૯/૧૦/૨૦૨૦ના હુકમોને આધીન કરવાના રહેશે.

૬. શહેરમાં શાળા, Coaching સંસ્થાઓ પુનઃશરૂ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવશે. જે અંગે શિક્ષણ વિભાગ દ્વારા Department of School Education and Literacy (SoSEL), Ministry of Education, Government of India દ્વારા બહાર પાડવામાં આવેલ SOP ને ધ્યાને લઈ સ્થાનિક પરિસ્થિતીને લક્ષમાં લઈ વિગતવાર SOP/Instruction જાહેર કરવામાં આવશે.

૭. Department of Higher Education (DHE), Ministry of Education, કેન્દ્રીય ગૃહ મંત્રાલયના પરામર્શમાં સ્થિતિની સમીક્ષા કરીને કોલેજો/ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ શરૂ કરવાના સમય અંગે નિર્ણય લેશે.

૮. જાહેર સ્થળો, કામના સ્થળો તથા મુસાફરી દરમ્યાન ફરજીયાત માસ્ક પહેરવું, હેન્ડ વોશ/સેનેટાઈઝરનો ઉપયોગ કરવો તથા બે વ્યક્તિઓ વચ્ચે ઓછામાં ઓછું ૬ ફૂટ (દો ગજ કી દુરી) નું અંતર જાળવી રાખવું.

૯. આરોગ્ય સેતુ એપનો ઉપયોગ કરવો.

૧૦. ૬૫ વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓ, કો-મોર્બિડિટી ધરાવતી વ્યક્તિઓ, સગર્ભા સ્ત્રીઓ અને ૧૦ વર્ષથી નીચેની ઉંમરના બાળકોને અતિઆવશ્યક અને તબીબી કારણોસર જરૂર હોય તે સિવાયના ઘરે રહેવાની સલાહ આપવામાં આવે છે.

૧૧. જાહેરમાં થુંકવા તથા જાહેરમાં યોગ્ય રીતે માસ્ક ન પહેરવા બદલ રાજ્ય સરકાર દ્વારા વખતો વખતના હુકમથી નિયત કરવામાં આવેલ દંડને પાત્ર થશે.

૧૨. કેન્દ્ર સરકારના તા.૨૫/૧૧/૨૦૨૦ના હુકમ સાથેના Annexure-I માં જણાવવામાં આવેલ The National Directives for COVID-19 નું તમામે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૩. કેન્દ્ર સરકાર દ્વારા તા.૨૫/૧૧/૨૦૨૦ના હુકમ સાથેના Annexure-II માં જણાવવામાં આવેલ વિવિધ પ્રવૃત્તિઓ માટેની એસ. ઓ. પી. નો ચુસ્ત અમલ કરવાનો રહેશે.

૧૪. કેન્દ્રીય ગૃહ મંત્રાલય તથા ગુજરાત સરકારના વખતો વખતના હુકમોથી આપવામાં આવેલ આદેશો તથા માર્ગદર્શક સુચનાઓ આખરી રહેશે અને તમામે ચુસ્ત રીતે અમલ કરવાનો રહેશે.

વિસ્તાર

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ની કલમ-૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act-2005 ની કલમ-૫૧ થી ૬૦ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act-2005 ની કલમ-૫૧ થી ૬૦ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

Annexure I

NATIONAL DIRECTIVES FOR COVID-19 MANAGEMENT

1. **Face coverings:** Wearing of face cover is compulsory in public places; in workplaces; and during transport.
2. **Social distancing:** Individuals must maintain a minimum distance of 6 feet (*2 gaz ki doori*) in public places.

 Shops will ensure physical distancing among customers.
3. **Spitting in public places** will be punishable with fine, as may be prescribed by the State/ UT local authority in accordance with its laws, rules or regulations.

Additional directives for Work Places

4. **Work from home (WfH):** As far as possible the practice of WfH should be followed.
5. **Staggering of work/ business hours** will be followed in offices, work places, shops, markets and industrial & commercial establishments.
6. **Screening & hygiene:** Provision for thermal scanning, hand wash or sanitizer will be made at all entry points and of hand wash or sanitizer at exit points and common areas.
7. **Frequent sanitization** of entire workplace, common facilities and all points which come into human contact e.g. door handles etc., will be ensured, including between shifts.
8. **Social distancing:** All persons in charge of work places will ensure adequate distance between workers, adequate gaps between shifts, staggering the lunch breaks of staff, etc.

Annexure II

LIST OF SOPS PRESCRIBED FOR VARIOUS ACTIVITIES

S No	Name of Activity	SOP issue date	Weblink
1	Sign-on and sign-off of Indian Seafarers at Indian Ports and their movement	21.04.20	https://www.mha.gov.in/sites/default/files/MHAOrder_21042020_0.pdf
2	Movement of Indian Nationals stranded outside the country and of specified persons to travel abroad	Revised on 22.08.20	https://www.civilaviation.gov.in/sites/default/files/MHA_SOP_dtd_22_08_2020_on_international_travel_under_Vande_Bharat_and_Bubble_flights.pdf
3	Movement of persons by train	19.05.20	https://www.mha.gov.in/sites/default/files/MHA%20Order%20Dt.%2019.5.2020%20reg.%20revised%20SoPs%20on%20movement%20of%20stranded%20workers%20by%20trains.pdf
4	Domestic air travel of passengers	25.05.20	https://www.civilaviation.gov.in/sites/default/files/Order_dated_25th_May_2020_on_recommencement_of_domestic_air_services.pdf
5	Religious places/ places of worship	04.06.20	https://www.mohfw.gov.in/pdf/2SoPstobefollowedinReligiousPlaces.pdf
6	Hotels, restaurants and other hospitality services	04.06.20	https://www.mohfw.gov.in/pdf/3SoPstobefollowedinRestaurants.pdf
7	Shopping Malls	04.06.20	https://www.mohfw.gov.in/pdf/4SoPstobefollowedinShoppingMalls.pdf
8	Offices	04.06.20	https://www.mohfw.gov.in/pdf/1SoPstobefollowedinOffices.pdf#_blank
9	Training Institutions of the Central and State Governments	05.07.20	https://dopt.gov.in/sites/default/files/Scan101.pdf
10	Yoga Institutes and gymnasiums	03.08.20	https://www.mohfw.gov.in/pdf/Guidelinesonyogainstitutesandgymnasiums03082020.pdf

S No	Name of Activity	SOP issue date	Weblink
11	Metro Rail	03.09.20	http://mohua.gov.in/cms/covid19metrosop.php
12	Skill or entrepreneurship training institutions, higher educational institutions conducting doctoral courses and post graduate studies in technical & professional programs requiring laboratory /experimental work.	08.09.20	https://www.mohfw.gov.in/pdf/FinalSOPonSkillinstitutions&PGinstitutes08092020.pdf
13	Schools	05.10.20	https://www.education.gov.in/sites/upload_files/mhrd/files/SOP_Guidelines_for_reopening_schools.pdf
14	Cinema hall/ theatres/ multiplex	06.10.20	https://mib.gov.in/sites/default/files/SOP%20for%20exhibition%20of%20films.pdf
15	Festivals	06.10.20	https://www.mohfw.gov.in/pdf/StandardOperatingProceduresonpreventivemeasurestocontainspreadofCOVID19duringfestivities.pdf#_blank
16	Colleges/ Higher Education Institution	07.11.20	https://www.ugc.ac.in/pdfnews/1360511_UGC-Guidelines-for-Re-opening-of-Universities-and-Colleges.pdf
17	Entertainment parks and similar places	08.10.20	https://www.mohfw.gov.in/pdf/SOPonpreventivemeasurestobefollowedinEntertainmentParksandsimilarplacestocontainspreadofCOVID19.pdf
18	Anganwadi Kendra	11.11.20	https://wcd.nic.in/sites/default/files/AWC%20services%20continuation_0.pdf
19	Various congregations	-	Issued by the respective States/ UTs

આજ તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપેલ છે.

વંચાણે લીધા :- (૧) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૩, અમદાવાદ શહેરનાઓના જાવક પત્ર ક્રમાંકઃ જી/૭૨૫/ઝોન-૩/૩૩૮૦/૨૦૨૦, તા. ૧/૧૨/૨૦૨૦ તથા;

(૨) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૬, અમદાવાદ શહેરનાઓના જાવક પત્ર ક્રમાંકઃ જી/૭૨૫/ઝોન-૬/આરબી/૪૪૧૪/૨૦૨૦ તા. ૩૦/૧૧/૨૦૨૦ આધારે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

નંબર વિ. શા./હથિયાર બંધી-જાહેરનામું/એ. સેકશન/૫૨મીટ/૭૩/૨૦૨૦.–અમદાવાદ શહેરના અમુક પોલીસ સ્ટેશન વિસ્તારોમાં કેટલાક આરોપીઓ દ્વારા તલવાર/છરી/ચપ્પુ/ગુપ્તી/બેઝબોલ/લોખંડની પાઈપ જેવા હથિયારો વડે હુમલાઓ કરી ખૂન, ખૂનની કોશિષ તેમજ મહાવ્યથાના ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપતા હોય છે. આમ, અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા ગુનાઓમાં ગેરકાયદેસર હથિયારો દ્વારા અમુક કિસ્સાઓમાં શરીર સબંધી ગંભીર ગુનાઓ બનતા હોવાનું ધ્યાને આવેલ છે. જેથી શહેરમાં જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાય રહે તેમજ આરોપીઓ ગંભીર ગુનાને અંજામ આપતાં અટકે અને ભયમુક્ત વાતાવરણ બની રહે, લોકોના જાનમાલનું રક્ષણ થાય જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકે, બિભિત્સ ભાષા અને વ્યવહાર તેમજ ઉશ્કેરણીજનક ભાષણોથી સુરૂચી ભંગ થવાનાતેમજ ગુનાહિત કૃત્યો થવાની સંભાવનાને નિવારવા જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકાવવા તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય રહે તે સારૂ આવા હથિયારો તથા આવા કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત રાજ્યના ગૃહવિભાગના તા. ૮મી નવેમ્બર, ૧૯૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહવિભાગના તા. ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અનુસંધાને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં તા. ૪/૧૨/૨૦૨૦ના કલાક ૦૦.૦૦ થી તા. ૧૮/૧૨/૨૦૨૦ ના કલાક ૨૪.૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઈપણ જાતના ચપ્પુ જે અઢી ઈંચથી વધારે લાંબુ, છેડેથી અણીવાળુ પાનું હોય તેવાં ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(ખ) કોઈપણ ક્ષયધર્મી (શરીરને હાનિકારક) અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(ચ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા ફેલાવો કરવાથી, સુરૂચિ અથવા પ્રતિષ્ઠાનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેવા ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે, સંગીન વગેરે સાથે રાખવા પડતાં હોય તેમને.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ. કોન્સ. અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૩જી ડિસેમ્બર, ૨૦૨૦નાં રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

સંજય શ્રીવાસ્તવ,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) કલમ. ૧૪૪ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબ કાઢેલ.

ક્રમાંક G/CP/વિ.શા./સરકારી કચેરી/અનઅધિકૃત વ્યકિત પ્રતિબંધ/૪૯૬૧/૨૦૨૦.–પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવા કે જિલ્લા કલેકટર કચેરી (કોઠી), કુબેર ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જન સેવા કેન્દ્ર, નર્મદા ભવનમાં આવેલ સરકારી કચેરીઓ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતરમાં કેટલાંક બનાવો ઉપરથી ઉકત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે, અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી-સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

વાસ્તે હું, આર. બી. બ્રહ્મભટ્ટ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં જેવી કે જિલ્લા કલેકટરની કચેરી (કોઠી), કુબેર ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જન સેવા કેન્દ્ર, નર્મદા ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. તેમજ જ્યાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી વડોદરા શહેરની અન્ય તમામ સરકારી કચેરીઓમાં સરકારી કામ માટે આવેલા હોય, કામ કરતા હોય તેવા વ્યાજબી કામ સબબ આવેલા હોય, તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહું કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ અનઅધિકૃત વચેટીયા કામ કરતાં ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો સમય

આ જાહેરનામાનો અમલ તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૨૦ના કલાક ૦૧-૦૦ થી તારીખ ૨૬મી ડિસેમ્બર, ૨૦૨૦ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

અમલવારીનો વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ની કલમ-૧૮૮ હેઠળ અને ગુજરાત પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-(૩) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશનરેટમાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો કલમ-૧૮૮ તેમજ જી.પી.એક્ટ કલમ-૧૩૫(૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૧૦મી માહે નવેમ્બર, ૨૦૨૦ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંકઃ જી/સીપી/વિ.શા./હથિ.બંધી/જાહેરનામું/૪૮૩૪/૨૦૨૦.–વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં બનતા ગુનાઓમાં છરી, ચપ્પા, ખંજર, રામપુરી ચપ્પા, શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ખંજરનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુના બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, આર. બી. બ્રહ્મભટ્ટ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ આથી હુકમ કરૂ છું. નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૫/૧૨/૨૦૨૦ના કલાક ૧.૦૦ થી તારીખ ૧૯/૧૨/૨૦૨૦ના કલાક ૨૪.૦૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(ક) શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, ખંજર તથા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવા કે અન્ય રીતે સ્વબચાવના ચોક્કસ કારણો સિવાય સાથે રાખીને ફરવા ઉપર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા તથા સામાજિક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઈપણ ક્ષયધર્મી (શરીરને હાનિકારક) અથવા સ્ફોટક પદાર્થ લઈ જવા ઉપર.

(ઘ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા અંગે એકત્રીત કરવા તથા તૈયારી કરવા ઉપર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ લાવવા અથવા રાખવા કે વેચાણ કરવા ઉપર.

(છ) સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઈ જવા ઉપર.

(જ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા બાળવા/લટકાવવા/દેખાડવા/કે પૂતળાને ફાંસી આપવા ઉપર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બૂમો પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

(ટ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની અથવા આવા અધિકારીઓનાં અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

આ હુકમનો ખંડ- (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યુ હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય, તેમને લાગુ પડશે નહિ.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશનરેટમાં અધિક પોલીસ કમિશનરશ્રીથી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એ. ૧૩૫ (૧) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ ૨જી માહે ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

વંચાણે લીધા :- (૧) ગુજરાત સરકારના હુકમ ક્રમાંકઃ જીજી/૭૫/ ૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા. ૦૨/૧૧/૨૦૨૦ આધારે

(૨) ગુજરાત સરકારના હુકમ ક્રમાંકઃ જીજી/૬૫/ ૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા. ૧/૧૦/૨૦૨૦ આધારે

(૩) ગુજરાત સરકારશ્રીના હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૯/૧૦/૨૦૨૦ આધારે

(૪) ગુજરાત સરકારશ્રીના હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૧૪/૧૦/૨૦૨૦ આધારે

(૫) કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૩૦/૦૯/૨૦૨૦ના હુકમ ક્રમાંકઃ 40-3/2020-DM-I(A) આધારે

(૬) ગુજરાત સરકારશ્રીના હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૨૪/૧૧/૨૦૨૦ આધારે

(૭) કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૫/૧૧/૨૦૨૦ના હુકમ ક્રમાંકઃ 40-3/2020-DM-I(A) આધારે

(૮) ગુજરાત સરકારના હુકમ ક્રમાંકઃ જીજી/૭૬/ ૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા. ૨/૧૨/૨૦૨૦ આધારે

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ તથા જી.પી.એક્ટ કલમ ૩૭ (૪) અન્વયે.

નંબર જી/સીપી/જાહેરનામું-Unlock/૪૮૪૦/૨૦૨૦.-સમગ્ર દેશમાં COVID-19ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી The Disaster Management Act, 2005 થી મળેલ સત્તા અન્વયે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૪/૩/૨૦૨૦ના હુકમ ક્રમાંક : 40-3/2020-DM-I(A) થી સમગ્ર દેશમાં તા.૨૫/૦૩/૨૦૨૦ થી ૨૧ દિવસ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકુફ રાખવામાં આવેલ. ત્યારબાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના વખતોવખતના હુકમથી આ અવધિ તા.૩૦/૧૧/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ તથા કેટલીક પ્રવૃત્તિઓ તબક્કાવાર શરૂ કરવામાં આવેલ છે.

સમગ્ર દેશમાં COVID-19ની અસરોને ધ્યાને લેતાં National Disaster Management Authority ના નિર્દેશો મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૫/૧૧/૨૦૨૦ના હુકમ ક્રમાંક : 40-3/2020-DM-I(A) થી કન્ટેનમેન્ટ ઝોનમાં તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી Lock Down ની અવધિ લંબાવવામાં આવી છે, તથા કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃત્તિઓ ચાલુ રાખવા હુકમ કરવામાં આવે છે.

વાસ્તે હું, આર. બી. બ્રહ્મભટ્ટ, પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૮/૧૧/૧૯૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા.૭/૧/૧૯૮૯ના સંકલીત જાહેરનામા નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૪) અન્વયે ઉપરોક્ત સંદર્ભ-૧ વાળા ગુજરાત સરકારશ્રી ગૃહ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા અન્વયે હુકમ કરૂ છું કે,

હુકમ

કન્ટેનમેન્ટ ઝોનમાં લોકડાઉનની અવધિ તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી લંબાવવામાં આવે છે, તથા ગૃહ વિભાગના તા.૧/૧૦/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંકઃ જીજી/૬૫/ ૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી જાહેર કરવામાં આવેલ માર્ગદર્શક સુચનાઓ જે તા.૩૦/૧૧/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ, તેને તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી લંબાવવામાં આવે છે.

''લગ્ન/સત્કાર સમારંભ જેવી અન્ય ઉજવણીઓ તથા મૃત્યુપ્રસંગે વ્યક્તિઓની સંખ્યા સંબંધમાં ગૃહ વિભાગના તા.૨૪/૧૧/૨૦૨૦ના હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી બહાર પાડવામાં આવેલ SOP/માર્ગદર્શક સુચનાઓ યથાવત રાખવામાં આવેલ છે.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અમલવારી

તા.૨૭ ડિસેમ્બર,૨૦૨૦ના કલાક ૨૨.૦૦ વાગ્યાથી તા.૧૬મી ડિસેમ્બર, ૨૦૨૦ના કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઈઓ મુજબ તેમજ જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ હેડ. કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ની કલમ ૧૮૮ અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ-૫૧ થી ૬૦ મુજબ તેમજ જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૭ ડીસેમ્બર, ૨૦૨૦નાં રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

વંચાણે લીધા :- (૧) ગૃહ મંત્રાલય ભારત સરકારના હુકમ ક્રમાંકઃ 40-3/2020-DM-I(A) તા. ૨૭/૧૦/૨૦૨૦ ના હુકમ આધારે તથા

(૨) ગુજરાત સરકારના ગૃહ વિભાગ, સચિવાલય ગાંધીનગરના હુકમ ક્રમાંકઃ જીજી/૭૫/ ૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા. ૦૨/૧૧/૨૦૨૦ ના હુકમ આધારે

કર્ફ્યુ હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ તથા જી.પી.એક્ટ કલમ ૩૭ (૪) અન્વયે.

નંબર જી/સીપી/વિ.શા/૪૮૫૭/૨૦૨૦.-સમગ્ર દેશમાં COVID-19ની અસરોને ધ્યાને લેતાં નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીના નિર્દેશો મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા. ૩૦/૦૯/૨૦૨૦ના હુકમ ક્રમાંકઃ 40-3/2020-DM-I(A) થી બહાર પાડવામાં આવેલ ગાઈડ લાઈનની અવધિ તા. ૨૭/૧૦/૨૦૨૦ ના હુકમ ક્રમાંકઃ 40-3/2020-DM-I(A)થી તા. ૩૦/૧૧/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ છે. કન્ટેઈનમેન્ટ ઝોનમાં તા. ૩૦/૧૧/૨૦૨૦ સુધી લોકડાઉનની અવધિ લંબાવવામાં આવી છે, તથા કન્ટેઈનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં તા. ૩૦/૦૯/૨૦૨૦ના હુકમ અનુસારની માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃત્તિઓ ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ છે.

ભારત સરકારના ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ તેમજ ધી એપેડેમિક ડીસીઝ એક્ટ, ૧૮૯૭ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન ઓથોરીટી (એન.ડી.એમ.એ) દ્વારા કોરોનાને વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. હાલમાં વડોદરા શહેરમાં તહેવારના સમય દરમ્યાન બજારોમાં ખુબ જ ભીડ જોવા મળેલ તેમજ હરવા-ફરવાની તથા ખાણી-પીણીની જગ્યાઓ ઉપર પણ ખુબ જ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય છે હાલમાં શિયાળાની □તુનો પ્રારંભ થયેલ છે આ બધા કારણોસર કોરોના સંક્રમણ વધુ ન ફેલાય તે હેતુસર, લોકોના સ્વાસ્થ્ય, સુરક્ષા અને જાહેર જનતાના હિતમાં ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે તથા જી. પી. એક્ટ કલમ-૩૭(૪) અન્વયે પગલા લેવા માટે અને પ્રવર્તમાન પરીસ્થિતીને લક્ષમાં લઈ જાહેર જનતાના હિતમાં નીચે મુજબનો હુકમ કરૂ છું.

વાસ્તે હું, આર. બી. બ્રહ્મભટ્ટ, પોલીસ કમિશનર, વડોદરા શહેરનાઓ ફરમાવું છું કે, તા- ૫/૧૨/૨૦૨૦ ના રાત્રિના કલાક ૨૧.૦૦ થી તા. ૬/૧૨/૨૦૨૦ ના સવારના ૦૬.૦૦ વાગ્યા સુધી તેમજ આવનારા દિવસોમાં તે રીતે બીજો હુકમ ના થાય ત્યાં સુધી વડોદરા શહેરના રહેવાસીઓએ પોતાના રહેણાંક મકાનની બહાર નિકળવું નહી. તેમજ કોઈપણ માર્ગ, જાહેર રાહદારી રસ્તાઓ, રાજમાર્ગો, શેરીઓ, ગલીઓ, પેટા ગલીઓ તથા જાહેર જગ્યાઓ ઉપર ઉભા રહેવું નહી અથવા પગપાળા કે વાહનો મારફતે હરવું-ફરવું નહી.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

નીચે જણાવેલ સેવાઓ સાથે સંકળાયેલ વ્યક્તિઓ/સંસ્થાઓને ઉપરોક્ત હુકમ પાલનમાંથી મુક્તિ આપવામાં આવે છે.

(૧) જાહેર ઉપયોગીતા જેવી કે પેટ્રોલીયમ સીએનજી, એલપીજી, પાણી, સ્વચ્છતા સહિતની સેવાઓ, વીજ ઉત્પાદન અને ટ્રાન્સમિશન એકમ, ટેલિકોમ્યુનિકેશન સર્વિસીસ, રાષ્ટ્રીય માહિતી કેન્દ્ર, પ્રારંભીક ચેતવણી એજન્સી.

(૨) પોલીસ, હોમગાર્ડઝ, સિવિલ ડિફેન્સ, ફાયર એન્ડ ઈમરજન્સી સેવાઓ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, સંરક્ષણ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ, જેલો અને મ્યુનિસીપલ કોર્પોરેશનની આવશ્યક સેવાઓ.

(૩) જાહેર અને ખાનગી ક્ષેત્ર સહિતના તમામ તબીબી સેવાઓ તથા ઈ-કોમર્સ દ્વારા, ફાર્માસ્યુટિકલની હોમ ડિલવરી.

(૪) દૂધ વિતરણ.

(૫) ઈલેક્ટ્રોનીક મીડીયા અને પ્રિન્ટ મીડીયા.

(૬) ખાનગી સીક્યુરીટી સેવાઓ.

(૭) આવશ્યક ચીજવસ્તુઓના ઉત્પાદન એકમો, ફાર્માસ્યુટીકલ તથા જે ઉત્પાદન એકમોમાં સતત પ્રક્રિયાની જરૂર પડે છે.

(૮) અંતિમ સંસ્કારના કિસ્સામાં, પચાસ જેટલા વ્યક્તિઓ ભેગા થઈ શકે તે રીતે પરવાનગી આપી શકાશે.

(૯) લગ્ન પ્રસંગમાં COVID-19 ની ગાઈડ લાઈનનું પાલન કરવાની શરતે, ખુલ્લા સ્થળોએ/બંધ સ્થળોએ, સ્થળની ક્ષમતાના ૫૦ % થી વધુ નહિ પરંતુ મહત્તમ ૧૦૦ વ્યક્તિઓની મર્યાદામાં સમારોહ/પ્રસંગના આયોજન કરી શકાશે.

(૧૦) રેલ્વે અને એરપોર્ટ પર માલસામાનની હેરફેર માટેની પ્રવૃત્તિઓ.

(૧૧) રેલ્વે તથા હવાઈમાર્ગે અવર-જવર કરનાર મુસાફરોને લેવા તથા મુકવા માટે માન્ય ટિકીટ રજૂ કર્યેથી મંજુરી જે માટે જ ટેક્સી તથા રેડિયો કેબ સેવાઓ ચાલુ રહેશે.

(૧૨) ATM બેન્કીંગ ઓપરેશનના IT વેન્ડરો સહિત, ATM ઓપરેશન અને રોકડ વ્યવસ્થાપન એજન્સીઓ.

(૧૩) તમામ પ્રકારના માલસામાનનું પરિવહન.

(૧૪) NIC Scientist-B, CGL Tier-3, CSIR NET Exam, CA, SSC વિગેરેની અન્ય માન્ય પરીક્ષાઓ આપવા જતા પરીક્ષાર્થીઓને માન્ય પ્રવેશપત્ર/ઓળખપત્રના આધારે લેવા તથા મુકવા જવા માટેની મંજુરી.

(૧૫) ભારત સરકારના તથા ગુજરાત સરકારના વખતો વખતના સુધારા આદેશોને આધીન અપવાદો.

(૧૬) પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરનાઓ તરફથી તથઆ જિલ્લા મેજિસ્ટ્રેટ વડોદરા તરફથી ફરજના ભાગરૂપે અનિવાર્ય સંજોગોમાં આવવા-જવા માટે ખાસ પરવાનો આપવામાં આવેલ હોય તેવા વ્યક્તિઓ.

(૧૭) ઉપરોક્ત તમામ છુટછાટો સોશીયલ ડીસ્ટન્સીંગ, ફેસ કવર, હેન્ડ સેનીટાઈઝેશન વિગેરે સંબંધમાં COVID-19ની માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાની શરતે આપવામાં આવે છે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ-૫૧ થી ૬૦ ની જોગવાઈઓ મુજબ તેમજ જી. પી. એક્ટ કલમ- ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ. કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ની કલમ-૧૮૮ અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ-૫૧ થી ૬૦ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૩જી ડીસેમ્બર, ૨૦૨૦નાં રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ.

ક્રમાંક : એસ.બી./ચાર કરતા વધુ જાહેરનામું/૪૯૩૭/૨૦૨૦.–હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ (COVID-2019) ને WHO (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન) દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. જે અનુસંધાને નોવેલ કોરોના વાયરસ (COVID-2019) ના ઝડપી સંક્રમણને ધ્યાને લેતા તકેદારીના ભાગ તથા વડોદરા શહેરમાં આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઈ પણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ વડોદરા પોલીસ કમિશનરેટની હદ વિસ્તારમાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

વાસ્તે, હું આર. બી. બ્રહ્મભટ્ટ (આઈ.પી.એસ) પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત પોલીસ એક્ટની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું.

પ્રતિબંધિત કૃત્યો

વડોદરા પોલીસ કમિશનરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં. તેમજ કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તથા કોઈ પણ જાતની સભા-સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

અપવાદ

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેઓને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

અમલવારીનો સમય તથા વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા. ૧૧/૧૨/૨૦૨૦ના ક. ૦૧-૦૦ થી તા. ૨૫/૧૨/૨૦૨૦ના ક. ૨૪-૦૦ વાગ્યા સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ (૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસીસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટ કલમ-૧૩૫(૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૯મી ડિસેમ્બર, ૨૦૨૦ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) કલમ-૧૪૪ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ એકટ સને, ૧૯૫૧ની કલમ-૬૩ (એ) (૨) અન્વયે કાઢેલ.

ક્રમાંક G/ CP/ વિ.શા./ગણવેશ/વેચાણ/૪૯૬૦/૨૦૨૦.-ભૂતકાળમાં પઠાણકોટ, પંજાબ ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન ઉપર આતંકવાદીઓ સૈન્યના ગણવેશ ધારણ કરી હુમલો કરેલ હતો. તેમજ બનાસકાંઠા જિલ્લામાં પણ બે વ્યક્તિઓ સૈન્ય ગણવેશ પહેરી ગેરકાયદેસર રીતે દારૂની હેરાફેરી કરતા પકડાયેલા અને આ સિવાય અગાઉ પણ સૈન્યના ગણવેશમાં આવીને આતંકવાદીઓ દ્વારા હુમલા કરવામાં આવેલ છે.

(૨) રાજ્યમાં વિવિધ શહેર/જિલ્લાઓ ખાતે સૈન્ય તથા અન્ય દળોના ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ થતો હોય છે. આવા વસ્ત્રો ધારણ કરી અસામાજીક તત્ત્વો દ્વારા દેશદ્રોહી/ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે ઉપયોગ થવાનો સંભવ હોય છે. જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે. જેથી આ બાબતે સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં ઘણી ગંભીર પ્રકારની હોઈ, બજારમાં બિન અધિકૃત રીતે વેચાતા તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ(પોશાક) તથા યુનિફોર્મને લગતી અન્ય ચીજ-વસ્તુઓ ઉપર પ્રતિબંધ લાવવો ખુબ જ જરૂરી છે.

(૩) જેથી સૈન્ય તથા સશસ્ત્ર દળોના ગણવેશનો બિનઅધિકૃત રીતે વેચાણ તથા તેના ઉપયોગ બદલ ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ની કલમ-૧૪૦, ૧૭૦ અને ૧૭૧માં જોગવાઈઓ કરવામાં આવેલ છે. જેથી સૈન્ય તેમજ અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ પોલીસ ગણવેશ તથા તેના સાથે સામ્યતા ધરાવતા વસ્ત્રોના વેચાણ, ભાડે, ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી અને અનિવાર્ય હોય, જેથી આ સંબંધેનું જાહેરનામું ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ના નાં.૨) કલમ-૧૪૪ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ-૬૩ (એ) (૨) થી મળેલ સત્તાની રૂએ હું, આર. બી. બ્રહ્મભટ્ટ, આઈ.પી.એસ., પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેર, આથી હુકમ કરૂ છું, વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં સૈન્ય તથા સશસ્ત્ર દળોના ગણવેશ પોલીસ ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ, ભાડે તથા તેનો ઉપયોગ કરવા ઉપર સંબંધિત પોલીસ સ્ટેશનમાં જરૂરી માહિતી આપ્યા સિવાય પ્રતિબંધ ફરમાવું છું.

જેથી સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓના વેચાણ/ભાડે/ઉપયોગ માટે આ સાથે નીચે જણાવેલ કોલમ મુજબની જરૂરી માહિતી જે તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે તેમજ તે અંગેનું રજિસ્ટર વેચાણ કરનાર વ્યક્તિ/સંસ્થાએ નિભાવવાનું રહેશે.

ભાડે/વેચાણ લઈ જનારની વિગત						સાધનોની વિગત		ભાડે/વેચાણ આપ્યાની		ભાડે લઈ જનારની સહિ
અનુ. નં.	ભાડે/વેચાણ લેનારનું નામ, સરનામું	મો. નં.	હેતુ	વિસ્તાર	આઈ. ડી. પ્રુફની વિગત	વિગત	સંખ્યા	તારીખ	સમય	
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧

અમલવારીનો સમય

આ જાહેરનામાનો અમલ તા. ૧૨મી ડિસેમ્બર, ૨૦૨૦ના કલાક ૦૧-૦૦ થી તા. ૨૬મી ડિસેમ્બર, ૨૦૨૦ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

અપવાદ

જે વ્યકિતઓ ભારત સરકારના સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં ફરજ બજાવતાં હોય અને જે તે સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં તેઓને આ પ્રકારના ગણવેશ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે તમામ વ્યકિતઓને આ ગણવેશના ઉપયોગ માટે જાહેરનામામાંથી મુકિત આપવામાં આવે છે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તેમજ ગુજરાત પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ન કલમ-૧૪૩(એ) (૨) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશનરેટમાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો કલમ-૧૮૮ તેમજ જી.પી.એકટ કલમ-૧૪૩ (એ)(૨) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૧૦મી માહે ડિસેમ્બર, ૨૦૨૦ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ -૧૪૪ અન્વયે.

ક્રમાંક G/CP/વિ.શા./મજુર/૪૯૬૨/૨૦૨૦.–ભૂતકાળમાં વડોદરા શહેરમાં બનેલ ઘરફોડ ચોરીના બનાવોની તપાસ કરતા તપાસમાં આવા ગુનાઓ કરનાર (ઘરફોડીયા) પકડાય છે. ત્યારે તપાસમાં આવા ગુના કરવાવાળા આરોપીઓ ગુનાના બનાવના દિવસો અગાઉ વડોદરા શહેરમાં નવા બંધાતા મકાનોમાં, જુદી જુદી ઔદ્યોગિક કંપનીઓમાં, કોર્પોરેશનમાં મજુરીકામ અને ટેલીફોન કંપનીઓ દ્વારા ખોદાતાં ખાડાઓની મજુરી કામ મેળવી અથવા તેના બહાના હેઠળ આવી રોકાણ કરી આજુબાજુની સ્થાનિક પરીસ્થિતીનું સર્વે કરી માહિતગાર થઈ મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ

આચરતા હોય છે. મજુરી કામના બહાના હેઠળ આતંકવાદીઓ પણ આશરો મેળવતા હોય છે. જેથી જનતાના જાન-માલ (મિલકત)ની સલામતી તથા સુરક્ષા માટે નિયંત્રણ મુકવા જરૂરી જણાય છે.

જેથી હું, આર. બી. બ્રહ્મભટ્ટ, I.P.S. પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (C.R.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે અમોને મળેલી સત્તાની રૂએ આથી હુકમ કરૂ છુ કે, વડોદરા શહેરના પોલીસ કમિશનર વિસ્તારમાં લેબર કોન્ટ્રાકટર/મુકાદમ નાઓએ પોતાની પાસે જે મજુર કામે રાખેલ હોય અને મજુરો કામકાજ માટે સપ્લાય કરતા હોય તેઓએ નીચે જણાવેલ ફોર્મ મુજબ દરેક મજુરોના અલગ અલગ ફોર્મ ભરી ફરજીયાત પણે સ્થાનીક પોલીસ સ્ટેશનને દિન-૦૭માં જાણ કરવાની રહેશે તથા મજુરો જ્યારે મજુરી કામ તથા વડોદરા શહેર છોડી જતા રહે ત્યારે લેબર કોન્ટ્રાકટર/મુકાદમે તે અંગેની જાણ નામ/સરનામા સહિતની વિગત સાથે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં દિન-૦૩માં કરવાની રહેશે.

૧.	લેબર કોન્ટ્રાકટર/મુકાદમ (સપ્લાયર)નું પુરૂ નામ, સરનામું મોબાઈલ નંબર સહીત	:–	
૨.	મજુરનું નામ તથા ઉ. વ.	:–	
૩.	મજુરનું હાલનું સરનામું તથા ટેલીફોન નંબર	:–	
૪.	મજૂરનું મુળવતનનું સરનામું ગામ તાલુકો જિલ્લો	:–	
૫.	હાલની મજૂરીનું સ્થળ કંપનીનું નામ	:–	
૬.	મજુરનું વતનનું સ્થાનિક પો.સ્ટે. નું નામ તથા ટેલીફોન નંબર	:–	
૭.	મજુરના વતનના આગેવાનનું નામ, સરનામું તથા ટેલીફોન નંબર	:–	
૮.	મજુર અગાઉ કોઈ પોલીસ ગુનામાં પકડાયેલ હોય તો તેની વિગતો	:–	
૯.	ક્યારથી મુકાદમે/કોન્ટ્રાક્ટરે મજુરી કામ માટે રાખેલ છે ?	:–	
૧૦.	મજુરનું ઓળખ માટેનું I.D પ્રુફ (ફોટા સાથેનું)	:–	
૧૧.	વડોદરા શહેરમાં કઈ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઈ તારીખે જવાનો છે ?	:–	
૧૨.	વડોદરા શહેરમાં નજીકના સંબંધી કોઈ હોય તો તેનું નામ સરનામું	:-	

મજુરનો તાજેતરનો ફોટો ગ્રાફ

મજુરના અંગુઠાનું નિશાન.....

મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટરની સહી.....

નામ.....

આ હુકમ તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૨૦ ના કલાક ૦૧:૦૦ થી તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૨૧ ના કલાક ૨૪:૦૦ સુધી દિન-૬૦ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશનરથી પોલીસ ઈન્સ્પેક્ટર સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ ૧૦મી માહે ડિસેમ્બર-૨૦૨૦ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક G/CP/વિ.શા./સાયકલ સ્કુટર જાહેરનામું/૪૯૬૩/૨૦૨૦.-ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો મુજબ (ભૂતકાળમાં જુદા-જુદા શહેરમાં) આતંકવાદી હુમલાના બનાવો બનવા પામેલ છે, તે જોતાં આવા તત્વો પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આ સાયકલો રાખી બોમ્બ બ્લાસ્ટ કરી ત્રાસવાદી કૃત્યો ને અંજામ આપેલ છે. જેથી સાયકલ/

સ્કુટર ખરીદી માટે ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે સાયકલના વેપારીઓએ કોઈ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચુંટણીકાર્ડ જેવા (દસ્તાવેજી પુરાવા) મેળવી ખરાઈ કરી સાયકલ વેચાણ આપે તેમજ સાયકલ વેચનાર વેપારી બિલમાં સાયકલનો પ્રકાર ચેસીસ નંબર, ગ્રાહકનું પુરૂ નામ અને સરનામું અને ટેલીફોન નંબર સાથેની વિગત બિલમાં દર્શાવવી અને આ અંગે સ્કુટર/સાયકલ વેચાણ કરવા તથા બેટરીથી ચાલતા સ્કુટર કે જેમાં આર.ટી,ઓ.નો પાસીંગ નંબર લેવાનો રહેતો નથી તેવા વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતિ, સલામતિ અને દેશની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં થોડાક સુચનો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, આર. બી. બ્રહ્મભટ્ટ, I.P.S. પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (C.R.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલી સત્તાની રૂએ આથી હુકમ કરૂ છુ કે, વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં સાયકલ વેચનાર તેમજ બેટરીથી ચાલતા સ્કુટર વેચનાર, દુકાનો ધરાવનારા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે-જ્યારે આવા સાયકલ/સ્કુટર વેચવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સુચનાઓનું અવશ્ય પાલન કરવું.

(૧) સાયકલ/સ્કુટર ખરીદનારાને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી.

(૨) વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, ઈલેકશન કાર્ડ, રેશનકાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનુ ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર / પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ/ બેટરીથી ચાલતા સ્કુટર વેચાણકર્તાએ મેળવવાનો રહેશે.

(૩) બીલમાં ખરીદનારનું પુરૂં નામ / સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બીલમાં સાયકલ/સ્કુટરનો ફ્રેમ નંબર/ચેસીસ નંબર અવશ્ય લખવો.

અમલવારીનો પિરિયડ અને વિસ્તાર

આ હુકમનો અમલ તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૨૦ ના કલાક ૦૧:૦૦ થી તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૨૧ના ક. ૨૪-૦૦ વાગ્યા સુધી વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં કરવાનો રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશનરથી પોલીસ ઈન્સ્પેક્ટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૧૦મી માહે ડિસેમ્બર, ૨૦૨૦ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ -૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક : જી/સીપી/વિ.શા./A/હોટલ લોજ બોર્ડિંગ જાહેરનામું/૪૯૬૪/૨૦૨૦.–ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેરોના રહેણાંક વિસ્તારોમાં તથા હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે, માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર જનતાની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશબહારથી આવતા આવા તત્ત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે તથા હોટલ, લોજ, બોર્ડીંગ વિગેરે જગ્યાઓનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિઓનો અંજામ આપતા હોય છે, જેથી ભાડેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી હું આર. બી. બ્રહ્મભટ્ટ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (C.R.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારનાં મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ વિદેશીઓને ભાડેથી આપતા માલિકો કોઈપણ વિદેશી વ્યક્તિને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪-કલાકમાં સબંધીત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઈ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ માલિકો ભાડે આપી શકશે નહીં.

(૧) તેમની હોટલ, લોજ, બોર્ડીંગમાં વિદેશી નાગરિક આવે ત્યારે તેના પાસપોર્ટ, વિઝા અને ભારતમાં આવ્યા અંગેની વિગતો આધારની નકલ સહીતની લેવી.

(૨) વિદેશી નાગરીકના પાસપોર્ટ, વિઝા અને ભારતના સરનામા અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની નકલ મેળવી રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરીકને લગતાં C-ફોર્મ નિયમ મુજબ C-ફોર્મ ફોરેનર્સ રજિસ્ટ્રેશન રૂલ્સ સને-૧૯૩૯ મુજબના નમુના મુજબના ફોર્મમાં ફોરેનર્સ બ્રાન્ચમાં ૨૪-કલાકમાં રિપોર્ટ સહીત રજુ કરાવના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરીકોને હોટલ, લોજ, બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહી.

(૫) વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલીફોન સહીતના નક્કર પુરાવા મેળવવા.

(૬) વડોદરા શહેરમાં કઈ જગ્યાએ ક્યા કામ માટે કોને-કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની સંપુર્ણ વિગત મેળવવી.

(૭) કોઈપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

(૮) હોટલ, લોજ, બોર્ડીંગમાં C.C.T.V. કેમેરાની વ્યવસ્થા રાખવી, C.C.T.V. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ (૦૩) માસ સુધી રાખવાના રહેશે.

(૯) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર રજિસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં નોંધવાનો રહેશે, તદઉપરાંત પર્યટન સ્થળોની જગ્યાએ આવેલ ધાર્મિક સ્થળોએ ધર્મશાળાઓ વિગેરેમાં આ પ્રકારની મુસાફરની સંચાલકોએ જરૂરી ચકાસણી કરી ઉતારો આપવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે, જો પબ્લિક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોયતો તે મુજબ રજિસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

અમલવારીનો પિરિયડ અને વિસ્તાર

આ હુકમ તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૨૦ ના થી તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૨૧ સુધી વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશનરથી પોલીસ ઈન્સપેક્ટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો. કલમ. ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૧૦મી માહે ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક G/CP/વિ.શા./ડ્રોન કેમેરા જાહેરનામું/૪૯૬૫/૨૦૨૦.–વડોદરા શહેર વિસ્તારમાં આવેલ વાઈટલ ઈન્સ્ટોલેશન, આર્મી કેન્ટોનમેન્ટ, એરપોર્ટ, V.V.I.P./V.I.P. રહેઠાણ તેમજ કચેરીઓ, અગત્યની સરકારી કચેરીઓ વગેરે જગ્યાની સુરક્ષા કરવાની જવાબદારી શહેર પોલીસની છે. રિમોટ કંટ્રોલ સંચાલીત કેમેરા લગાડેાલ ડ્રોન અથવા એરિયલ મિસાઈલ, હેલીકોપ્ટર, પેરાકલાઈડર જેવા સંસાધનોની દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગફોડીયા તત્ત્વો ગેરલાભ લઈ વડોદરા શહેરની સુરક્ષાને હાની પહોંચાડે તે શકયતા નકારી શકાય નહીં. તેમજ આ પ્રકારના સંસાધનોથી શહેરમાં આતંક ફેલાવી સુલેહ શાંતિ તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકસાન કરે તેવી શકયતા રહેલી છે.

જેથી હું, આર. બી. બ્રહ્મભટ્ટ, I.P.S., પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેર, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (C.R.P.C.) ૧૯૭૩, (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, રિમોટ કંટ્રોલ સંચાલિત ડ્રોન હેલીકોપ્ટર, એર ક્રાફ્ટ બનાવનાર, ધરાવનાર, વેચનાર, ભાડે આપનાર વ્યકિત/સંસ્થાના સંચાલકોએ જે તે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોતાના વ્યાપાર અંગે રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. તેમજ આ સાધનો કોઈ પણ જાતના કેમેરા લગાવી ચલાવી શકાશે નહીં તેમજ આ સાથે સામેલ પત્રક અનુસારનું રજિસ્ટર પોતાની સંસ્થા ખાતે નિભાવવાનું રહેશે તથા વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં રિમોટ કંટ્રોલ સંચાલીત કેમેરા લગાડેલ ડ્રોન કે રિમોટ સંચાલિત એરિયલ મિસાઈલ, હેલીકોપ્ટર કે પેરાકલાઈડર, રિમોટ કંટ્રોલ માઈક્રો લાઈટ એર ક્રાફ્ટ ચલાવવા અંગે મનાઈ હુકમ કરું છું.

ભાડે / વેચાણ લઈ જનારની વિગત						સાધનોની વિગત		વિગત		ભાડે લઇ જનારની સહિ
અનુ. નં.	ભાડે/વેચાણ લેનારનું નામ,	સરનામું	મો. નં.	હેતુ	વિસ્તાર	વિગત	સંખ્યા	ભાડે આપ્યાની તારીખ	સમય	
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧

અમલવારીનો પિરિયડ અને વિસ્તાર

આ હુકમનો અમલ તા. ૧૨મી ડિસેમ્બર, ૨૦૨૦ ના કલાક ૦૧:૦૦ થી તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૨૧ના કલાક ૨૪-૦૦ સુધી વડોદરા પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં કરવાનો રહેશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશનરેટમાં ફરજ બજાવતાં અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી P.S.I. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે I.P.C કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૧૦મી માહે ડિસેમ્બર, ૨૦૨૦ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક G/CP/વિ.શા./મકાન, દુકાન, ઓફિસ, ઔદ્યોગિક એકમો ભાડા/જાહેરનામું/૪૯૬૬/૨૦૨૦.–ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજિક તત્ત્વો શહેરોના રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિશ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્ત્વો રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં મકાન, દુકાન, ઓફિસ, એકમો ભાડે રાખીને રહેતા હોય છે. તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

જેથી હું, આર. બી. બ્રહ્મભટ્ટ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૧૯૮૨ના નોટીફીકેશન નંબર GG/૪૨૨/C.R.C./૧૦૮૨/M તથા ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ના સંકલીત જાહેરનામા નંબર GG/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં મકાનો / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમોના સંચાલકો અગર તો આ માટે આવા મકાન / દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગિક એકમોના સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમો ભાડે આપેલ છે તેવા મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમોના સંચાલકોએ માહિતી તૈયાર કરી સંબંધીત પોલીસ સ્ટેશન આપવાની રહેશે.

(૨) વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં કોઈ મકાનો / દુકાન / ઓફિસના માલીકો / ઔદ્યોગિક એકમોના સંચાલકો અગરતો આ માટે આવા મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમોના સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન /દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમો હવેથી ભાડે આપે ત્યારે તેઓએ સંબંધીત પોલીસ સ્ટેશનોને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમો ભાડે આપી શકે નહી, હવે પછી મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમો ભાડે આપવાના હોય તેવા મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમોની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે, જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહીતી તૈયાર કરી મકાન / દુકાન / ઓફિસના માલિકો તથા ઔદ્યોગિક એકમોના સંચાલકોએ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ. નં.	વિગત	
૧	મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમના માલીકનું નામ તથા સરનામું, ટેલીફોન નંબર તથા ભાડે આપેલ મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમની વિગત કયા વિસ્તારમાં કેટલા ચો. મી. બાંધકામ.	
૨	મકાન / દુકાન / ઓફિસના માલિકો/ ઔદ્યોગિક એકમ ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું, ટેલીફોન નંબર	
૩	મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમ જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ.	
૪	જે વ્યક્તિને ભાડે આપેલ છે તેનુ પુરૂ નામ હાલનું સરનામું ફોટા સાથે.	
૫	જે વ્યક્તિને ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પુરૂ નામ સરનામા તથા બે થી ત્રણ સગા સબંધીઓના નામ, સરનામા.	
૬	મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમના સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ સરનામું, ટેલી. નં.	
૭	મકાન / દુકાન / ઓફિસના માલિકો / ઔદ્યોગિક એકમ જે ભાડે આપેલ છે. તે લીવ લાયસન્સ ના કરારથી આપેલ છે કે કેમ ? તેની વિગત	

નિયમો

(૧) આ ફોર્મ કાળી સહીવાળી પેનથી ભરવાનું રહેશે.

(૨) આ ફોર્મ સંપૂર્ણ રીતે ભરીને મકાન માલિક અને ભાડુઆતે કલાક ૧૮-૦૦ થી ૧૯-૦૦ સુધી જે તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાનું રહેશે.

(૩) આ ફોર્મ સંપૂર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. એક નકલ જે તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી-સિક્કા સાથે પરત આપશે. જે સાચવી રાખવાની રહેશે.

(૪) તમારી મિલ્કત કોઈના કબજો સુપ્રત કરતા હોય જાત તપાસ કરવી આવશ્યક છે.

(૫) સીંગલ યુવક યુવતીઓને મિલ્કત ભાડે આપો ત્યારે તેના વાલીનાં સંમતિપત્ર મેળવવાનું રહેશે. તે આ સાથે સામેલ કરવું.

(૬) ભાડે રાખનારે તેમનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેકશન કાર્ડ, કંપનીનો લેટરપેડ રજુ કરવાના રહેશે.

(૭) જુના ભાડુઆતો કે જે હાલ ભાડુઆત તરીકે ચાલુ હોય તેમના સંબંધમાં પણ આ ફોર્મ ભરવાનું રહેશે અને તે ભરવાની જવાબદારી ભાડુઆતની રહેશે.

(૮) આ સાથે રૂા. ૧૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રીમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ કોપી સાથે આપવાની રહેશે.

(૯) મિલ્કત ખાલી કરો ત્યારે લેખિતમાં પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

(૧૦) ઘણા કિસ્સામાં ધ્યાન આવેલ છે કે કરાર મુજબ ભાડુઆત ૧૧ માસ બાદ પણ મકાન ખાલી કરતા નથી જેથી કરાર મુજબ ભાડુઆત ૧૧ માસ બાદ જગ્યા/મિલકત ખાલી ન કરે ત્યારે મકાન માલિકે પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની જવાબદારી રહેશે.

(૧૧) બને ત્યાં સુધી આપની મિલ્કત સાક્ષી/એજન્ટ/સંબંધીઓને વચ્ચે રાખી આપવી.

(૧૨) મકાન માલીક અને ભાડુઆતના અંગુઠાનું નિશાન અને સહીઓ પોલીસ સ્ટેશનમાં જવાબદાર અધિકારી રૂબરૂ કરવાનું રહેશે.

એજન્ટનું નામ શ્રી/શ્રીમતી.....

એજન્ટનું સરનામું

ફોન નં. (ઘર).....(ઓફીસ).....(મો. નં.).....

ભાડુઆતના સંબંધીની વિગત અને સરનામું :

(૧)

ફોન નં. (ઘર).....(ઓફીસ).....(મો. નં.).....

(૨)

ફોન નં. (ઘર).....(ઓફીસ).....(મો. નં.).....

ભાડુઆતનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	એકમ, મકાન માલિકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો	સાક્ષીની સહી	પોલીસ સ્ટેશન સહી સિક્કો અને તારીખ
ભાડુઆતની સહી	એકમ, મકાન માલીકની સહી		એજન્ટની સહી

અમલવારીનો સમય

આ હુકમ તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૨૦ ના કલાક ૦૧:૦૦ થી તારીખ ૯મી ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશનરથી પોલીસ ઈન્સ્પેકટર સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ ૧૦મી માહે નવેમ્બર, ૨૦૨૦ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

આર. બી. બ્રહ્મભટ્ટ,
પોલીસ કમિશનર
વડોદરા શહેર, વડોદરા.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ તેમજ ગુજરાત પોલીસ એક્ટની કલમ -૩૩ (૧), ૩૭ (૧) (એફ) અન્વયે.

ક્રમાંક એસ.બી/જાહેરનામું/ધ્વનિ પ્રદૂષણ/૪૯૮૮/૨૦૨૦.-વડોદરા શહેરમાં કોઈપણ પ્રકારની જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતી અને કાયદા પ્રત્યે માન જળવાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહી જાહેરહિતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરૂરી છે.

દરેક માઈક સીસ્ટમવાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમકોર્ટના વખતોવખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવન ના નં. ગુ.પ્રનિબોર્ડ/નોઈસ/યુનિટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/ તા. ૧૪-૫-૨૦૧૦ થી ઘોંઘાટ ઉત્પન્ન કરતા અને નિપજાવતા સ્ત્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો ૨૦૦૦ નું તા. ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા. ૧૧-૧-૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિની પ્રદૂષણ નિયમો, ૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

નોઈઝ સ્ટાન્ડર્ડ

એરીયા કોડ	વિસ્તાર	ડેસીબલ DB(A) Leq	
		સવારના ક.૬-૦૦ થી રાત્રીના ક.૨૨-૦૦	રાત્રીના ક.૨૨-૦૦ થી સવારના ક.૬-૦૦
એ	ઔદ્યોગિક	૭૫	૭૦
બી	વાણિજ્ય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવાના કારણે અને તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે. તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગિક પ્રવૃત્તિ, વાહનોની અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે.

તા. ૧૧-૧-૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આકર્ષક બાબતો નીચે મુજબ છે.

(અ) રાત્રીના સમયગાળામાં રાત્રિના ક.૨૨-૦૦ થી સવારના ક.૬-૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતા બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજિંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નક્કી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર દ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પન્ન થતાં અવાજની માત્રા જેતે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જેતે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

હુકમ

વાસ્તે હું ચિરાગ કોરડીયા, આઈ.પી.એસ., ઈન્ચાર્જ પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮/૧૧/૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ -૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહવિભાગના તા. ૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ.માં થયેલ છે જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનરશ્રી, અધિક પોલીસ કમિશનરશ્રી નાયબ પોલીસ કમિશનરશ્રી અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ) ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે તે અધિકારની રૂએ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) ૩૭(૧) એફ અન્વયે નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો સમય

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં તારીખ ૧૪મી ડિસેમ્બર,૨૦૨૦ ના ક. ૦૧-૦૦ થી તારીખ ૨૮મી ડિસેમ્બર, ૨૦૨૦ના કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી આ હુકમનો અમલ કરવાનો રહેશે.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

પ્રતિબંધિત કૃત્યો

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલિક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર વડોદરા શહેરના પોલીસ કમિશનરની હકુમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાંકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકશે નહીં.

૧. હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહીં.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગાયનોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબીબાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબા જાહેર માર્ગમાં રોકાઈને કરવા નહીં.

૪. ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાન્ડર્ડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાન્ડર્ડ હોવુ જોઈએ તે જોતા ડી. જે. સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનો અને જોગવાઈઓનો ઉલ્લંઘન કરતા હોય તેવુ જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોક્ત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો :

(૧) માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલિકે/ભાગીદારે પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડીસીપીશ્રીને અરજી કરવી પરંતુ એક જ પો. સ્ટે. વિસ્તાર હોય તો તેવા સંજોગોમાં જે તે પો. સ્ટે.ના પો. ઈ.ને અરજી-૭ દિવસ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

(૨) વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોક્ત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

(૩) વડોદરા શહેર પોલીસ કમિશનરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહીં. તેમજ અવાજનું પ્રદૂષણ ફેલાવી શકશે નહી.

(૪) આવી પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યક્તિની તેના ઉપર સહી હોવી જોઈએ.

(૫) આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહીં તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેકબુદ્ધિ અનુસાર આપી શકશે.

(૬) અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોક્ત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

(૭) માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ ઉપરોક્ત અવાજની માત્રા દર્શાવતા શીડ્યુલ પ્રમાણે સવારના ક. ૬-૦૦ થી રાત્રિ કલાક ૨૧-૦૦ સુધી જ થશે.

(૮) અવાજ પ્રદૂષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાત્રીના કલાક ૨૨-૦૦ થી વહેલી સવારના કલાક ૬-૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ / વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

નોંધ :-ઉપરોક્ત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નક્કી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના કલાક ૨૨-૦૦ ના જગ્યાએ કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી મળી શકશે.

(૯) કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ / અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોક્ત જણાવેલ શીડ્યુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે. તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધ :-કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેને અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

(૧૦) મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સિસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

(૧૧) ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશ્નરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં. અથવા ચલાવવો નહી.

(૧૨) માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યક્તિ, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશનર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈપણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મનાઈ કરવાનો હુકમ કરી શકશે.

(૧૩) ફરજ પરનાં પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

આ જાહેરનામાના હુકમનાં ભંગ બદલ ઈ. પી. કો. કલમ-૧૮૮ તથા જી.પી.એકટ કલમ-૧૩૧,૧૩૫ મુજબ ગુનો નોંધી ઉપરોક્ત માલિક, ભાગીદાર, મેનેજર, સંચાલકની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ તથા જી. પી. એક્ટ કલમ-૧૩૧, ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશનેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો. કલમ-૧૮૮ તથા જી.પી. એક્ટ કલમ-૧૩૧, ૧૩૫ મુજબ ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૧૩મી ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

ચિરાગ કોરડીયા,
ઈન્ચાર્જ પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એસ.બી./CCTV કેમેરા જાહેરનામું/૧૩૦/૨૦૨૦.–ભુતકાળમાં કેન્યા ખાતે મોલ ઉપર થયેલ આતંકવાદી હુમલામાં મોટા પાયે જાનમાલની ખુવારી થયેલ જેમાં ગુજરાત સહિત દેશના ઘણા નાગરીકોના અકાળે મૃત્યુ થયેલ. જે અંતર્ગત ગુજરાત સરકારના ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક વિ-૧/ક.અ.વ./૧૦૨૦૧૩/૧૯૧૫૪, તા. ૮મી ઓકટોબર, ૨૦૧૩ થી આપેલ સુચનાનુસાર અને ભુતકાળના બનાવો જેવા કે, સને ૨૦૦૮માં સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના થયેલા પ્રયત્નો, અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તથા ગુજરાતમાં આંતકવાદી હુમલાની સંભાવના અંગે ગુપ્તચર સંસ્થાઓ તરફથી મળતી માહિતી ધ્યાને લેતા સુરત શહેરની સલામતી માટે કેટલાક પગલાં લેવા જરૂરી છે.

સુરત શહેરમાં બહારના રાજ્યોમાંથી તથા દેશ બહારથી આંતકવાદી અને સમાજ વિરોધી તત્ત્વો ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની મોટી સંખ્યામાં અવર-જવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસરની પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી માનવ જીંદગીની ખૂંવારી ન થાય અને લોકોની માલ મિલકતને નુકશાન ન થાય તે માટે તકેદારીના પગલાં રૂપે તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળો વિગેરે જગ્યાઓ ઉપર પુરતા પ્રમાણમાં સી.સી. ટી.વી. કેમેરા લગાડવા તથા લોકોનું ચેકીંગ કરવું જરૂરી જણાય છે.

હુકમ

હું અજયકુમાર તોમર (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર સુરત શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

સુરત શહેરના સમગ્ર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ તમામ બેંકો/ગેર બેન્કીંગ સંસ્થાઓ, ATM સેન્ટરો, સોના ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર/રાખનાર દુકાનદારો તથા શો રૂમ તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, સામાજીક તથા ધાર્મીક પ્રસંગો યોજાતા તમામ પાર્ટી પ્લોટો/અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, જ્યાં બહારના માણસોને રહેવાની સુવિધા પુરી પડાતી હોય તેવા સ્થળો તથા મોબાઈલ ટાવર તથા બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, તથા પેટ્રોલ પંપ, ડીઝલ પંપ તથા ગેસ ફીલીંગ સ્ટેશનોવાળી તમામ જગ્યાઓ, મોટા ધાર્મિક સ્થળોના માલીકો/ઉપભોક્તાઓ/વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશદ્વાર ઉપર પુરતા પ્રમાણમાં તાલીમ પામેલા માણસોને સીક્યુરીટી માટે મેટલ ડીરેક્ટર સાથે ફરજ ઉપર નિયુક્ત કરવાના રહેશે તથા પ્રવેશદ્વાર ઉપર તથા બહાર નિકળવાના દ્વાર, રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યા તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરીલે તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા કરવાની રહેશે. સી.સી.ટી.વી. કેમેરા હાઈડેફીનેશન/નાઈટવિઝન ધરાવતા સીસીટીવી કેમેરા મુકવા/રાખવા (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે. તથા આ સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે. આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપભોક્તાઓ/વહીવટકર્તાઓની રહેશે. સીસીટીવી કેમેરા લગાવવા તથા સીક્યુરીટી ગાર્ડની વ્યવસ્થા હાલ હયાત તમામ ઉપરોક્ત એકમોએ આ જાહેરનામા પ્રસિદ્ધિની તારીખથી દિન-૭માં વ્યવસ્થા ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતા એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ ધંધો શરૂ કરવાનો રહેશે.

સીસીટીવી કેમેરા કેવી રીતે ગોઠવવા તથા સુચનાઓની અમલવારી

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ સંપુર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) દરેક જગ્યાની અંદરના/બહારના ભાગે, બેઝમેન્ટ/ભુતલ પાર્કીંગ એરીયા તથા પ્રવેશતા અને બહાર નિકળતા તમામ માણસો અને વાહનોની અવર-જવરને સ્પષ્ટ રીતે જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ ૨-મેગા પિકસલ (IP) કેમેરા ગોઠવવા.

(૪) શોપીંગ કોમ્પલેક્ષને મોલના માલીક/સંચાલકોએ તેની તમામ બાજુએ આવેલા સામેના જાહેર રોડ પરથી અવર જવારનું રેકોર્ડીંગ થઈ શકે તે પ્રમાણેના ૨-મેગા પિકસલ (IP) CCTV કેમેરા લગાવવાના રહેશે.

(૫) મોબાઈલના તમામ ટાવરો પાસે બિલ્ડીંગના ટેરેસ ઉપર ૨-મેગા પિકસલ (IP) CCTV કેમેરા લગાડવો.

(૬) તમામ પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૭) રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપુર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૮) મોલના એન્ટ્રીગેટના વિસ્તારમાં તેમજ EXIT ગેટ અને પાછળના વિસ્તારમાં પણ દરેક ગેટ પર ૨-મેગા પિકસલ (IP) CCTV કેમેરા સહીતની યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૯) મોલની અંદર દાખલ થતા વાહનો (મોટર સાયકલ/ફોર વ્હીલર) વિગેરેનું ચેકીંગ કરવામાં આવે. પરંતુ આ પ્રકારના વાહનોની અંદર બેસેલ વ્યક્તિઓનું ચેકીંગ પણ સંપુર્ણ પણે કરાવવું જરૂરી છે.

(૧૦) મોલની માલિકી બદલાતી રહેતી હોય છે. આથી જ્યારે જ્યારે મોલની માલિકી બદલાય ત્યારે નવા તેમજ માલિકી ફેરબદલી અંગેની જાણ સંબંધીત પોલીસ સ્ટેશનના પો.ઈ. શ્રીને કરવાની રહેશે. ઉપરાંત મોલમાં આવતા સામાનનું પણ ચુકીંગ થવું જરૂરી છે. મોલમાં કોઈ કાયદાની પ્રતિબંધિત માલસામાન, સ્ફોટક પદાર્થો આવી જતા નથી. તેનું નિરીક્ષણ થવું પણ જરૂરી છે. જે અંગેની કાળજી અને જરૂરી વ્યવસ્થાની સંચાલકોએ કરવાની રહેશે.

(૧૧) મોલમા મોલં માલીકના ખર્ચે ખાનગી સીક્યુરીટી રાખવી અનિવાર્ય રહેશે. તેઓ સીક્યુરીટી ચેકના નિયમોથી માહીતગાર હોવા જોઈએ. આ અંગે તાલીમબધ્ધ થયેલ હોવા જોઈએ. મોલની ૨૪ × ૭ કલાક જાળવવામાં આવે તે જોવાનું રહેશે. મોલની મુલાકાત લેતી તમામ વ્યક્તિઓના લગેજ ચેકીંગની જવાબદારી સંપુર્ણ પણે મોલના માલીકોની રહેશે. મોલમાં સ્ફોટક પદાર્થો ન આવે તે અંગેની વ્યવસ્થા કરવાની રહેશે તેમજ મોલના ચેકીંગ સલામતી વ્યવસ્થા સ્નીફર ડોગ મારફતે ઉભી કરવાની રહેશે.

(૧૨) રાત્રીના સમયે સી.સી.ટી.વી. કેમેરાનું રેકોર્ડીંગ સ્પષ્ટ રીતે દેખી શકાય તે રીતેના નાઈટ વિઝન અથવા આઈ.આર. હાઈડેફિનેશન કેમેરા લગાવવાના રહેશે અને જરૂરી પ્રકારની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૩) સી.સી.ટી.વી. કેમેરાનું આઉટપુટ ડીસપ્લે (મોનીટર) અને ડી.વી.આર. જ્યારે પણ અધિકૃત અધિકારી ચેક કરવા માંગતા હોય ત્યારે તે સરળતાથી જોઈ શકે તેમાટે જાણકાર ટેકનીશીયન સ્થળ ઉપર અથવા ટેલિફોન સંપર્ક ઉપર હાજર મળે તે રીતેની વ્યવસ્થા રાખવાની રહેશે.

અમલવારીનો સમય

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા. ૩જી ઓક્ટોબર, ૨૦૨૦ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૨૦ ના કલાક ૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામામો ભંગ કરનાર ઈસમો સામે ઈ. પી. કો. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨જી ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક એસ.બી./ટેક્ષટાઈલ માર્કેટ અંગે/૧૭૧/૨૦૨૦.—સુરત શહેરમાં ટેક્ષટાઈલ માર્કેટમાંથી ચારી, પાર્સલ ચોરી, ટ્રાન્સપાર્ટર દ્વારા વિશ્વાસઘાત, છેતરપીંડીના બનાવો બને છે. કપડાના વેપારીના ઓછાયા તળે કેટલાક ઠગો ખોટી ઓળખ ધારણ કરી, વેપારી રૂપે ગોઠવાઈ જઈ, વિવર્સ વેપારી એમ્બ્રોડરી કરી કે કાપડની મુલ્યવૃધ્ધીના વ્યવસાયકારોનો વિશ્વાસ કેળવી મોટા ભાગે કાવતરૂ રટી ઠગાઈઓ કરે છે. તેના વ્યાપક પ્રત્યાઘાત ભોગ બનનાર વેપારી આલમમાં પડે છે. જે સામુહિક રીતે કાયદો અને વ્યવસ્થા ખોરવવાના બનાવરૂપે તેમજ વ્યક્તિગત રીતે ઘોર નિરાશા સાથે આત્મહત્યાના બનાવ કે વ્યાપારીઓના વિશ્વાસ ભંગ કરતા બનાવમાં વધારા રૂપે શહેરના ટેક્ષટાઈલ વ્યાપારના માહોલને દુષિત કરે છે. આ બાબતથી ચિંતિત અનેક વેપારી સંગઠનોએ ટેક્ષટાઈલ માર્કેટમાં ગેરરીતી અટકાવવા તેઓના પ્રયાસોને કાનુની બળ આપવા અને પ્રત્યક્ષ પોલીસ મદદ આપવા વારંવાર રજુઆતો પણ કરેલ છે. આ બદીના નિવારણ માટે આ ક્ષેત્રમાં કામ કરતા કારીગર અને મજુરો, વેપારીઓ, કાપડના વિવિધ પ્રકારના દલાલો, ટ્રાન્સપોર્ટ વ્યવસાય સાથે સંકળાયેલ ઈસમો, દુકાન-ગોડાઉન-મકાન ભાડે અપાવતા એસ્ટેટ બ્રોકર્સ વિગેરેની ઓળખ નિયત કરવા ભાડે થી દુકાન મેળવનાર વેપારી પર સતેજ નજર રાખવા તેઓની વ્યવસાયની રીતે ગુનાઓની તપાસ વખતે મદદરૂપ થાય તે રીતે ગોઠવવા અને આ સબંધે પોલીસ ઉપરાંત માર્કેટ એસોસીએશન, દલાલ એસોસીએશન, ટ્રાન્સપોર્ટ એસોસીએશન પણ વ્યવસાયની ગરિમા અને વેપારી હીતોના રક્ષણ કરવા વિવિધ રેકર્ડ જાળવવા અને નીતિમત્તા આધારિત રીતભાતો નક્કી કરી વેપારની ગરિમા જાળવવા સહભાગી બને તે માટે તેમ વિધિ ટ્રેડર્સને/ફેડરેશનને કાનુની બળ પુરૂ પાડવું જરૂરી સમજી અમુક નિર્દેષો તત્કાલ જારી કરવા હું આવશ્યક સમજું છું.

હુકમ

હું અજય કુમાર તોમર (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર સુરત શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) ટેક્ષટાઈલ વેપાર ક્ષેત્રે સંકળાયેલ તમામ વેપારી પેઢીઓ અને દુકાનદારોએ પોતાની વિગત આ પેટામાં સામેલ સ્થાનિક પોલીસ સ્ટેશન પરિશિષ્ટ-૧ના ફોર્મ સ્વરૂપે સ્થાનિક પોલીસ સ્ટેશનના જે તે માર્કેટના એસોસીએશન કચેરી અને ફેડરેશન ઓફ સુરત ટેક્ષટાઈલ ટ્રેડર્સ એસોસીએશન સમક્ષ રજુ કરવાનું રહેશે.

(૨) ટેક્ષટાઈલ વેપાર ક્ષેત્રે સંકળાયેલ તમામ પ્રકારના દલાલો (Brokers) દા.ત. ગ્રે કાપડ દલાલ, ફીનીશ કાપડ દલાલ એમ્બોઈડરી દલાલ, યાર્ન દલાલ વિગેરે અને દુકાન મિલકત ભાડે આપનાર દલાલોએ પોતાની સંપૂર્ણ વિગત આ પેટામાં સામેલ પરિશિષ્ટ-૨ના ફોર્મ સ્વરૂપે સ્થાનિક પોલીસ સ્ટેશન, સંબંધિત દલાલ એસોસીએશન અને ફેડરેશન ઓફ સુરત ટેક્ષટાઈલ ટેડ્રર્સ ઓસોસીએશન (FOSTTA) સમક્ષ રજુ કરવાનું રહેશે. દરેક દલાલ માટે પોલીસ દ્વારા વેરીફીકેશન પણ કરવાનું રહેશે.

(૩) દુકાન, મિલ્કત ભાડે આપનાર દલાલોએ મિલકતના માલિકી હક્કોની અને માલીકોની ખરાઇ કર્યા બાદ તેમજ તે ભાડે લેવા ઇચ્છતી પેઢી કે વેપારી ની વિગતની સંપૂર્ણ ચકાસણી કરી પેટામાં સામેલ પરિશિષ્ટ-૩ મુજબના ફોર્મની વિગત ભરી ભાડે લેનારની ઓળખ આપનાર અને સંદર્ભની પરસ્પર ખરાઇ કર્યા બાદ આ ફોર્મની એક નકલ પોતે જાળવવાની રહેશે. તેમજ એક નકલ સ્થાનિક પોલીસ સ્ટેશન, ફેડ્રેશન ઓફ સુરત ટેક્ષટાઈલ ટેડર્સ એસોસીએશન સમક્ષ રજુ કરવાનું રહેશે. આ મિલકત ભાડા કરાર ફરજિયાત પણે નોંધાયેલ હોવા જોઈશે અને ભાડાની ચુકવણી ચેકથી કરવાની રહેશે ટેક્ષટાઈલ વેપાર માટે દુકાન ભાડે લેનાર વેપારીની ઓળખ અને સંદર્ભ બે સ્વતંત્ર અને બે વર્ષ ટેક્ષટાઈલક્ષેત્ર સાથે સંકળાયેલ વેપારી કે ઉત્પાદક દ્વારા જ આપવાની રહેશે.

(૪) દરેક બિલ્ડર કે ડેવલેપરે પોતાની માર્કેટ કે બિઝનેશ હાઉસમાંની દુકાન/ઓફિસ વેચતી વખતે ખરીદનારની ઓળખની ખાત્રી કરવાની રહેશે. તેમજ મિલકત ખરીદનારની સંપૂર્ણ વિગત સબંધિત માર્કેટ/બેઝીનેશ હાઉસની જાળવણી કરતા એસોસીએશન ઉપલબ્ધ કરવાની રહેશે. દરેક માર્કેટ એસોસીએશન તે માર્કેટના બિલ્ડીંગ યુઝ સર્ટીફીકેટ મેળવ્યાની સ્થિતીએ અને તે પછી તેમાં અધિકૃત કે બિનઅધિકૃત ફેરફાર કરી ઉમેરેલ દુકાનો-ઓફીસો માટે તેના માલીક અને ભાડુઆતો સંબંધે સંપૂર્ણ રેકર્ડ જાળવવાનું રહેશે. તેમજ વખતો વખત અપડેટ કરવાનું રહેશે.

(૫) ટેક્ષટાઈલ વ્યાપારક્ષેત્રે કામ કરતી તમામ પેઢીઓએ પોતાના તમામ કર્મચારીઓની વિગત જાળવી દરેક કર્મચારીની બાયોમેટ્રીક વિગત અને ફોટા સાથેનું ઓળખકાર્ડ આપવાનું રહેશે. આ ઓખળકાર્ડ સંબંધિત કર્મચારીનું બ્લડગૃપ અને પેઢીના જનસંપર્ક વિભાગનો મોબાઈલ નંબર આપેલ હોવો જોઈશે. ઓળખકાર્ડ સંબધિત એકમ/માર્કેટની સલામતી વ્યવસ્થા અને ઉપકરણોને અનુરૂપ હોવું જોઈશે ટેક્ષટાઈલના વિવિધક્ષેત્રે કાર્યરત દલાલો માટેનું ઓળખકાર્ડ સંબંધિત દલાલ એસોસીએશન (FOSTTA) દ્વારા પ્રમાણીત કરેલું હોવું જોઈએ. દરેક માર્કેટ એસોસિએશન અને વેપારી ગૃહ કે એક થી વધુ વેપારી પેઢી સમાવિષ્ટ કરતા બિલ્ડીંગની વ્યવસ્થા સંભાળનાર મંડળે તે માર્કેટ/બિલ્ડીંગમાં અને સલામતી વ્યવસ્થા સંભાળતા કર્મચારીઓ, માર્કેટ જાળવણીનું કામ કરતી એજન્સીના અધિકૃત વ્યક્તિઓ તેમજ મજૂર કે હમાલોને ફોટો ઓળખપત્ર જારી કરવાના રહેશે. આ તમામ ઓળખપત્રો અધ્યતન ટેકનોલોજી યુક્ત સલામતિ વ્યવસ્થા ઉપકરણોને અનુરૂપ અને ઓળખપત્ર ધારકની બાયોમેટ્રીક વિગત સાથેના હોવા જોઈશે.

અમલવારીનો સમય

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા. ૩જી ઓક્ટોબર, ૨૦૨૦ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૨૦ ના કલાક ૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ આસિટન્ટ સબ ઈન્સપેક્ટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ ૩જી ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

વંચાણે લીધાં:

(૧) ગૃહ મંત્રાલય ભારત સરકારના હુકમ નં. 40-3/2020-DM-I(A) તા. ૩૦/૦૯/૨૦૨૦ તથા

(૨) ગુજરાત સરકારના હુકમ ક્રમાંકઃ જીજી/૬૫/૨૦૨૦/ વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા. ૦૧/૧૦/૨૦૨૦ના આધારે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને, ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંકઃએસ.બી./કોરોનાવાયરસ/૧૭૨/૨૦૨૦.–સમગ્ર દેશમાં COVID-19 ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ-૨૦૦૫ થી મળેલ સત્તા અન્વયે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા. ૨૪-૦૩-૨૦૨૦ના હુકમ ક્રમાંક 40-3/2020-DM-I(A) થી સમગ્ર દેશમાં તા. ૨૫-૦૩-૨૦૨૦ થી ૨૧ દિવસ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકુફ રાખવામાં આવેલ ત્યારબાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના વખતો વખતના હુકમથી આ અવધિ તા. ૩૦-૦૯-૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ.

વાસ્તે, હું અજયકુમાર તોમર (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ ન્યે મળેલ સત્તાની રૂએ તા. ૦૨/૧૦/૨૦૨૦ ના કલાક ૦૦/૦૦ વાગ્યાથી તા. ૩૧/૧૦/૨૦૨૦ ના કલાક ૨૪/૦૦ વાગ્યા સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરીને નીચે મુજબ હુકમ કરૂ છું.

હુકમ

તા. ૩૧/૧૦/૨૦૨૦ સુધી કન્ટેઈનમેન્ટ ઝોન/માઈક્રો કન્ટેઈનમેન્ટ ઝોનમાં લોકડાઉન યથાવત રહેશે.

અ.નં.	પ્રવૃત્તિઓ	કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તાર માટે
૧	સીનેમા હોલ, થિયેટર, મલ્ટીપ્લેક્ષ	હા, તા. ૧૫મી ઓક્ટોબર ૨૦૨૦ થી ૫૦% ક્ષમતા સાથે રાજ્ય સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા ભારત સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા જે એસ.ઓ.પી જાહેર કરવામાં આવશે. તે મુજબ સુચનાઓ જાહેર કરવામાં આવશે.
૨	મનોરંજન પાર્ક અને તેના સમાન સ્થળ	હા, ૧૫ મી ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ આ સંદર્ભના ભારત સરકારના આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય દ્વારા જે એસ.ઓ.પી. જાહેર કરવામાં આવશે, તે મુજબ સુચનાઓ જાહેર કરવામાં આવશે.
૩	સ્વીમીંગ પુલ	હા, ૧૫ મી ઓક્ટોબર, ૨૦૨૦ થી ફક્ત રમત ગમતની તાલીમના હેતુ માટે રાજ્ય સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા ભારત સરકારના યુવા અને રમત ગમત બાબતોના મંત્રાલય દ્વારા જે એસ.ઓ.પી. ની જાહેર કરવામાં આવશે. તે મુજબ સુચનાઓ જાહેર કરવામાં આવશે.
૪	વ્યાપારથી વ્યાપાર પ્રદર્શન	હા, ૧૫ મી ઓક્ટોબર, ૨૦૨૦ થી આ સંદર્ભે રાજ્ય સરકારના ઉદ્યોગો અને ખાણ વિભાગ દ્વારા ભારત સરકારના વાણીજ્ય વિભાગ જે એસ.ઓ.પી.ની જાહેર કરવામાં આવશે. તે મુજબ સુચનાઓ જાહેર કરવામાં આવશે.
૫	પાર્ક અને બગીચાઓ	હા.
૬	બધા ધાર્મિક સ્થળો	હા, રાજ્ય સરકારના આદેશથી તા. ૦૭ જુન ૨૦૨૦ ના રોજ, ભારત સરકારના આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય દ્વારા તા. ૦૮ જુન ૨૦૨૦ થી જારી કરવામાં આવેલી એસ.ઓ.પી મુજબ
૭	હોટલો અને રેસ્ટોરન્ટો	હા, ભારત સરકારના આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં તા. ૮ જુન ૨૦૨૦ થી જે એસ.ઓ.પી.ની લાગુ પાડવામાં આવેલ તે મુજબ ક. ૨૩:૦૦ સુધી ખુલ્લા રહેશે. Take-away (પાર્સલ સુવિધા) માટે કોઈ સમય મર્યાદા રહેશે નહી.
૮	શોપીંગ મોલ	હા, ભારત સરકારના આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય દ્વારા તા. ૦૮ જુન ૨૦૨૦ થી જે એસ.ઓ.પી. જાહેર કરવામાં આવેલ તે મુજબ.
૯	શોપ્સ (દુકાનો)	હા, કોઈ સમય મર્યાદા નથી.
૧૦	લાયબ્રેરી	હા, ૬૦% ની ક્ષમતા સાથે.
૧૧	GSRTC બસ સેવાઓ/શહેરી બસ સેવાઓ/ખાનગી બસ સેવાઓ	હા, ૭૫% ની ક્ષમતા સાથે.
૧૨	મેટ્રો રેલ સેવા	હા, ભારત સરકારના Ministry of Housing and Urban Affairs, Government of India દ્વારા જારી કરવામાં આવેલ એસ.ઓ.પી. મુજબ.
૧૩	ઓટો રીક્ષાઓ	હા. (એક ડ્રાઈવર + બે પેસેન્જર) માસ્ક સાથે
૧૪	કેબ. ટેક્ષીઓ, કેબ એગ્રીગેટર	હા. (એક ડ્રાઈવર + ત્રણ પેસેન્જર, જો બેઠક ક્ષમતા ૬ અથવા વધારે હોય તો એક ડ્રાઈવર + ચાર લોકોને પરવાનગી આપવામાં આવશે.) માસ્ક સાથે

અ.નં.	પ્રવૃત્તિઓ	કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તાર માટે
૧૫	ફેમીલી ઉપયોગના માટેના ખાનગી વાહનો	હા, (એક ડ્રાઈવર + ત્રણ વ્યક્તિઓ) માસ્ક સાથે
૧૬	દ્વીચક્રીય વાહનો	હા (૧ + ૧) માસ્ક સાથે.

૧. સામાજિક, શૈક્ષણિક, રમતગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ધાર્મિક / રાજકીય સમારોહ તથા Other congregation માં તા. ૧-૦૯-૨૦૨૦ ના જાહેરનામાથી નિયત કરવામાં આવેલ ૧૦૦ વ્યક્તિઓની મર્યાદા તા. ૧૫.૧૦.૨૦૨૦ સુધી યથાવત રહેશે. ઉપરોક્ત બાબતો અંગે તા. ૧૫.૧૦.૨૦૨૦ પછીની માર્ગદર્શિકાઓ ગૃહ વિભાગ દ્વારા પાડવામાં આવશે.

૨. રાજ્યમાં શાળા, Coaching સંસ્થાઓ તા. ૧૫.૧૦.૨૦૨૦ બાદ ક્રમશઃ પુનઃ શરૂ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવશે. જે અંગે શિક્ષણ વિભાગ દ્વારા Department of School Education and Literacy (DoSEL), Ministry of Education, Government of India દ્વારા બહાર પાડવામાં આવનાર SOP ને ધ્યાને લઈ સ્થાનિક પરિસ્થિતિને લક્ષમાં લઈ વિગતવાર SOP/Instruction જાહેર કરવામાં આવશે.

૩. Department of Higher Education (DHE), Ministry of Education, કેન્દ્રીય ગૃહ મંત્રાલયના પરામર્શમાં સ્થિતીની સમીક્ષા કરીને કોલેજો/ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ શરૂ કરવાના સમય અંગે નિર્ણય લેશે.

૪. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના વખતો-વખતના હુકમથી આપવામાં આવેલ આદેશો તથા માર્ગદર્શક સુચનાઓ આખરી રહેશે, અને તેનો તમામે ચુસ્ત રીતે અમલ કરવાનો રહેશે.

૫. આ જાહેરનામાનું અસરકારક અમલીકરણ તમામે કરવાનું રહેશે.

૬. કેન્દ્ર સરકારના હુકમ સાથેના Annexure-I માં જણાવવામાં આવેલ The National Directives for COVID-19 નું તમામ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. જાહેરમાં થૂંકવા તથા જાહેરમાં યોગ્ય રીતે ચહેરો ન ઢાંકવા બદલ રાજ્ય સરકાર દ્વારા વખતો વખતના હુકમથી નિયત કરવામાં આવેલ દંડને પાત્ર રહેશે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલય તથા ગુજરાત સરકારના વખતો વખતના હુકમોથી આપવામાં આવેલ આદેશો તથા માર્ગદર્શક સુચનાઓ આખરી રહેશે અને તમામે ચુસ્ત રીતે અમલ કરવાનો રહેશે.

વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

અમલવારી

તા. ૨/૧૦/૨૦૨૦ના ક. ૦૦/૦૦ વાગ્યાથી તા. ૩૧/૧૦/૨૦૨૦ના ક. ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act-2005 મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કનિશનરેટમાં ફરજ બજાવતા અનામ આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act-2005 મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૧લી ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૩૩(૧) ''બી'' હેઠળ.

ક્રમાંકઃએસ.બી./ટ્રાફીક-ઓટો રીક્ષા-ટેક્ષી કેબ/૧૭૩/૨૦૨૦.–સુરત શહેરમાં કેટલાક રિક્ષા/ટેક્ષી કેબના માલિકો પોતાની રીક્ષાઓ/ટેક્ષી કેબ ચલાવવા માટે જ્યારે ભાડેથી આપે છે ત્યારે ભાડે રાખનાર ઈસમની વ્યક્તિગત કાયમી ઓળખાણ કે તે ડ્રાઈવીંગ લાયસન્સ અને બેઝ ધરાવે છે કે કેમ? તેની ખરાઈ, તેના ચારિત્ર્યની ખરાઈ કર્યા વિના તેમજ કયા દિવસે કોને રીક્ષા/ટેક્ષી કેબ ભાડે આપેલ ? તેનું રેકર્ડ જાળવ્યા વિના પોતાની રીક્ષાઓ/ટેક્ષી કેબ અજાણ્યા ડ્રાઈવરોને ભરોસા આધારે રીક્ષા/ટેક્ષી કેબ ભાડે આપવાનો ધંધો કરે છે.

આ સ્થિતિનો ગેરલાભ લઈ ગુનાહીત માનસ ધરાવતા ઈસમો કે જેઓની પાસે ડ્રાઈવીંગ લાયસન્સ અને રીક્ષા/ટેક્ષી કેબ ચાલક બેઝ 'ન' હોય તેમજ ભાંગફોડ કે ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હોય, તેવા અજાણ્યા ઈસમો જાહેર-વ્યવસ્થા કે મુસાફરની સલામતીને સ્પર્શતા ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપી શકે છે. આ પ્રકારની રિક્ષાઓ/ટેક્ષી કેબ ભાડે મેળવી ગુનેગાર-તત્વો દ્વારા તેનો શટલ રિક્ષા/ટેક્ષી કેબ તરીકે ઉપયોગ કરી મુસાફરને ગંભીર ઈજા સાથે લૂંટી કે કાવતરાના ભાગરૂપે શટલ સ્વરૂપે રિક્ષા/ટેક્ષી કેબ ચલાવતી વખતે રીક્ષા/ટેક્ષી કેબમાં ચાલક સિવાયના સહમતદારો મુસાફરના સ્વાંગમાં અગાઉથી બેસી વાહનામાં વધારે પેસેન્જર સ્વરૂપે ભીડ ઉભી કરી નિર્દેષ મુસાફરના સામાનમાંથી કે અંગ પરથી કીમતી દાગીના તેમજ રોકડની ચોરી કરી, તેમજ ભરોસો કેળવી કેફી પદાર્થ પીવડાવી દઈ લૂંટી લેવો વિગેરે પ્રકારના ગુના આચરતાનું રેકર્ડ પર નોંધાયેલ છે. આ પ્રકારે સરળતાથી ઉપલબ્ધ થતાં વાહનોનો ઉપયોગ કેફી દ્રવ્યો, દારૂની હેરાફેરી કે સુગઠીત ગુનાખોરી માટે પણ થઈ શકે છે. ગુનાહિત માનસ ધરાવનાર ઈસમો કે સુગઠીત ગુનાખોરી આચરનાર આ પ્રકારે રીક્ષાઓ/ટેક્ષી કેબ ભાડે આપનારનો સાધારણ વિશ્વાસ કેળવી કે પોતાની ઓળખ માટેનું ખોટું રેકર્ડ ઉભુ કરી રીક્ષા/ટેક્ષી કેબ ભાડે મેળવી ત્રાસવાદી કે ભાંગફોડની ગતિવિધી માટે વિસ્તારનો સર્વે કરી, આજ વાહનમાં સ્ફોટક-પદાર્થોની હેરાફેરી કરી ભીડવાળાં વિસ્તાર સહિત કોઈપણ સ્થળે સ્ફોટક પદાર્થ મુકી ગંભીર પ્રકારના આતંકી હુમલાને પણ આખરી સ્વરૂપ આપી શકે છે. આ શક્યતા ધ્યાનમાં લઈ આ રીતે રીક્ષા/ટેક્ષી કેબ ભાડે આપવાની પ્રવૃત્તિ પર વ્યાજબી નિયંત્રણ મૂકવા જાહેર સલામતીની દ્રષ્ટીએ અતિ આવશ્યક જણાય છે.

આ પ્રકારના ગુનાઓથી આમ-જનતા અને મુસાફરોમાં ભય, ત્રાસ અને અસલામતીની ભાવના પેદા થાય છે. પોલીસ દ્વારા આ પ્રકારના ગુના શોધવા આ પ્રકારના વાહન ચાલકો સામે પગલા લેવામાં આવતા હોવા છતા આ પ્રવૃત્તિનો વ્યાપ વધારે હોઈ સામાન્ય અટકાયતી પગલાં ઉપરાંત નિવારત્મક વિશિષ્ટ કાર્યવાહીની જરૂરીયાત જણાય છે.

વળી, હાલમાં શહેરના માર્ગો પર મુખ્ય અડચણોના કારણોમાં ભાડે રિક્ષા/ટેક્ષી કેબ મેળવી તેનો શટલ રીક્ષા/ટેક્ષી કેબ રૂપે ઉપયોગ કરી આવા ચાલકોની રોડ પર મનસ્વી રીતે અડચણ કે અવરોધરૂપ વર્તણૂંક મુખ્ય જણાઈ છે. તદઉપરાંત, આ પ્રકારના ભાડાના વાહનો ચલાવનાર પોતે લાયસન્સ ધરાવતા 'ન' હોવાથી અકસ્માત કરી ભોગ બનનાર મુસાફર કે રાહદારીની દરકાર કર્યા વિના નાસી જવાની મનોવૃત્તિ ધરાવે છે. વાહનની ભીડ, સ્થળ પર ઉપસ્થિત સાહેદો કે રાહદારીની ઉપેક્ષા વૃત્તિ અને દરેક સ્થળે પોલીસની હાજરી 'ન' હોવાની સ્થિતિનો લાભ લઈ નાસી જવામાં સફળ રહેતા હોય છે. જેનાથી કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો પણ ઉભા થઈ શકે છે. આવા ભાડે આપવા માટે રાખેલ વાહનના માલીકો પાસે તેને પાર્ક કરવા માટેની જગ્યા પણ હોતી નથી અને તેથી આ વાહનો જાહેર માર્ગ પર પાર્ક થવાને લીધે ટ્રાફીકમાં અવરોધ સાથે જાહેર વ્યવસ્થા પણ ખોરવાય છે. આમ આ સમગ્ર બાબત ધ્યાન પર લઈ સુરત શહેર વિસ્તારમાં ભાડે આપવામાં આવતી ઓટો રીક્ષા/ટેક્ષી કેબ કાયદાની જોગવાઈથી નિયત કરવા ઉપરાંત તે અંગે વ્યાજબી નિયંત્રણો મૂકવા જરૂરી સમજુ છું.

વાસ્તે, હું અજયકુમાર તોમર (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ-૩૩(૧) '' બી અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, સુરત શહેરની હદમાં ઓટો રીક્ષા/ટેક્ષી કેબના માલિકોએ પોતાનું વાહન ભાડે આપતી વખતે ભાડે આપનાર વ્યક્તિઓની સંપૂર્ણ માહિતી નીચે દર્શાવેલ શરતોનું સંપૂર્ણ પાલન કર્યા વિના કોઈપણ વ્યક્તિને કોઈપણ સ્વરૂપે ઓટોરીક્ષા/ટેક્ષી કેબ વાહન ભાડે આપી શકશે નહી.

હુકમ

૧. ઓટો રિક્ષા/ટેક્ષી કેબ ભાડે આપનાર વ્યક્તિએ પોતાની ઓટોરીક્ષા/ટેક્ષી કેબ ભાડે લેનાર વ્યક્તિના ફોટો તથા ઓળખપત્ર (આઈ.ડી.પ્રુફ) સાથેની સંપૂર્ણ વિગત મેળવ્યા પછી અને વાહન ભાડે લેનારના ચારિત્ર્યની ખરાઈ કરાવ્યા પછી જ તેને વાહન ભાડે આપી શકશે. રિક્ષા/ટેક્ષી કેબ ભાડે આપનાર માલિક જ્યારે ભાડે આપે ત્યારે વાહન માલિકે જ્યાં રહેતા હોય, ત્યાંના સ્થાનિક પોલીસ સ્ટેશનને નીચે જણાવેલ ફોરમેટ મુજબની લેખિત વિગતવારની માહિતી જે-તે સસ્થાનિક પોલીસ સ્ટેશનને આપવાની રહેશે. આ ફોર્મેટ મુજબનું એક રજિસ્ટર ઓટો રીક્ષા/ટેક્ષી કેબના માલિકે પોતાની ઓટો રીક્ષા/ટેક્ષી કેબમાં જ તમામ વિગતો અદ્યતન રાખી પો. સ્ટે. અમલદારશ્રીના સહી સિક્કા કરાવી રાખવાનું રહેશે અને કોઈ પણ પોલીસ અધિકારી/કર્મચારી દ્વારા માંગવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે.

અ.નં.	ઓટોરિક્ષા/ટેક્ષી કેબ માલિકનું નામ અને સરનામું	ઓટોરિક્ષા/ટેક્ષી કેબ ભાડે આપ્યા તારીખ	ઓટોરિક્ષા/ટેક્ષી કેબ ચલાવનાર (ડ્રાઈવર) નું નામ, સરનામું (ઓળખ પ્રસ્થાપિત કરતા દસ્તાવેજની નકલ ફાઈલમાં જાળવવાની રહેશે)	ડ્રાઈવરનો તાજો ફોટો, લાયસન્સ, બેઝની વિગત	થાણા અમલદારની સહી તથા સિક્કો
૧	૨	૩	૪	૫	૬

૨. આ પ્રકારે ઓટો રીક્ષા/ટેક્ષી કેબનાં માલિકે વાહનમાં પેસેન્જર બેસવાની જગ્યાથી નજર સામે સ્પષ્ટ દેખાય તે રીતે રિક્ષા/ટેક્ષી કેબ ની અંદરના ભાગે ૧૬ ઈંચ × ૧૨ ઈંચની સાઈઝમાં બોર્ડમાં રિક્ષા/ટેક્ષી કેબનો રજિસ્ટ્રેશન નંબર અંગ્રેજી ભાષામાં ફરજીયાત લખાવી લગાવવાનું રહેશે. જે રજિસ્ટ્રેશન નંબરના દરેક ફોન્ટની સાઈઝ ૫૦ ×૧૫ m.m (મીલીમીટર)ની રાખવાની રહેશે અને રજિસ્ટ્રેશન નંબર વચ્ચેની જગ્યા (સ્પેશ)૮ m.m (મીલીમીટર) ની રાખવાની રહેશે.

૩. આ પ્રકારે ઓટો રિક્ષા/ટેક્ષી કેબ ભાડે આપનાર માલિકે પોતે જાળવેલ રજિસ્ટરનો ઉતારો દર મહીનાની પાંચ તારીખ સુધીમાં સ્થાનિક પોલીસ સ્ટેશન મારફતે ટ્રાફીક શાખાની કચેરીને મોકલવાનો રહેશે.

અમલવારીનો સમય

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તારીખ ૪થી ઓક્ટોબર, ૨૦૨૦ના કલાક ૦૦:૦૦ થી તારીખ ૨જી નવેમ્બર, ૨૦૨૦ના કલાક ૨૪:૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

હદ વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ એક્ટની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૩જી ઓક્ટોબર, ૨૦૨૦ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

અજયકુમાર તોમર,
પોલીસ કમિશનર
સુરત શહેર.

કલેકટર દ્વારા

વંચાણમાં લીધું :-

(૧) સરકારશ્રીના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક કસન/૧૦૨૦૧૪/ઓ/૫૩/-બ, તા. ૧૫-૭-૨૦૧૪.

(૨) સરકારશ્રીના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક કસન/૧૦૨૦૧૬/૩૭૩/બ, તા. ૦૨-૦૮-૨૦૧૬.

(૩) પ્રમુખશ્રી વલસાડ જિલ્લા કેરોસીન ડિલર એસોસીએશનની અરજી તા. ૦૩-૦૮-૨૦૧૬.

(૪) સરકારશ્રીના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક કસન/૧૦૨૦૧૭/જીઓઆઈ-૪/બ, તા. ૧૭-૧૦-૨૦૧૮.

(૫) સરકારશ્રીના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક કસન/૧૦૨૦૧૨/એમપી/૧૧/બ, તા. ૧૫-૦૪-૨૦૧૭.

(૬) સરકારશ્રીના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક કસન/૧૦૨૦૧૭/૪૫૮/બ, તા. ૨૫-૦૭-૨૦૧૭.

(૭) સરકારશ્રીના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : કસન-૧૦૨૦૧૭/જીઓઆઈ-૪/બ, તા. ૨૬-૦૨-૨૦૧૯.

(૮) અત્રેની કચેરીનો હુકમ નં.એસયુપી/કસન/ભાવબાંધણી/નવેમ્બર-૨૦૨૦/વશી. ૧૩૨૮ થી ૧૩૫૪/૨૦૨૦. તા. ૬/૧૧/૨૦૨૦.

(૯) સરકારશ્રી ના અન્ન અને નાગરીક પુરવઠા અને નાગરીક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ ગાંધીનગરના પત્ર ક્રમાંક : કસન/૧૦/૨૦૨૦/૨૧/બ તા. ૧૮/૧૧/૨૦૨૦.

હુકમ

નંબર એસયુપી/કસન/ભાવ બાંધણી/નવેમ્બર-૨૦૨૦/વશી/૧૪૦૧ થી ૧૪૨૨/૨૦૨૦.—આમુખ-૮ માં જણાવેલ અત્રેની કચેરીના તા. ૬-૧૧-૨૦૨૦ના હુકમથી કેરોસીનના ભાવો નક્કી કરવામાં આવેલ હતા.

આમુખ-૯ માં જણાવેલ સરકારશ્રીના અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક : કસન/૧૦/૨૦૨૦/૨૧/બ, તા. ૧૮મી નવેમ્બર, ૨૦૨૦ ના તથા ભારત પેટ્રોલીયમ કોર્પોરેશન લી. ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લીમીટેડ, અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લી., ના પત્રમાં જણાવ્યા અનુસાર કેરોસીનના ડેપો EX-MI Rates માં થયેલ ફેરફારથી પીડીએસ કેરોસીનના નવા ભાવ જાહેર કરેલ છે. વધુમાં આમુખ (૭) મુજબ સરકારશ્રીના તા. ૨૬-૦૨-૨૦૧૯ ના પત્ર મુજબ કેરોસીન હોલસેલ ડીલરનું કમિશન ₹ ૧૩૪૧.૮૮ ના નવા ભાવ બાંધણીના હુકમ કરવા જણાવેલ છે. જે અનુસાર નવા ભાવની બાંધણી કરવાની થાય છે.

આમુખ-૫ થી જણાવેલ સરકારશ્રીના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક કસન/૧૦૨૦૧૨/એમપી/૧૧/બ, તા. ૧૫-૦૪-૨૦૧૭ના પત્રમાં જણાવ્યા અનુસાર કેરોસીનના છુટક વિક્રેતાનો વેપાર પોષણક્ષમ રહે તે હેતુસર વાજબી ભાવના દુકાનદારો, કેરોસીનના છુટક વિક્રેતા તથા કેરોસીનના ફેરીયાનું કમીશન એક કે. એલ. દીઠ ₹ ૯૪૬/- નક્કી કરવામાં આવેલ છે. તેમજ તા. ૩૧-૦૩-૨૦૦૬ના આદેશ અનુસાર છુટક વિક્રેતાઓને એક કે. એલ. દીઠ ₹ ૫૪/- અધર એક્ષ્ટ્રા ઓર્ડીનરી ચાર્જીસ તરીકે આપવાના થાય છે.

આમુખ-૬ મુજબ સરકારશ્રીના અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક કસન/૧૦૨૦૧૭/૪૫૮/બ, તા. ૨૫-૦૭-૨૦૧૭ મુજબ પીડીએસ કેરોસીનની ઉપર ઓઈલ કંપનીના ઓઈલ ડેપોથી તાલુકા મથક સુધીના પરિવહન ખર્ચ, હોલસેલ એજન્ટના કમીશન, કેરોસીનના છુટક વિક્રેતાના કમીશન, ડોર સ્ટેપ ડીલીવરી પર ૫% જીએસટી લાગુ પડે છે, પરંતુ ટોલટેક્ષ પર જીએસટી લાગુ પડતો નથી કારણ કે ટોલટેક્ષનું ચુકવણું વેરા મુકત છે.

તે મુજબ હજીરા ડેપો સુરત અને કોયલી (દુમાડ) વડોદરા ડેપોથી કેરોસીન ઉપાડવા અંગે નવા ભાવ મુજબ તા. ૧૬મી નવેમ્બર, ૨૦૨૦ થી અમલ કરવાના થાય છે.

સબબ હું, આર. આર. રાવલ, આઈ.એ.એસ., કલેકટર, વલસાડ, ધી કેરોસીન (રીસ્ટ્રીકશન ઓન યુઝ એન્ડ ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈઝ) ઓર્ડર-૧૯૯૩ ની કલમ-૨(ડી) (૧) અન્વયે મને મળેલ સત્તા અને અધિકારની રૂએ ટેબલ-એ તથા ટેબલ-બી માં જણાવ્યાનુસાર વલસાડ જિલ્લા વિસ્તારના ઓઈલ કું. ના અધિકૃત એજન્ટો માટેના તથા વ્યાજબી ભાવના દુકાનદારો, છૂટક વિક્રેતા/ફેરી પરવાનેદારો માટે બીજો હુકમ ન થાય ત્યાં સુધી હંગામી ધોરણે માહે નવેમ્બર- ૨૦૨૦ તા. ૧લી નવેમ્બર, ૨૦૨૦ થી અમલ કરવા જણાવેલ છે. નવેસરથી જાહેર વિતરણ, યોજના હેઠળના ડોમેસ્ટીક વપરાશના ભુરા રંગના કેરોસીનનો જથ્થાબંધ તથા છૂટક વેચાણ ભાવો નીચેની શરતોને આધિન રહી ઠરાવવા હુકમ કરૂં છું.

શરતો :-

(૧) ઓઈલ કું. ના અધિકૃત એજન્ટો/જથ્થાબંધ વિક્રેતા, ટેબલ-એ માં નિર્દિષ્ટ કરેલ ભાવથી વેચાણ કરી શકશે.

(૨) જ્યારે એજન્ટ તરફથી છૂટક વિક્રેતાઓને દુકાન બેઠા કેરોસીનનો પુરવઠો આપવામાં આવે ત્યારે નીચે જણાવ્યા મુજબનો હોમ ડીલીવરી ચાર્જ મ્યુનિસિપાલટી/નગર પંચાયત/ગ્રામપંચાયત વિસ્તાર માટે વેપારી પાસેથી ૧ કિ. લી. ના એટલે કે ૧૦૦૦ લીટર દીઠ અલાયદા વસુલ કરી શકશે.

(૧) ૦ થી ૪૦ કિ. મી. ના અંતર માટે ₹ ૩૫૧/- અને જીએસટી ₹ ૧૭.૫૫/-

(૨) ૪૧ થી ૬૦ કિ. મી. ના અંતર માટે ₹ ૩૯૮/- અને જીએસટી ₹ ૧૯.૯૦/-

(૩) ૬૧ કિ. મી. થી ઉપરના અંતર માટે ₹ ૪૩૫/- અને જીએસટી ₹ ૨૧.૭૫/-

(૩) ઉપરોક્ત નક્કી કરેલ ભાવોથી ડીલર/જથ્થાબંધ વિક્રેતા કે છૂટક વિક્રેતા/ફેરીયાઓ વધારે ભાવ લઈ શકશે નહિ.

(૪) કેરોસીન ડીલર/જથ્થાબંધ વિક્રેતા/છુટક વિક્રેતાઓએ પોતાની દુકાનના પ્રવેશદ્વાર આગળ ભાવ તથા જથ્થાનું બોર્ડ ગ્રાહકો જોઈ શકે તે રીતે પ્રદર્શિત કરવાનો રહેશે. ફેરીયાઓએ પોતાની બારી ઉપર છૂટક વેચાણ ભાવ પ્રદર્શિત કરવાનો રહેશે.

(૫) ઉપરોક્ત મુકરર કરેલ ભાવોમાં તમામ સ્તરે આવતા તમામ પ્રકારના કરવેરા/ચાર્જિસ કમિશનની રકમનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૬) ઉપરોક્ત મુકરર કરેલ ભાવોથી વધુ ભાવો લેનાર સામે આવશ્યક ચીજવસ્તુ ધારા-૧૯૫૫ હેઠળ કોર્ટ રાહે કાયદાકીય જોગવાઈ અનુસાર ફોજદારી પગલાં લેવામાં આવશે. જેમાં હોલસેલ ડીલરોના કેરોસીનના હજીરા ડેપો તથા કોયલી (દુમાડ) વડોદરા ડેપોના હંગામી EX-MI Rates માં થયેલ ફેરફારથી પી.ડી.એસ. કેરોસીનના નવા ભાવમાં સુધાર થતાં નીચે મુજબ ભાવો નક્કી કરવા પાત્ર થાય છે.

ટેબલ-'એ' નવા મુજબ (તા. ૧૬-૧૧-૨૦૨૦ થી) હજીરા

પેટ્રોલીયમ કંપનીના અધિકૃત એજન્ટો/હોલસેલરો અધિકૃત-સબ-ડીલર્સો, રીટેઇલરો/જથ્થાબંધ વાપરનારાઓ અને છૂટક વેપારીઓ અને ફેરીયાઓને એક કિલોલીટર (૧૦૦૦ લીટર) અને ૨૦૦ (બસો લીટર) એટલે કે એક (૧) બેરલ કેરોસીનના વેચાણભાવ - નવા મુજબ.

અ. નં.	વિગત	હજીરા ડેપોથી (સપ્લાય થતા) એજન્ટના ધંધાના સ્થળે લાવવાના કેરોસીનના મહત્તમ ભાવ		
		વલસાડ, પારડી	ધરમપુર, વાપી	ઉમરગામ, કપરાડા
૧.	૧ કિ. લી. એટલે કે ૧૦૦૦ લીટરનો.	₹ ૨૪૨૪૮.૨૪	₹ ૨૪૨૬૫.૧૪	₹ ૨૪૨૮૨.૦૫
૨.	૨૦૦ લીટર એટલે કે એક બેરલનો ભાવ.	₹ ૪૮૪૯.૬૫	₹ ૪૮૫૩.૦૩	₹ ૪૮૫૬.૪૧

ટેબલ-'બી' (નવા મુજબ) (તા. ૧૬-૧૧-૨૦૨૦ થી) હજીરા

અધિકૃત હોલસેલરો/સબડીલર્સ/રીટેઇલર્સ/ફેરીયાઓએ એજન્ટના ધંધાના સ્થળેથી જુદા જુદા અંતર માટે દિવાબત્તી તથા રાંધવાના હેતુ માટે કેરોસીન વાપરનારા ગ્રાહકોને કેરોસીનના છૂટક વેચાણ આપવાના એક લીટરના ભાવ.

અ. નં.	વિગત	એજન્ટના ધંધાના સ્થળેથી જુદા જુદા અંતર માટે છૂટક કેરોસીન વેચાણ આપવાના મહત્તમ એક લીટરના ભાવ (હજીરા ડેપોથી)		
		૧ થી ૧૨૦ કિ.મી. સુધીનું અંતર વલસાડ, પારડી	૧૨૧ થી ૧૩૦ કિ.મી. સુધીનું અંતર ધરમપુર, વાપી	૧૩૧ થી ૧૬૦ કિ.મી. સુધીનું અંતર ઉમરગામ, કપરાડા
૧.	મ્યુનિસિપાલીટી/નગરપંચાયત/ગ્રામપંચાયત – સ્થાનિક વિસ્તાર માટે – ૦ કિ.મી. થી ૪૦ કિ.મી. સુધીના અંતર માટે.	₹ ૨૫.૭૦	₹ ૨૫.૭૦	₹ ૨૫.૭૦
૨.	૪૧ કિ.મી. થી ૬૦ કિ.મી. સુધીના અંતર માટે.	₹ ૨૫.૭૦	₹ ૨૫.૭૫	₹ ૨૫.૭૫
૩.	૬૧ કિ.મી. થી ઉપરના અંતર માટે.	₹ ૨૫.૭૫	₹ ૨૫.૮૦	₹ ૨૫.૮૦

ટેબલ-'એ' નવા મુજબ (તા. ૧૬-૧૧-૨૦૨૦ થી) કોયલી (દુમાડ)

પેટ્રોલીયમ કંપનીના અધિકૃત એજન્ટો/હોલસેલરો અધિકૃત-સબ-ડીલર્સો, રીટેઇલરો/જથ્થાબંધ વાપરનારાઓ અને છૂટક વેપારીઓ અને ફેરીયાઓને એક કિલોલીટર (૧૦૦૦ લીટર) અને ૨૦૦ (બસો લીટર) એટલે કે એક (૧) બેરલ કેરોસીનના વેચાણભાવ - નવા મુજબ.

અ. નં.	વિગત	કોયલી (દુમાડ) ડેપોથી (સપ્લાય થતા) એજન્ટના ધંધાના સ્થળે લાવવાના કેરોસીનના મહત્તમ ભાવ		
		વલસાડ, પારડી	ધરમપુર, વાપી	ઉમરગામ, કપરાડા
૧.	૧ કિ. લી. એટલે કે ૧૦૦૦ લીટરનો	₹ ૨૪૭૯૧.૬૫	₹ ૨૪૮૦૮.૫૬	₹ ૨૪૮૨૫.૫૭
૨.	૨૦૦ લીટર એટલે કે એક બેરલનો ભાવ.	₹ ૪૯૫૮.૩૩	₹ ૪૯૬૧.૭૧	₹ ૪૯૬૫.૧૧

ટેબલ-'બી' (નવા મુજબ) (તા. ૧૬-૧૧-૨૦૨૦ થી) કોયલી (દુમાડ)

અધિકૃત હોલસેલરો/સબડીલર્સ/રીટેઈલર્સ/ફેરીયાઓએ એજન્ટના ધંધાના સ્થળેથી જુદા જુદા અંતર માટે દિવાબત્તી તથા રાંધવાના હેતુ માટે કેરોસીન વાપરનારા ગ્રાહકોને કેરોસીનના છૂટક વેચાણ આપવાના એક લીટરના ભાવ.

અ. નં.	વિગત	એજન્ટના ધંધાના સ્થળેથી જુદા જુદા અંતર માટે છૂટક કેરોસીન વેચાણ આપવાના મહત્તમ એક લીટરના ભાવ (દુમાડ ડેપોથી)		
		૦ થી ૨૩૫ કિ.મી. સુધીનું અંતર વલસાડ, પારડી	૨૩૬ થી ૨૪૫ કિ.મી. સુધીનું અંતર ધરમપુર / વાપી	૨૪૬ થી ૨૭૫ કિ.મી. સુધીનું અંતર ઉમરગામ
૧.	મ્યુનિસિપાલીટી / નગરપંચાયત / ગ્રામપંચાયત – સ્થાનિક વિસ્તાર માટે– ૦ કિ.મી. થી ૪૦ કિ.મી. સુધીના અંતર માટે.	₹ ૨૬.૨૦	₹ ૨૬.૨૫	₹ ૨૬.૨૫
૨.	૪૧ કિ.મી. થી ૬૦ કિ.મી. સુધીના અંતર માટે.	₹ ૨૬.૨૫	₹ ૨૬.૩૦	₹ ૨૬.૩૦
૩.	૬૧ કિ.મી. થી ઉપરના અંતર માટે.	₹ ૨૬.૩૦	₹ ૨૬.૩૦	₹ ૨૬.૩૫

ઉપરોક્ત હકીકત હોઈ સરકારશ્રી માંથી કેરોસીન ડીલરોના ભાવમાં થયેલ વધારા અંતર્ગત ભાવ નક્કી કરવાની કાર્યવાહી કરવાની થાય છે. પરિશિષ્ટ-અ તથા પરિશિષ્ટ-બ મુજબ આઈ.ઓ.સી./એસ.પી.સી./બી.પી.સી. ના Ex-MI Rates માં થયેલ ફેરફારથી પી.ડી.એસ. કેરોસીનના નવા ભાવમાં સુધારો કરવા પાત્ર થાય છે. જે તમામ કરવેરા/ચાર્જીસ સહીતના છે. બીજો હુકમ ન થાય ત્યાં સુધી હંગામી ધોરણે તા. ૧૬મી નવેમ્બર, ૨૦૨૦ થી કરવાનો રહેશે. જેથી અત્રેની કચેરીના આમુખ-૮ માં જણાવેલ હુકમથી નક્કી થયેલ ભાવો રદ થયેલા ગણાશે. પરંતુ અગાઉ નક્કી કરેલ ભાવો અંગે જે કોઈ ગુનાઓ બનેલા હશે, તેને આ હુકમથી કોઈ અસર થશે નહિં.

વલસાડ, તારીખ ૨૦મી નવેમ્બર, ૨૦૨૦.

આર. આર. રાવલ,
કલેક્ટર, વલસાડ.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચ્યો :-

(૧) ભારત સરકારના ગૃહ મંત્રાલયના હુકમ નં. ૪૦-૩/૨૦૨૦-DM-I (A) તા. ૨૫/૧૧/૨૦૨૦.

(૨) ગુજરાત સરકારના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ જીજી/૭૬/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨. તા. ૦૨/૧૨/૨૦૨૦.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪ તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૪ તથા ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન-૨૦૨૦ મુજબનું

ક્રમાંકઃ એમએજી/વશી/૧૭૪૦૩ થી ૧૭૪૪૧/૨૦૨૦.–સમગ્ર ગુજરાત રાજ્ય તેમજ ભારતમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાયેલ છે કે, જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી તથા ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાવો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. નોવેલ કોરોના વાયરસ (COVID-19) ના સંક્રમણ ની ગંભીરતાને ધ્યાને લઈ સંદર્ભ- (૧) ના હુકમ થી કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા કન્ટેઈનમેન્ટ ઝોનમાં તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી લોકડાઉનની અવધિ લંબાવવામાં આવેલ છે તથા કન્ટેઈનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃતિઓ ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ છે. જેથી સંદર્ભ-(૨)ના જાહેરનામાથી ગૃહ વિભાગ દ્વારા કેન્દ્ર સરકારની માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃતિ ચાલુ રાખવા નિર્ણય કરેલ છે. તેમજ તા.૦૧/૧૦/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંકઃજીજી/૬૫/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી જાહેર કરવામાં આવેલ માર્ગદર્શક સુચનાઓ જે તા.૩૦/૧૧/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ તેને તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ છે. જેથી નોવેલ કોરોના વાયરસ (COVID-19) ના સંક્રમણની ગંભીરતાને ધ્યાને લઈ ભરૂચ જિલ્લામાં જાહેર હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વાસ્તે, હું ડૉ .એમ. ડી. મોડીયા, I.A.S કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૧૪૪, તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૪ તથા ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન-૨૦૨૦ અન્વયે ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના નોટીફીકેશન નં.જી.પી /૯/એનસીવી/૧૦૨૦૨૦/એસએફ-૧/જિ, તા.૧૩/૦૩/૨૦૨૦ અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબની પ્રવૃતિઓ તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી પ્રતિબંધ/છુટછાટ આપવા ફરમાવું છું

(૧) તમામ શાળા, કોચીંગ સંસ્થાઓ વિગેરે રાજય સરકારશ્રી દ્વારા તબક્કાવાર સ્થાનિક પરિસ્થિતિને આધિન પુનઃ શરૂ કરવા માટે SOP જાહેર કરી નિર્ણય કરવામાં આવશે. રાજય-કેન્દ્ર સરકારશ્રી/શિક્ષણ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવનાર SOP નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) ડીપાર્ટમેન્ટ ઓફ હાયર એજ્યુકેશન, શિક્ષણ મંત્રાલય કેન્દ્રીય ગૃહ મંત્રાલયના પરામર્શમાં સ્થિતિની સમિક્ષા કરી ઉચ્ચ શિક્ષણ સંસ્થા, કોલેજ શરૂ કરવાના સમય અંગે નિર્ણય લેશે.

(૩) લગ્ન/સત્કાર સમારંભ જેવી અન્ય ઉજવણીઓના કિસ્સામાં ખુલ્લા સ્થળોએ/બંધ સ્થળોએ, સ્થળની ક્ષમતાના ૫૦% થી વધુ નહી પરંતુ મહત્તમ ૧૦૦ વ્યકિતઓની મર્યાદામાં સમારોહ/ પ્રસંગનું આયોજન કરી શકાશે. તેમજ મૃત્યુના કિસ્સામાં અંતિમ ક્રિયા/ધાર્મિક વિધીના કિસ્સામાં મહત્તમ ૫૦ વ્યકિતઓની મર્યાદામાં વિધી/સમારોહ/પ્રસંગનું આયોજન કરી શકાશે. વધુમાં, સામાજીક, શૈક્ષણિક, રમત-ગમત, મનોરંજન -સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ધાર્મિક-રાજકીય સમારોહ તથા Other Congragation અંગે ગૃહ વિભાગના તા.૦૯/૧૦/૨૦૨૦ ના હુકમ તથા ત્યાર બાદ વખતો-વખતના હુકમથી મળેલ માર્ગદર્શક સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૪) ભરૂચ જિલ્લામાં જે વિસ્તારને ''Containment Area/Zone'' તરીકે જાહેર કરેલ હોય અને જાહેરનામું અમલમાં હોય તે વિસ્તાર તથા નોવેલ કોરોના વાયરસ (COVID-19) ના સંક્રમણની પરિસ્થિતિને ધ્યાને લઈ નવો ''Containment Area/ Zone'' અત્રેથી ભવિષ્યમાં જાહેર થનાર વિસ્તાર સિવાય આંતર જિલ્લા તથા રાજ્યમાં આવર-જવર માટે વ્યકિતઓ/વાહનાને પરવાનગીની જરૂર રહેશે નહીં.

(૫) પેસેન્જર ટ્રેન, ડોમેસ્ટીક એર ટ્રાવેલ, વંદે ભારત મિશન પરના વ્યકિતઓ, વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરીક તથા ભારતમાંથી વિદેશમાં પ્રવાસ કરતાં પ્રવાસીઓ, વિદેશી નાગરીકો, દરીયાઈ મુસાફરી સાથે સંકળાયેલ Sign On & Sign Off પ્રવૃતિઓની અવર-જવરનું નિયમન ભારત સરકાર/ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે પ્રસિધ્ધ થયેલ સ્ટાન્ર્ડ ઓપરેટીંગ પ્રોસીડ્યુર્સ (SOPs) મુજબ કરવાનું રહેશે.

(૬) સરકારશ્રીના નિર્દેશો અન્વયે આવશ્યક સેવાઓ અથવા આરોગ્ય કારણોસર બહાર જવું પડે તે સિવાય ૬૫ વર્ષથી વધુ ઉમરની વ્યકિતઓ, બિમાર વ્યકિતઓ, ગર્ભવતી મહિલાઓ ૧૦ વર્ષથી ઓછી ઉંમરના બાળકોએ ઘરમાં રહેવા અપીલ કરવામાં આવે છે.

(૭) કામના સ્થળોએ સલામતીને ધ્યાને લઈ કર્મચારીએ પોતાના મોબાઈલમાં ''Arogya Setu App '' ઈનસ્ટોલ કરી ઉપયોગ કરવાનો રહેશે.

(૮) જાહેરમાં થૂંકવા તથા જાહેરમાં યોગ્ય રીતે ચહેરો ન ઢાંકનાર (માસ્ક ન પહેરનાર) વ્યકિત રાજ્ય સરકારશ્રીના વખતોવખતના હુકમથઈ નિયત કર્યા મુજબ દંડને પાત્ર થશે.

(૯) ભરૂચ જિલ્લામાં જે વિસ્તારને ''Containment Area/Zone'' તરીકે જાહેર કરેલ હોય અને જાહેરનામું અમલમાં હોય તે વિસ્તાર તથા નોવેલ કોરોના વાયરસ (COVID-19) ના સંક્રમણની પરિસ્થિતિને ધ્યાને લઈ નવો ''Conatainment Area/Zone'' અત્રેથી ભવિષ્યમાં જાહેર થનાર વિસ્તારમાં તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી લોકડાઉન અમલમાં રહેશે. આવશ્યક સેવાઓ તથા મેડીકલ ઈમરજન્સી જેવા કારણો સિવાય કોઈ વ્યકિત અવર-જવર કરી શકશે નહી.

(૧૦) હોટલ તથા અન્ય આતિથ્ય સેવાઓ, રેસ્ટોરન્ટસ, ધાર્મિક સ્થળો, શોપીંગ મોલ, સરકારી અર્ધ સરકારી કચેરીઓ, ખાનગી સંસ્થાની કચેરીઓ, યોગા ઈન્સ્ટીટયુટ તથા જીમ્નેશિયમ વિગેરે પ્રવૃતિઓ બાબતે સરકારશ્રી દ્વારા સમયાંતરે જાહેર કરવામાં આવેલ (SOPs) મુજબ અમલવારી કરવાની રહેશે.

(૧૧) બહોળા પ્રમાણમાં લોકો એકઠા થાય તેવા સ્થળો જેવા કે માર્કેટ, વિકલી બહાર (WEEKLY BAZAARS) અને પબ્લીક ટ્રાન્સપોર્ટમાં સોશ્યલ ડીસ્ટન્સીંગ બાબતે સ્વાસ્થ અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા જે (SOP) બહાર પાડવામાં આવે તેની અમલવારી કરવાની રહેશે.

(૧૨) સંદર્ભ-(૨) ના ગૃહ વિભાગના તા.૦૨/૧૨/૨૦૨૦ ના જાહેરનામાથી નીચેની પ્રવતિઓને સોશ્યલ ડીસ્ટન્સીંગ અને ફેસ કવર બાબતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકારના નિર્દેશો/ગાઈડ લાઈનને અનુસરવાની શરતે મંજુરી આપવામાં આવે છે.

Sr. No.	Activity	For all areas outside containment zones.
1	Cinema Halls, theatres, Multiplexes	Yes, As per SOP Issued by Information & Broadcasting Department of the State Government.
2.	Entertainment parks and similar places	Yes, As per SOP issued by Ministry of Health & Family Welfare, Government Of India
3.	Swimming pools,	Only for the purpose of training of sports persons. As per SOP Issued by Sports, Youth & Cultural Activities Department of the State Government
4	Business to Business (B2B) Exhibitions	Yes, As per Instructions issued by Industries & Minies Department of State Government.
5.	Parks & Garden	Yes.
6.	All religious Places	yes, as per State Government Order dated 07th June, 2020 with regards to the SOP issued by Ministry of Health & Family Welfare, Government of India made effective from 8th June, 2020
7.	Hotels and Restaurants.	Yes, as per the SOP made effective from 8th June, 2020 by Ministry of Health & Family Welfare, Government of India Will remain open till 23:00 Hours. No time limit will be applicable for take away facility.
8.	Shopping Malls.	Yes, as per the SOP Made effective from 8th June, 2020 by Ministry of Health & Family welfare, Government of India.
9.	Shops	Yes, without Time limit.
10.	Libraries	Yes, with 60% Capacity
11.	GSRTC Bus Service/City Bus Service/Private bus services	Yes, with 75% capacity
12.	Auto Rickshaws	Yes. (1 Driver + 2 Passengers) with face cover.
13.	Cabs, Taxis, Cab aggregators,	Yes. (1 Driver +2 Persons: If seating capacity is 6 or more 1 driver +4 persons will be allowed.) With face cover.
14.	Private vehicals for Family usage.	Yes.(1 Driver + 3 Persons) With Face cover.
16.	Two wheelers	Yes (1+1) With Face cover.

(૧૩) નીચે મુજબના પરિશિષ્ટમાં નિર્દિષ્ટ સુચનાઓનું તમામ વ્યકિતઓ, સંસ્થાઓ, તમામ ઔદ્યોગિક અને વ્યવસાયિક મથકો, કાર્યસ્થળો, કચેરીઓએ ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે

પરિશિષ્ટ:-

A. જાહેર સ્થળો:-

૧. જાહેર સ્થળોએ, તેમજ કામના સ્થળોએ ફરજીયાતપણે મોઢું ઢાંકવાનું રહેશે અથવા તો ફરજીયાતપણે માસ્ક પહેરવાનું રહેશે.

૨. ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા આપવામાં આવેલ સુચનાનુસાર જાહેરસ્થળોએ, કામનાં સ્થળોએ તેમજ વાહન વ્યવહારમાં ફરજીયાતપણે સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરવાનું રહેશે.

૩. તમામ વ્યકિતઓએ જાહેર સ્થળોએ એકબીજા વચ્ચે ઓછામાં ઓછું ૬ ફુટ અંતર રાખવાનું રહેશે. દુકાનોએ આવતાં ગ્રાહકો વચ્ચે ૬ ફુટનું અંતર રાખી એકજ સમયે ૫ (પાંચ) થી વધુ લોકો ભેગા થાય નહીં તેની દુકાનદારોએ ખાત્રી કરવાની રહેશે.

૪. જાહેર સ્થથળોએ થૂંકવા પર પ્રતિબંધ રહેશે. જેનો ભંગ થયેથી રાજ્ય સરકારશ્રીના વખતોવખતના હુકમથી નિયત કર્યા મુજબ દંડ થશે

B. કામનાં સ્થળોઃ-

૧. તમામ કામનાં સ્થળોએ ચહેરો ઢાંકવાનું (માસ્ક) ફરજીયાત છે. અને આવા માસ્કનો પુરતો જથ્થો ઉપલબ્ધ હોવો જોઈશે.

૨. પાળી (સીફ્ટ) બદલતી વખતે જરૂરી સમયનું અંતર, લંચ માટે અલગ અલગ સમયની ફાળવણી કરી સામાજીક અંતર રાખવાનું રહેશે.

૩. પ્રવેશ અને બહાર નીકળવાના તમામ પોઈન્ટ ઉપરાંત કોમન જગ્યામાં થર્મલ સ્કેનીંગ, હેન્ડ વોસ તથા સેનીટાઈઝર કે જે સ્પર્શ કર્યા વિનાની સુવિધાવાળું હોય તેની વ્યવસ્થા કરવાની રહેશે. તે ઉપરાંત કામના સ્થળો પુરતી માત્રામાં હાથ ધોવાની અને સેનીટાઈઝરની સુવિધા રાખવાની રહેશે.

૪. માનવીય સંપર્કમાં આવનાર તમામ કોમન સુવિધાઓ જેવી કે દરવાજાના હેન્ડલ વગેરે સહિત સમગ્ર કામના સ્થળો નિયમિત રીતે સેનીટાઈઝેશન કરવાના રહેશે.

૫. (COVID-19) ના દર્દીઓની સારવાર માટે ઓથોરાઈઝ કરવામાં આવેલી નજીકના વિસ્તારોની હોસ્પીટલ/દવાખાના વિશે માહીતી કાયમ માટે કામના સ્થળે રાખવાની રહેશે જે કર્મચારીને (COVID-19) ના લક્ષણ દેખાય તેમને તરત જ આવી હોસ્પીટલ/દવાખાનામાં મોકલવાના રહેશે. કોઈ પણ કર્મચારીને આવા લક્ષણ દેખાય તો તેમને તબીબી સારવાર માટે મોકલી દેવામાં ન આવે ત્યાં સુધી કવોરેન્ટીનમાં રાખી શકાય તેવી જગ્યા નિર્ધારીત કરવાની રહેશે.

૬. તમામ કર્મચારીને સ્વચ્છતા જાળવવા માટેની માહીતી અને તાલીમ આપવાની રહેશે.

૭. શક્ય હોઈ ત્યાં સુધી ''WORK FROM HOME '' ને પ્રોત્સાહન આપવવાનું રહેશે.

નોંધઃ- ઉપરોક્ત જાહેરનામાના અર્થઘટન બાબતે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થયે થી ભારત સરકારશ્રીના સંદર્ભ-(૧) તથા ગુજરાત સરકારશ્રીના સંદર્ભ-(૨) ના હુકમ/જાહેરનામા મુજબની અમલવારી કરવાની રહેશે.

વિસ્તાર

''આ જાહેરનામું સમગ્ર ભરૂચ જિલ્લામાં લાગુ પડશે.''

સમયગાળો

આ જાહેરનામુ આજ તા. ૨૭ ડિસેમ્બર, ૨૦૨૦ થી તા. ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૦ (બંને દિવસો સહિત અથવા તો અન્ય હુકમ થાય ત્યાં સુધી) સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૫૧ થી ૫૮ ની જોગવાઈ મુજબ શિક્ષને પાત્ર થશે. ભરૂચ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદો ધરાવતા તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરવનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૭ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

વાંચ્યોઃ-

(૧) ગુજરાત સરકારના ગૃહ વિભાગના હુકમ ક્રમાંકઃ વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા.૨૪/૧૧/૨૦૨૦

(૨) અત્રેના જાહેરનામાં ક્રમાંકઃએમએજી/વશી/૧૫૭૧૬ થી ૧૫૭૫૪, તા.૦૨/૧૧/૨૦૨૦

જાહેરનામું

નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૪ તથા ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન-૨૦૨૦ મુજબનું જાહેરનામુ.

ક્રમાંકઃ એમએજી/વશી/૧૬૯૮૧ થી ૧૭૦૧૯/૨૦૨૦.–સમગ્ર ગુજરાત રાજ્ય તેમજ ભારતમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19) ની અસરો ધ્યાને લેતાં National Disaster Management Authority ના નિર્દેશ મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા. ૩૦.૦૯.૨૦૨૦ના હુકમ ક્રમાંક 40-3/2020-DM-I(A), થી બહાર પાડવામાં આવેલ ગાઈડ લાઈનની અવધિ તા. ૨૭/૧૦/૨૦૨૦ ના હુકમ ક્રમાંકઃ 40-3/2020-DM-I(A), થી તા.૩૦/૧૧/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ છે. જે અન્વયે ગૃહ વિભાગના તા.૦૨/૧૧/૨૦૨૦ ના જાહેરનામા ક્રમાંકઃજીજી/૭૫/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી જરૂરી હુકમો બહાર પાડવામાં આવેલ છે. રાજ્યમાં કોરોનાની હાલની સ્થિતિને લક્ષમાં લેતાં ખુલ્લામાં તથા બંધ સ્થળોએ લગ્ન/સત્કાર સમારંભ તથા અન્ય ઉજવણીઓના આયોજનમાં તેમજ મૃત્યુના કિસ્સામાં અંતિમ ક્રિયા/ધાર્મિક વિધી દરમ્યાન વ્યકિતઓની સંખ્યાની મર્યાદા નિયંત્રિત કરવા ગુજરાત સરકારના ગૃહ વિભાગના આમુખ-(૧) થી જરૂરી હુકમ કરવામાં આવેલ છે. જેથી અત્રેના આમુખ-(૨)ના જાહેરનામાના મુદ્દા

નં. ૩ માં ફેરફાર કરવો જરૂરી જણાતો હોય નોવેલ કોરોના વાયરસ COVID-19 ના સંક્રમણની ગંભીરતાને ધ્યાને લઈ ભરૂચ જિલ્લામાં જાહેર હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વાસ્તે, હું ડૉ. એમ. ડી. મોડીયા, IAS, કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૪ તથા ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન-૨૦૨૦ અન્વયે ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના નોટીફીકેશન નં. જી. પી./૯/એનસીવી/ ૧૦૨૦૨૦/એસએફ-૧/જી, તા. ૧૩-૦૩-૨૦૨૦ અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબની પ્રવૃત્તિઓ તા. ૩૦/૧૧/૨૦૨૦ સુધી પ્રતિબંધ/છુટછાટ આપવા ફરમાવું છું.

(૧) લગ્ન/સત્કાર સમારંભ જેવી અન્ય ઉજવણીઓના કિસ્સામાં ખુલ્લા સ્થળોએ/બંધ સ્થળોએ, સ્થળની શ્રમતાના ૫૦% થી વધુ નહીં પરંતુ મહત્તમ ૧૦૦ વ્યક્તિઓની મર્યાદામાં સંબંધિત મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પૂર્વમંજુરી લઈ સમારોહ/પ્રસંગનું આયોજન કરી શકાશે.

(૨) મૃત્યુના કિસ્સામાં અંતિમ ક્રિયા/ધાર્મિક વિધીના કિસ્સામાં મહત્તમ ૫૦ વ્યક્તિઓની મર્યાદામાં વિધી/સમારોહ/પ્રસંગનું આયોજન કરી શકાશે.

નોંધઃ- આમુખ (૨)ના જાહેરનામાની અન્ય તમામ સુચનાઓ યથાવત રહેશે.

વિસ્તાર

આ જાહેરનામું સમગ્ર ભરૂચ જિલ્લા મહેસુલી વિસ્તારમાં લાગુ પડશે.

સમયગાળો

આ જાહેરનામું આજ તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૨૦ થી તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૨૦ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮, તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ની કલમ-૫૧ થી ૫૮ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે. ભરૂચ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રીથી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ ૨૪મી નવેમ્બર, ૨૦૨૦ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

ડૉ. એમ. ડી. મોડીયા,
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભરૂચ.

વંચાણે લીધા :-

(૧) ધી એપેડેમિક ડિસિઝ એકટ-૧૮૯૭.

(૨) નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫.

(૩) અગ્રસચિવશ્રી, આરોગ્ય અને પ.ક. વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : No. GP/9/NCV/102020/SF-/G, તા. ૧૩/૦૩/૨૦૨૦.

(૪) અગ્રસચિવશ્રી, આરોગ્ય અને પ. ક. વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. એન.એચ.એમ./એસ.પી.એમ.યુ/પ્લાનીંગ COVID-19/ સત્તાઓ/૨૦૧૯-૨૦/ફા.૮૮/૧૯૬૬, તા. ૨૫/૦૩/૨૦૨૦.

(૫) ભારત સરકારના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના પત્ર D.O.No.Z.28015/19/2020-EMR (Pt.), તા. ૧૭-૦૫-૨૦૨૦

(૬) Ministry of Health & Family Welfare, Government of India ના Office Memorandum, F.No.Z.28015/30/2020-EMR, તા.૨૯-૦૭-૨૦૨૦

(૭) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મહીસાગરના પત્ર ક્રમાંક જા. નં./નિરોગ/આર.સી.એચ/એ.આર.સી./વશી/૧૭૦, તા. ૨૭/૧૧/૨૦૨૦

જાહેરનામું

નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ની કલમ-૩૦, કલમ-૩૪ તથા ધી એપેડેમિક ડિસિઝ એકટ-૧૮૯૭ની કલમ-૨ હેઠળનું.

નં. એમએજી/COVID-19/કન્ટેઈનમેન્ટ એરિયા મુક્ત/જાહેરનામું/વશી/૩૪૩૭/૨૦૨૦.–સમગ્ર ગુજરાત રાજ્ય તેમજ ભારતમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાયેલ છે કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી તથા ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાવો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૩/૦૩/૨૦૨૦ના આમુખ(૩) જાહેરનામાંથી THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATIONS, 2020 જાહેર કરેલ છે. આમુખ(૪) થી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારશ્રી દ્વારા આ મહામારીની વર્તમાન પરિસ્થિતિનો સામનો કરવા તથા તેના સંક્રમણને નિયંત્રણમાં લેવા હેતુ જિલ્લા કક્ષાએ આયોજન, સંકલન તથા નિયંત્રણમાં લેવા જાહેર હીતમાં લેવાના તમામ પગલાઓ લેવા જિલ્લા કલેકટરશ્રીને જરૂરી સત્તાઓ સોપવામાં આવેલ છે.

અત્રેના મહિસાગર જિલ્લામાં કોરોના વાયરસ COVID-19 પોઝીટીવ કેસ પ્રકાશમાં આવતા આ વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લઇ લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલારૂપે નીચે પરિશિષ્ટમાં કોલમ નં. ૫માં દર્શાવેલ વિસ્તારોને COVID-19 Containment Area તરીકે જાહેર કરી આ વિસ્તારોમાં ભારત સરકારશ્રીની ગાઇડલાઇન મુજબ જરૂરી પ્રતિબંધ દર્શાવતા જાહેરનામા પ્રસિધ્ધ કરવામાં આવેલ હતા.

આમુખ-(૭) થી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મહીસાગરનાઓએ કરેલ દરખાસ્ત મુજબ કોવિડ-૧૯ અંતર્ગત કન્ટેઈનમેન્ટ એરિયા અંગેના જાહેરનામા પ્રસિધ્ધ કર્યાના તારીખથી તે વિસ્તારોમાં છેલ્લો પોઝીટીવ કેસ મળ્યા તારીખથી ૧૪ દિવસ પૂર્ણ થતા અન્ય નવીન કેસ આવવાની શક્યતા ઓછી છે. તેમ જણાવી નીચે પરિશિષ્ટમાં કોલમ નં. ૫માં દર્શાવેલ કન્ટેઈનમેન્ટ વિસ્તારોને કન્ટેઈનમેન્ટ મુક્ત કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, હું આર. બી. બારડ, (I.A.S.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, મહીસાગર, નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ની કલમ-૨૬(૨) મુજબ અને ધી એપેડેમિક ડિસિઝ એકટ-૧૮૯૭ની કલમ-૨ તેમજ આમુખ(૪) થી મને મળેલ સત્તાની રૂએ નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૦ તથા કલમ-૩૪ હેઠળ ફરમાવું છું કે,

નીચે મુજબના પરિશિષ્ટમાં કોલમ નં. ૫માં દર્શાવેલ COVID-19 Containment Area ને પ્રતિબંધમાંથી આથી મુક્ત કરવામાં આવે છે.

પરિશિષ્ટ

અનુ. નં.	તાલુકાનું નામ	ગામ/નગરપાલિકાનું નામ	જાહેરનામું પ્રસિદ્ધ કર્યા તારીખ	મુક્ત કરવામાં આવેલ કન્ટેઈનમેન્ટ એરીયાની વિગત
૧	૨	૩	૪	૫
૧	લુણાવાડા	લુણાવાડા નગરપાલિકામાં વોર્ડ નં. ૬ માં જનરલ હોસ્પિટલના ક્વાર્ટર્સનો વિસ્તાર	૧૩/૧૧/૨૦૨૦	લુણાવાડા નગરપાલિકામાં વોર્ડ નં. ૬માં જનરલ હોસ્પિટલના ક્વાર્ટર્સના વિસ્તારમાં આવેલ પટેલ છાયાબેન હીરાભાઇના ઘરથી બારિયા બળવંતભાઇ ગેદાલભાઇનાં ઘર સુધીનો વિસ્તાર

આજ તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૨૦ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિદ્ધ કરેલ છે.

વંચાણે લીધા :-

(૧) ધી એપેડેમિક ડિસિઝ એકટ-૧૮૯૭.

(૨) નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫.

(૩) અગ્રસચિવશ્રી, આરોગ્ય અને ૫.ક. વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : No. GP/9/NCV/102020/SF-/G, તા. ૧૩/૦૩/૨૦૨૦.

(૪) અગ્રસચિવશ્રી, આરોગ્ય અને ૫. ક. વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. એન.એચ.એમ./એસ.પી.એમ.યુ/પ્લાનીંગ COVID-19/ સત્તાઓ/૨૦૧૯-૨૦/ફા.૮૮/૧૯૬૬, તા. ૨૫/૦૩/૨૦૨૦.

(૫) ભારત સરકારના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના પત્ર D.O.No.Z.28015/19/2020-EMR (Pt.), તા. ૧૭-૦૫-૨૦૨૦

(૬) Ministry of Health & Family Welfare, Government of India ના Office Memorandum, F.No.Z.28015/30/2020-EMR, તા.૨૯-૦૭-૨૦૨૦

(૭) ભારત સરકારના ગૃહ મંત્રાલયના હુકમ નં. ૪૦-૩/૨૦૨૦-DM-I (A), તા. ૨૭/૧૧/૨૦૨૦ તેમજ ગાઈડલાઈન.

(૮) ગુજરાત સરકારના ગૃહ વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીજી/૭૫/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા. ૨/૧૧/૨૦૨૦.

(૯) ઈન્સીડન્ટ કમાન્ડર અને મામલતદારશ્રી બાલાસિનોરના પત્ર નં.એમએજી/જાહેરનામા/વશી/૧૪૩૪૩ થી ૧૪૩૪૪ તા. ૨૭/૧૧/૨૦૨૦

(૧૦) ઈન્સીડન્ટ કમાન્ડર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી સંતરામપુરના પત્ર. ડિઝા./COVID-19/જાહેરનામાં/વશી/૮૨૧/૨૦૨૦ તા. ૨૭/૧૧/૨૦૨૦

(૧૧) લાયઝન અધિકારી અને સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ પ્રાન્ત લુણાવાડાના પત્ર નં.એમએજી /COVID-19/વશી/૧૨૪૦/૨૦૨૦ તા. ૨૭/૧૧/૨૦૨૦

(૧૨) ઈન્સીડેન્ટ કમાન્ડર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ ખાનપુર (બાકોર) (૧) નં. એમએજી/COVID-19/વશી/૧૬૬૮/૨૦૨૦ તા. ૨૬/૧૧/૨૦૨૦ (૨) નં. એમએજી/COVID-19/વશી/૧૬૭૭/૨૦૨૦ તા. ૨૭/૧૧/૨૦૨૦

(૧૩) ઈન્સીડેન્ટ કમાન્ડર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ વિરપુર (૧) નં. એમએજી/COVID-19/Containment દરખાસ્ત/વશી/ તા. ૨૬/૧૧/૨૦૨૦ (૨) નં. એમએજી/COVID-19/Containment દરખાસ્ત/વશી/ તા. ૨૭/૧૧/૨૦૨૦

જાહેરનામું

નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ની કલમ-૩૦, કલમ-૩૪ તથા ધી એપેડેમિક ડિસિઝ એકટ-૧૮૯૭ની કલમ-૨ હેઠળનું.

નં. એમએજી/COVID-19/Containment Area/જાહેરનામું/વશી/૩૪૩૮/૨૦૨૦.–સમગ્ર ગુજરાત રાજ્ય તેમજ ભારતમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાયેલ છે કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી તથા ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાવો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૩/૦૩/૨૦૨૦ના આમુખ(૩) જાહેરનામાંથી THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATIONS, 2020 જાહેર કરેલ છે. આમુખ(૪) થી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારશ્રી દ્વારા આ મહામારીની વર્તમાન પરિસ્થિતિનો સામનો કરવા તથા તેના સંક્રમણને નિયંત્રણમાં લેવા હેતુ જિલ્લા કક્ષાએ આયોજન, સંકલન તથા નિયંત્રણમાં લેવા જાહેર હીતમાં લેવાના તમામ પગલાઓ લેવા જિલ્લા કલેકટરશ્રીને જરૂરી સત્તાઓ સોપવામાં આવેલ છે.

સમગ્ર ભારત દેશમાં COVID-19ની અસરો ધ્યાને લેતાં ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા આમુખ (૭) ના હુકમથી કન્ટેનમેન્ટ ઝોનમાં તા. ૩૦મી નવેમ્બર, ૨૦૨૦ સુધી લોકડાઉનની અવધિ લંબાવવામાં આવેલ છે. તેમજ જરૂરી ગાઈડલાઈન્સ પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

આમુખ (૯) અને આમુખ (૧૩)થી મળેલ દરખાસ્ત અનુસાર બાલાસિનોર નગરપાલિકા અને બાલાસિનોર તાલુકાના અને સંતરામપુર તાલુકાના અને લુણાવાડા નગરપાલિકાના અને લુણાવાડા તાલુકાના અને ખાનપુર તાલુકાના તથા વિરપુર તાલુકાના વિસ્તારમાં વ્યક્તિઓના કોરોના ટેસ્ટ સેમ્પલ પોઝીટીવ આવેલ હોઈ આમુખ (૯) થી આમુખ (૧૩)ની દરખાસ્તમાં જણાવેલ વિસ્તારો મુજબ સદરહું વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલારૂપે લોકોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવવાની જરૂરીયાત જણાય છે.

વાસ્તે, હું આર. બી. બારડ, (I.A.S.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, મહીસાગર, નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ની કલમ-૨૬(૨) મુજબ અને ધી એપેડેમિક ડિસિઝ એકટ-૧૮૯૭ની કલમ-૨ તેમજ આમુખ(૪) થી મને મળેલ સત્તાની રૂએ નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૦ તથા કલમ-૩૪ હેઠળ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

(૧) નીચે જણાવેલ વિસ્તારોને COVID-19 Containment Area તરીકે જાહેર કરી આ વિસ્તારોમાં તમામ પ્રકારની અવર-જવર પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

અનુ. નં.	COVID-19 કોરોના કેસ પોઝીટીવ આવેલ હોય તે વિસ્તાર	COVID-19 કન્ટેન્મેન્ટ એરિયા (Containment Area)	ઘરોની કુલ સંખ્યા (આશરે)	કુલ વસ્તી (આશરે)
૧	બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૧) બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ મોજે. વૈષ્ણવી સોસાયટીનો વિસ્તાર	૨૦	૮૦
		(૨) બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ મોજે. મદાની શેરીનો વિસ્તાર	૧૫	૬૦
		(૩) બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ મોજે. ખાત્રીવાડનો વિસ્તાર	૮૦	૩૨૦
	બાલાસિનોર તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૪) બાલાસિનોર તાલુકામાં સમાવિષ્ટ મોજે. પાંડવા ગામના વાણીયા ફળીયાનો વિસ્તાર	૪૦	૧૭૫
૨	સંતરામપુર તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૫) સંતરામપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. બહેડીયા (પટેલ ફળીયા) તા. સંતરામપુર જિ. મહીસાગરના સોમાભાઇ ભગજીભાઇ પટેના ઘરથી મલીભાઇ કાંતીભાઇ પટેલના ઘર સુધીનો વિસ્તાર	૦૪	૧૮
૩	લુણાવાડા નગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૬) લુણાવાડા નગરપાલિકામાં સમાવિષ્ટ કડીયાવાડ વિસ્તારમાં આવેલ કડીયા નયનાબેન દિનેશચંદ્રના ઘરથી રાણા ભરતકુમાર જશવંતભાઇના ઘર સુધીનો વિસ્તાર તથા અમી મોલ	૩૩ ૧-દુકાન	૧૧૦ ૧૯
		(૭) લુણાવાડા નગરપાલિકામાં સમાવિષ્ટ લુહારકોઠ વિસ્તાર અને સુપર ટેલર દુકાન દવે ઇન્દીરાબેન કનુભાઇના ઘરથી પંચાલ યોગેશભાઇ અરવિંદભાઇના ઘર સુધીનો વિસ્તાર તથા સુપર ટેલર દુકાન, રામજી મંદિર પાસે	૨૭	૬૦
	લુણાવાડા તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૮) લુણાવાડા તાલુકામાં સમાવિષ્ટ મોજે. ખારોલ ગામનું સુથાર ફળીયામાં આવેલ શાહ ગોપાલકુમાર ગુણવંતભાઇના ઘરથી સુથાર શૈલેષભાઇ રતીલાલના ઘર સુધીનો વિસ્તાર	૧૨	૪૫
		(૯) લુણાવાડા તાલુકામાં સમાવિષ્ટ મોજે. મઠમુવાડીના પટેલ ફળીયામાં આવેલ પટેલ વિનુભાઇ ભરતભાઇના ઘરથી પટેલ શાંતિલાલ દલજીભાઇના ઘર સુધીનો વિસ્તાર	૧૭	૬૩
		(૧૦) લુણાવાડા તાલુકામાં સમાવિષ્ટ મોજે. કાકચીયા હરીજન ફળીયાના તમામ ઘરનો વિસ્તાર	૧૩	૬૨
		(૧૧) લુણાવાડા તાલુકામાં સમાવિષ્ટ મોજે. ચંદપુર પટેલ ફળીયામાં આવેલ પટેલ મનીષભાઇ પરસોત્તમનું ઘર પટેલ હર્ષદભાઇ જ્યંતિલાલનું ઘર, પટેલ ભરતભાઇનું ઘર, પટેલ સબુરભાઇના ઘરનો વિસ્તાર	૦૪	૧૫
૪	ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૧૨) ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. ખુટેલાવ ગામનું સોમાભાઇ ભાયરામભાઇના ફળીયાનો વિસ્તાર	૦૫	૧૫
		(૧૩) ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. ડોલરીયા ગામનું પટેલ ફળીયાનો વિસ્તાર	૧૮	૪૮
		(૧૪) ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. પાંડરવાડા ગામનું હાટડીયા ફળીયું/અયોધ્યા ચોક ફળીયાનો વિસ્તાર	૬૩	૨૩૧
		(૧૫) ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. વિરપુરાના મુવાડા ગામનું પટેલ ફળીયું જુના ગામનો વિસ્તાર	૭	૧૩

અનુ. નં.	COVID-19 કોરોના કેસ પોઝીટીવ આવેલ હોય તે વિસ્તાર	COVID-19 કન્ટેન્મેન્ટ એરિયા (Containment Area)	ઘરોની કુલ સંખ્યા (આશરે)	કુલ વસ્તી (આશરે)
૫	વિરપુર તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૧૬) વિરપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. ડેભારી પટેલ ફળીયાનો વિસ્તાર	૧૦	૩૨
		(૧૭) વિરપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. ડેભારી જોષી ફળીયાનો વિસ્તાર	૦૫	૧૫
		(૧૮) વિરપુરમાં સમાવિષ્ટ દાણી ફળીયાનો વિસ્તાર	૧૫	૪૦
		(૧૯) વિરપુરમાં સમાવિષ્ટ તિલોકચોકનો વિસ્તાર	૧૦	૨૫
		(૨૦) વિરપુરમાં સમાવિષ્ટ શ્રીમાળી ફળીયાનો વિસ્તાર	૧૨	૩૬
		(૨૧) વિરપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. કોયડમ કાસીદા ફળીયાનો વિસ્તાર	૧૫	૬૫
		(૨૨) વિરપુર તાલુકમાં સમાવિષ્ટ મોજે. હાડીયા સરપંચ ફળીયાનો વિસ્તાર	૧૦	૩૫
		(૨૩) વિરપુરમાં સમાવિષ્ટ ગીતાગાયત્રી સોસાયટીનો વિસ્તાર	૨૫	૮૦

➢ ઉક્ત COVID-19 Containment Area વિસ્તારો માટે નીચે મુજબની અમલવારી કરવાની રહેશે.

- આ વિસ્તારોના એન્ટ્રી અને એકઝીટ પોઇન્ટ પર સરકારશ્રીની આરોગ્ય વિભાગની ગાઇડલાઇન (SOP) મુજબ આરોગ્ય ટીમ દ્વારા ૧૦૦% થર્મલ સ્ક્રીનીંગ કરવાનું રહેશે.
- આ વિસ્તારોમાં આરોગ્ય વિભાગના નક્કી કરેલ પ્રોટોકોલ મુજબ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ અને સેમ્પલિંગની કાર્યવાહી કરવાની રહેશે.
- આ વિસ્તારોને આવરી લેતા તમામ માર્ગો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવાનો રહેશે તથા એન્ટ્રી અને એકઝીટ પોઇન્ટ સિવાયના તમામ રસ્તા યોગ્ય બેરીકેડિંગ કરીને સંપૂર્ણ બંધ કરવાના રહેશે અને આખા વિસ્તારોને સીલબંધ કરી દેવાનો રહેશે. જેથી એન્ટ્રી અને એકઝીટ પોઇન્ટ સિવાયના અન્ય કોઇ પણ રસ્તેથી કોઇપણ વ્યક્તિ કે વાહન પ્રવેશી ન શકે કે બહાર ન જઇ શકે. પોલીસ વિભાગે તમામ વ્યક્તિ તથા વાહનોનો વિગતવાર રેકોર્ડ રાખવાનો રહેશે.
- આ વિસ્તારોમાં બહારની કોઇ પણ વ્યક્તિ અંદર જઇ શકશે નહી તથા આ વિસ્તારોના રહેવાસી કોઇપણ વ્યક્તિ બહાર જઇ શકશે નહી.
- આ વિસ્તારોના એન્ટ્રી અને એકઝીટ પોઇન્ટ પર આરોગ્ય ટીમ અને પોલીસ ટીમે કંટ્રોલ રૂમ ઉભો કરવાનો રહેશે અને 24 × 7 રાઉન્ડ ધ કલોક ત્યાંથી તમામ બાબતોનું નિયમન કરવાનું રહેશે. આવશ્યક સેવાઓ (તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવન-જાવનની પ્રવૃત્તિઓ ન થાય તે મુજબ નિયંત્રણ કરવામાં આવશે.
- ભારત સરકારશ્રીના Containment Area પ્લાનની ગાઇડલાઇનનું ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે.
- સદરહું કન્ટેન્મેન્ટ એરિયા (Containment Area) માં સમાવિષ્ટ તમામ રહેવાસી લોકોએ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના આમુખ (૬) થી પ્રસિધ્ધ કરેલ ગાઇડલાઇન મુજબ આરોગ્ય સેતુ એપ્લીકેશન (Arogya Setu app) પોતાના મોબાઇલમાં ડાઉનલોડ કરીને જરૂરી વિગતો દૈનિક ધોરણે અપડેટ કરવાની રહેશે. આ પ્રકારના વિસ્તારમાં ૧૦૦% આરોગ્ય સેતુ એપ્લીકેશન (Arogya Setu app) લોકો ડાઉનલોડ કરે તેની સઘળી જવાબદારી સ્થાનિક વહીવટી તંત્રની રહેશે.
- ભારત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય (MoHFW) દ્વારા પ્રસિધ્ધ થતી તમામ આરોગ્યલક્ષી સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.
- ભારત સરકારશ્રીની આમુખ (૭) થી પ્રસિધ્ધ થયેલ સૂચનાઓનું તેમજ ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગની આમુખ (૮)થી પ્રસિધ્ધ થયેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) મહિસાગર જિલ્લામાં બાલાસિનોર નગરપાલિકા અને બાલાસિનોર તાલુકામાં અને સંતરામપુર તાલુકામાં અને લુણાવાડા નગરપાલિકાના લુણાવાડા તાલુકામાં અને ખાનપુર તાલુકામાં તથા વિરપુર તાલુકામાં ઉપર મુજબના જાહેર કરેલ Containment Area ઉપરાંત નીચે મુજબના વિસ્તારોને બફર ઝોન (BUFFER ZONE) તરીકે જાહેર કરી આ ઝોનની હદને સીલ કરવામાં આવે છે. સદરહુ વિસ્તારોમાં ફરજીયાત માસ્ક પહેરવું તથા સોશિયલ ડીસ્ટન્સ જાળવવાનું રહેશે તેમજ ઉક્ત વંચાણે લીધેલ કેન્દ્ર/રાજ્ય સરકારશ્રી, તથા અત્રેની કચેરીના વખતોવખતના જાહેરનામા / હુકમ/ માર્ગદર્શિકાઓની ચુસ્ત અમલવારી કરવાની રહેશે.

અનુ. નં.	COVID-19 કોરોના કેસ પોઝીટીવ આવેલ હોય તે વિસ્તાર	COVID-19 બફર ઝોન (BUFFER ZONE)
૧	બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૧) બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ ન્યુ જલારામ સોસાયટી તથા જલારામ સોસાયટી તથા મહાલક્ષ્મી સોસાયટી તથા બાલાસિનોર પબ્લીક સ્કુલ, બી. એડ કોલેજની આજુબાજુ તમામ સોસાયટી વિસ્તાર
		(૨) બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ ભાવસારવાળ હોળી ચકલા, બહુચરીમાતા જૈન મંદિર, આટીયાવાડ, પટેલવાડા
		(૩) બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ કાછીયાવાડ, સુથારવાડા, ભંડેરીવાડ, પઠાણવાડા, ખાત્રીવાડા, બારોટવાડ, સ્વામીનારાયણ મંદિર સામેનો વિસ્તાર
	બાલાસિનોર તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૪) બાલાસિનોર તાલુકામાં સમાવિષ્ટ મોજે. પાંડવા ગામના વાણીયા ફળીયાની આજુબાજુના વિસ્તાર
૨	સંતરામપુર તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૫) સંતરામપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. બહેડીયા (પટેલ ફળીયા) સંતરામપુર જિ. મહીસાગરના સોમાભાઈ ભગજીભાઈ પટેલના ઘરથી મલીભાઈ કાંતીભાઈ પટેલના ઘર સિવાયનો બહેડીયા ગામનો પટેલ ફળીયાનો અન્ય તમામ વિસ્તાર
૩	લુણાવાડા નગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૬) કન્ટેઈનમેન્ટ એરિયા સિવાયનો વોર્ડ નં. ૧ થી ૭ નો વિસ્તાર
		(૭) કન્ટેનમેન્ટ એરિયા સિવાયનો વોર્ડ નં. ૧ થી ૭ નો વિસ્તાર
	લુણાવાડા તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૮) લુણાવાડા તાલુકામાં સમાવિષ્ટ મોજે. ખારોલ ગામનો કન્ટેઈનમેન્ટ એરિયા સિવાયનો તમામ વિસ્તાર
		(૯) લુણાવાડા તાલુકામાં સમાવિષ્ટ મોજે. મઠમુવાડી ગામનો કન્ટેઈનમેન્ટ એરિયાનો તમામ વિસ્તાર
		(૧૦) લુણાવાડા તાલુકામાં સમાવિષ્ટ મોજે. કાકચીયા ગામનો કન્ટેઈનમેન્ટ અરિયા સિવાયનો તમામ વિસ્તાર
		(૧૧) લુણાવાડા તાલુકામાં સમાવિષ્ટ મોજે. ચંદપુર ગામનો કન્ટેઈનમેન્ટ એરિયા સિવાયનો તમામ વિસ્તાર
૪	ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૧૨) ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. ખુટેલાવ ગામના પટેલ ડાહ્યાભાઈ એચ.નું ફળીયું, પટેલ હસમુખભાઈ હરીદાસનું ફળીયું, પટેલ જીવાભાઈ હરીદાસનું ફળીયું
		(૧૩) ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. ડોલરીયા ગામનું ડેરી ફળીયું
		(૧૪) ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. પાંડરવાડા ગામનું પીપળી ફળીયું, પંચાયત ફળીયું, હરીજન ફળીયું/ચમાર ફળી/હરીજન ફળીયું
		(૧૫) ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. વિરપરાના મુવાડા ગામનો ઠાકોર ફળીયું, દરબાર ફળીયું

અનુ. નં.	COVID-19 કોરોના કેસ પોઝીટીવ આવેલ હોય તે વિસ્તાર	COVID-19 બફર ઝોન (BUFFER ZONE)
૫	વિરપુર તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૧૬) વિરપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. ડેભારી પટેલ ફળીયાનો વિસ્તાર
		(૧૭) વિરપુર તાલુકામાં મોજે. ડેભારી જોષી ફળીયાનો વિસ્તાર
		(૧૮) વિરપુર તાલુકામાં સમાવિષ્ટ દાણી ફળીયાનો વિસ્તાર
		(૧૯) વિરપુરમાં સમાવિષ્ટ તિલોકચોકનો વિસ્તાર
		(૨૦) વિરપુરમાં સમાવિષ્ટ શ્રીમાળી ફળીયાનો વિસ્તાર
		(૨૧) વિરપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. કોયડમ કાસીદા ફળીયાનો વિસ્તાર
		(૨૨) વિરપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. હાડીયા સરપંચ ફળીયાનો વિસ્તાર
		(૨૩) વિરપુરમાં સમાવિષ્ટ ગીતાગાયત્રી સોસાયટીનો વિસ્તાર

અમલવારીનો સમય

આ હુકમની અમલવારી તા. ૨૭મી નવેમ્બર, ૨૦૨૦ થી અન્ય કોઈ હુકમ ન થાય ત્યાં સુધી કરવાની રહેશે.

અપવાદ

આ હુકમ સરકારી ફરજ-કામગીરી ઉપરના હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી, સરકારી/ખાનગી દવાખાનાના સ્ટાફ તથા ઈમરજન્સી સેવા, કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ જાહેર સેવક કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તેમજ આવશ્યક ચીજવસ્તુઓનું પરિવહન કરતા વાહનો તથા સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ અધિકૃત પાસ ધરાવતા વ્યક્તિઓ અને વાહનોને લાગુ પડશે નહી.

શિક્ષા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૯૫ની જોગવાઈઓ વંચાણે લેતા આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮, તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ની કલમ-૫૧ થી ૬૦ મુજબ શિક્ષાને પાત્ર થશે. મહીસાગર જિલ્લામાં ફરજ પરના હાજર એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી તેમજ પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને તથા આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો વિરૂધ્ધ લેખિત ફરીયાદ નોંધાવવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૭મી નવેમ્બર, ૨૦૨૦ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ પ્રસિદ્ધ કરેલ છે.

વંચાણે લીધા :-

(૧) ધી એપેડેમિક ડિસિઝ એકટ-૧૮૯૭.

(૨) નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫.

(૩) અગ્રસચિવશ્રી, આરોગ્ય અને ૫.ક. વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : No. GP/9/NCV/102020/SF-/G, તા. ૧૩/૦૩/૨૦૨૦.

(૪) અગ્રસચિવશ્રી, આરોગ્ય અને ૫. ક. વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. એન.એચ.એમ./એસ.પી.એમ.યુ/પ્લાનીંગ COVID-19/ સત્તાઓ/૨૦૧૯-૨૦/ફા.૮૮/૧૯૬૬, તા. ૨૫/૦૩/૨૦૨૦.

(૫) ભારત સરકારના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના પત્ર D.O.No.Z.28015/19/2020-EMR (Pt.), તા. ૧૭-૦૫-૨૦૨૦

(૬) Ministry of Health & Family Welfare, Government of India ના Office Memorandum, F.No.Z.28015/30/2020-EMR, તા.૨૯-૦૭-૨૦૨૦

(૭) ભારત સરકારના ગૃહ મંત્રાલયના હુકમ નં. ૪૦-૩/૨૦૨૦-DM-I (A), તા. ૨૫/૧૧/૨૦૨૦.

(૮) ઈન્સીડેન્ટ કમાન્ડર અને મામલતદારશ્રી બાલાસિનોરના પત્ર નં. (૧) નં. MAG/જાહેરનામા/વશી/૧૪૩૪૫ થી ૧૪૩૪૬/ તા.૨૭/૧૧/૨૦૨૦ (૨) નં. MAG/જાહેરનામા/વશી/૧૪૩૪૮ થી ૧૪૩૪૯/તા.૨૮/૧૧/૨૦૨૦ (૩) નં. એમએજી/જાહેરનામા/વશી/૧૪૩૫૦ થી ૧૪૩૫૧/ તા. ૨૯/૧૧/૨૦૨૦ (૪) નં. MAG/જાહેરનામા/વશી/૧૪૩૫૨ થી ૧૪૩૫૩/તા.૦૧/૧૨/૨૦૨૦

(૯) ઈન્સીડેન્ટ કમાન્ડર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી વિરપુર નં. એમએજી/COVID-19/Containment દરખાસ્ત/વશી તા.૩૦/૧૧/૨૦૨૦

(૧૦) ઈન્સીડેન્ટ કમાન્ડર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ સંતરામપુર નં. ડિઝા/COVID/જાહેરનામાં/વશી/૮૨૫/૨૦૨૦ તા.૧/૧૨/૨૦૨૦

(૧૧) લાયઝન અધિકારી અને સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ પ્રાન્ત લુણાવાડા નં. એમએજી/ COVID-19/વશી/૧૨૪૧/૨૦૨૦ તા.૧/૧૨/૨૦૨૦

(૧૨) ઈન્સીડેન્ટ કમાન્ડર અને મામલતદાર કડાણા નં. એમએજી/કોરોના/વશી/૧૫૧૧/૨૦૨૦ તા.૧/૧૨/૨૦૨૦

(૧૩) ઈન્સીડેન્ટ કમાન્ડર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ ખાનપુર (બાકોર) નં. એમએજી/COVID-19/વશી/૧૬૭૯/૨૦૨૦ તા.૧/૧૧/૨૦૨૦

જાહેરનામું

નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ની કલમ-૩૦, કલમ-૩૪ તથા ધી એપેડેમિક ડિસિઝ એકટ-૧૮૯૭ની કલમ-૨ હેઠળનું.

નં. એમએજી/COVID-19/Containment Area/જાહેરનામું/વશી/૩૪૪૭/૨૦૨૦.–સમગ્ર ગુજરાત રાજ્ય તેમજ ભારતમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાયેલ છે કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી તથા ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાવો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૩/૦૩/૨૦૨૦ના આમુખ(૩) જાહેરનામાંથી THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATIONS, 2020 જાહેર કરેલ છે. આમુખ(૪) થી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારશ્રી દ્વારા આ મહામારીની વર્તમાન પરિસ્થિતિનો સામનો કરવા તથા તેના સંક્રમણને નિયંત્રણમાં લેવા હેતુ જિલ્લા કક્ષાએ આયોજન, સંકલન તથા નિયંત્રણમાં લેવા જાહેર હીતમાં લેવાના તમામ પગલાઓ લેવા જિલ્લા કલેકટરશ્રીને જરૂરી સત્તાઓ સોંપવામાં આવેલ છે.

સમગ્ર ભારત દેશમાં COVID-19ની અસરો ધ્યાને લેતાં ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા આમુખ (૭) ના હુકમથી કન્ટેનમેન્ટ ઝોનમાં તા. ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૦ સુધી લોકડાઉનની અવધિ લંબાવવામાં આવેલ છે.

આમુખ (૯) અને આમુખ (૧૪) થી મળેલ દરખાસ્ત અનુસાર બાલાસિનોર નગરપાલિકા અને બાલાસિનોર તાલુકાના અને વિરપુર તાલુકાના અને સંતરામપુર નગરપાલિકા અને સંતરામપુર તાલુકાના અને લુણાવાડા નગરપાલિકાના લુણાવાડા તાલુકાના અને ખાનપુર તાલુકાના તથા કડાણા તાલુકાના વિસ્તારમાં વ્યકિતઓના કોરોના ટેસ્ટ સેમ્પલ પોઝીટીવ આવેલ હોઈ આમુખ (૯) અને આમુખ (૧૩)ની દરખાસ્તમાં જણાવેલ વિસ્તારો મુજબ સદરહું વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલારૂપે લોકોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવવાની જરૂરીયાત જણાય છે.

વાસ્તે, હું આર. બી. બારડ, (I.A.S.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, મહીસાગર, નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ની કલમ-૨૬(૨) મુજબ અને ધી એપેડેમિક ડિસિઝ એકટ-૧૮૯૭ની કલમ-૨ તેમજ આમુખ(૪) થી મને મળેલ સત્તાની રૂએ નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૦ તથા કલમ-૩૪ હેઠળ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

(૧) નીચે જણાવેલ વિસ્તારોને COVID-19 Containment Area તરીકે જાહેર કરી આ વિસ્તારોમાં તમામ પ્રકારની અવર-જવર પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

અનુ. નં.	COVID-19 કોરોના કેસ પોઝીટીવ આવેલ હોય તે વિસ્તાર	COVID-19 કન્ટેન્મેન્ટ એરિયા (Containment Area)	ઘરોની કુલ સંખ્યા (આશરે)	કુલ વસ્તી (આશરે)
૧	બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૧) બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ પીપળાશેરીનો વિસ્તાર	૬૦	૨૪૦
		(૨) બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ ગાયત્રી સોસાયટીનો વિસ્તાર	૬૦	૨૪૦
		(૩) બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ ત્રિવેણી સોસાયટીનો વિસ્તાર	૩૬	૧૨૦
		(૪) બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ નાયક વાસનો વિસ્તાર	૨૦	૮૦
		(૫) બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ વિજય ટોકિજ પ્લોટનો વિસ્તાર	૩૫	૧૩૦
		(૬) બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ તારન શાહિદ દરગાહ પાસેનો વિસ્તાર	૩૦	૧૨૦
		(૭) બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ પટેલ વાડીનો વિસ્તાર	૪૦	૧૬૦
	બાલાસિનોર તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૮) બાલાસિનોર તાલુકામાં સમાવિષ્ટ મોજે. ભાથલા (થરીલાઠ)નો વિસ્તાર	૧૬	૪૮
૨	વિરપુર તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૯) વિરપુરમાં સમાવિષ્ટ ઘંટી સામેનું ફળીયું ઘાંચીવાડનો વિસ્તાર	૦૯	૧૭
		(૧૦) વિરપુરમાં સમાવિષ્ટ લીમરવાડા રોડ રામીના ઘરનો વિસ્તાર	૦૧	૦૫
		(૧૧) વિરપુરમાં સમાવિષ્ટ ગોકુલનાથ મંદિર પાસેનો વિસ્તાર	૧૦	૩૮
		(૧૨) વિરપુરમાં સમાવિષ્ટ નવાબનો મહેલ વિરપુરનો વિસ્તાર	૧૨	૪૨
૩	સંતરામપુર નગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૧૩) સંતરામપુર નગરપાલિકા વિસ્તારના સુથારવાડાના ભદ્રેશકુમાર રામજીલાલ મુખ્યાજીના ઘરથી ઘનશ્યામકુમાર નાથાલાલ મીસ્ત્રીના ઘર સુધીનો તમામ વિસ્તાર	૦૫	૧૭
	સંતરામપુર તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૧૪) સંતરામપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. નરસીંગપુર (નંદનવન સોસાયટી) તા. સંતરામપુર જિ. મહીસાગરના ડામોર સંજયભાઇ ગંગજીભાઇના ઘરથી પારગી પ્રેમીલાલ ચંદુભાઇના ઘર સુધીનો વિસ્તાર	૦૮	૩૭
		(૧૫) સંતરામપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. મોવાસા (પટેલ ફળીયા) તા. સંતરામપુર જિ. મહીસાગરના પટેલ પરસોત્તમભાઇ મોતીભાઇના ઘરથી પટેલ ઘનાભાઇ લાલજીભાઇના ઘર સુધીનો વિસ્તાર	૦૫	૧૭

અનુ. નં.	COVID-19 કોરોના કેસ પોઝીટીવ આવેલ હોય તે વિસ્તાર	COVID-19 કન્ટેન્મેન્ટ એરિયા (Containment Area)	ઘરોની કુલ સંખ્યા (આશરે)	કુલ વસ્તી (આશરે)
૪	લુણાવાડા નગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૧૬) લુણાવાડા નગરપાલિકામાં સમાવિષ્ટ (વોર્ડ નં. ૫)માં દુલાભાઈના માઢમાં આવેલ સોની સુભાષભાઈ કાંતીલાલના ઘરથી પટેલીયા નરેન્દ્રભાઈ અરજનભાઈના ઘર સુધીનો વિસ્તાર	૧૭	૫૨
		(૧૭) લુણાવાડા નગરપાલિકામાં સમાવિષ્ટ (વોર્ડ નં. ૧) માં તીરગરવાસ વિસ્તારમાં આવેલ મકવાણા ભુપેન્દ્રકુમાર અંબાલાલના ઘરથી મકવાણા પ્રદિપભાઈ બાબુભાઈના ઘર સુધીનો વિસ્તાર	૧૯	૭૪
		(૧૮) લુણાવાડા નગરપાલિકામાં સમાવિષ્ટ (વોર્ડ નં. ૬)માં આવેલ સમગ્ર ઓમ રેસીડેન્સીનો વિસ્તાર	૧૭	૩૨
		(૧૯) લુણાવાડા નગરપાલિકામાં સમાવિષ્ટ (વોર્ડ નં. ૭)માં આવેલ બારોટવાડા બ્રાઈટ ડે. સ્કૂલની બાજુમાં આવેલ ભોઈ અશોકકુમાર છગનલાલના ઘરથી પુજારા મોબાઈલ દુકાન સુધીનો વિસ્તાર	૧૩ દુકાન-૯	૩૨ ૧૭
	લુણાવાડા તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૨૦) લુણાવાડા તાલુકામાં સમાવિષ્ટ મોજે. મધવાસ પાતાપુર પટેલ ફળીયામાં આવેલ પટેલ શશીકાન્ત હીરાભાઈના ઘરથી પટેલ મણીલાલ હીરાભાઈના ઘર સુધીનો વિસ્તાર	૦૭	૨૪
		(૨૧) લુણાવાડા તાલુકામાં સમાવિષ્ટ મોજે. અરીઠા મઠ ફળીયામાં આવેલ વણકર દેવા મોઘાના ઘરથી ગોસાઈ મહેન્દ્રગીરી ગોપાલગીરીના ઘર સુધીનો વિસ્તાર	૬૦	૩૧૨
૫	કડાણા તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૨૨) કડાણા તાલુકામાં સમાવિષ્ટ મોજે. મોટા માછીવાડા ગામમાં સમાવિષ્ટ પટેલ ફળીયાનો વિસ્તાર	૧૦	૪૨
		(૨૩) કડાણા તાલુકામાં સમાવિષ્ટ મોજે. ધનસુરા ગામમાં સમાવિષ્ટ ખાંટા ફળીયાનો વિસ્તાર	૦૫	૨૬
		(૨૪) કડાણા તાલુકામાં સમાવિષ્ટ મોજે. મોટી રાઠ ગામમાં સમાવિષ્ટ પટેલ ફળીયાનો વિસ્તાર	૦૭	૩૦
૬	ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૨૫) ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. વડાગામ (વેરૈયા) ગામમાં સમાવિષ્ટ પટેલ ફળીયાનો વિસ્તાર	૧૫	૮૫
		(૨૬) ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. ઈસરોડા ગામમાં સમાવિષ્ટ રોડવાળુ બાપુ ફળીયાનો વિસ્તાર	૧૩	૫૮

➢ ઉક્ત COVID-19 Containment Area વિસ્તારો માટે નીચે મુજબની અમલવારી કરવાની રહેશે.

- આ વિસ્તારોના એન્ટ્રી અને એકઝીટ પોઇન્ટ પર સરકારશ્રીની આરોગ્ય વિભાગની ગાઇડલાઇન (SOP) મુજબ આરોગ્ય ટીમ દ્વારા ૧૦૦% થર્મલ સ્ક્રીનીંગ કરવાનું રહેશે.

- આ વિસ્તારોમાં આરોગ્ય વિભાગના નક્કી કરેલ પ્રોટોકોલ મુજબ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ અને સેમ્પલિંગની કાર્યવાહી કરવાની રહેશે.

- આ વિસ્તારોને આવરી લેતા તમામ માર્ગો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવાનો રહેશે તથા એન્ટ્રી અને એકઝીટ પોઈન્ટ સિવાયના તમામ રસ્તા યોગ્ય બેરીકેડિંગ કરીને સંપૂર્ણ બંધ કરવાના રહેશે અને આખા વિસ્તારોને સીલબંધ કરી દેવાનો રહેશે. જેથી એન્ટ્રી

અને એકઝીટ પોઈન્ટ સિવાયના અન્ય કોઈ પણ રસ્તેથી કોઈપણ વ્યક્તિ કે વાહન પ્રવેશી ન શકે કે બહાર ન જઈ શકે. પોલીસ વિભાગે તમામ વ્યક્તિ તથા વાહનોનો વિગતવાર રેકોર્ડ રાખવાનો રહેશે.

- આ વિસ્તારોમાં બહારની કોઈ પણ વ્યક્તિ અંદર જઈ શકશે નહી તથા આ વિસ્તારોના રહેવાસી કોઈપણ વ્યક્તિ બહાર જઈ શકશે નહી.
- આ વિસ્તારોના એન્ટ્રી અને એકઝીટ પોઈન્ટ પર આરોગ્ય ટીમ અને પોલીસ ટીમે કંટ્રોલ રૂમ ઉભો કરવાનો રહેશે અને 24 × 7 રાઉન્ડ ધ કલોક ત્યાંથી તમામ બાબતોનું નિયમન કરવાનું રહેશે. આવશ્યક સેવાઓ (તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવન-જાવનની પ્રવૃત્તિઓ ન થાય તે મુજબ નિયંત્રણ કરવામાં આવશે.
- ભારત સરકારશ્રીના Containment Area પ્લાનની ગાઈડલાઈનનું ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે.
- સદરહું કન્ટેનમેન્ટ એરિયા (Containment Area) માં સમાવિષ્ટ તમામ રહેવાસી લોકોએ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના આમુખ (૬) થી પ્રસિધ્ધ કરેલ ગાઈડલાઈન મુજબ આરોગ્ય સેતુ એપ્લીકેશન (Arogya Setu app) પોતાના મોબાઈલમાં ડાઉનલોડ કરીને જરૂરી વિગતો દૈનિક ધોરણે અપડેટ કરવાની રહેશે. આ પ્રકારના વિસ્તારમાં ૧૦૦% આરોગ્ય સેતુ એપ્લીકેશન (Arogya Setu app) લોકો ડાઉનલોડ કરે તેની સઘળી જવાબદારી સ્થાનિક વહીવટી તંત્રની રહેશે.
- ભારત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય (MoHFW) દ્વારા પ્રસિધ્ધ થતી તમામ આરોગ્યલક્ષી સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.
- ભારત સરકારશ્રીની આમુખ (૭) થી પ્રસિધ્ધ થયેલ સૂચનાઓનું મહીસાગર જિલ્લામાં ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) મહીસાગર જિલ્લામાં બાલાસિનોર નગરપાલિકામાં અને બાલાસિનોર તાલુકામાં અને વિરપુર તાલુકામાં અને સંતરામપુર નગરપાલિકામાં અને સંતરામપુર તાલુકામાં અને લુણાવાડા નગરપાલિકામાં લુણાવાડા તાલુકામાં અને ખાનપુર તાલુકામાં તથા કડાણા તાલુકામાં ઉપર મુજબના જાહેર કરેલ Containment Area ઉપરાંત નીચે મુજબના વિસ્તારોને બફર ઝોન (BUFFER ZONE) તરીકે જાહેર કરી આ ઝોનની હદને સીલ કરવામાં આવે છે. સદરહુ વિસ્તારોમાં ફરજીયાત માસ્ક પહેરવું તથા સોશિયલ ડીસ્ટન્સ જાળવવાનું રહેશે તેમજ ઉક્ત વંચાણે લીધેલ કેન્દ્ર/રાજ્ય સરકારશ્રી, તથા અત્રેની કચેરીના વખતોવખતના જાહેરનામા / હુકમ/ માર્ગદર્શિકાઓની ચુસ્ત અમલવારી કરવાની રહેશે.

અનુ. નં.	COVID-19 કોરોના કેસ પોઝીટીવ આવેલ હોય તે વિસ્તાર	COVID-19 બફર ઝોન (BUFFER ZONE)
૧	બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૧) બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ જુની શાકમાર્કેટ, ધરિયાવાડ, બહુચરી માતા વિસ્તાર, દેવ શેરી, હાથીખાના, મદન મોજન મંદિર વિસ્તાર, ગોલવાડ, હોળી ચકલા, મોટુ મંદિરનો વિસ્તાર
		(૨) બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ રાજમંદિર સોસાયટી, ગાયત્રી સોસાયટી, શિવમ સોસાયટી, વૃંદાવન સોસાયટી, પંચવટી સોસાયટી, જુનો ભોઈવાડો તથા જીન રોડ
		(૩) બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ વૈષ્ણવી સોસાયટી, જલારામ સોસાયટી, કૃષ્ણનગર સોસાયટી, નીલકંઠ સોસાયટી, વિવેકાનંદ સોસાયટી, ગોકુલેશ સોસાયટી
		(૪) બાલાસિનોર નગરપાલકિામાં સમાવિષ્ટ નવા રોહિતવાસ તથા નવી વસાહત, ગુરુ નિવાસ, વ્હોરાપંચની દુકાન તથા આંબેડકરની પ્રતિમાવાળો વિસ્તાર, તીરગરવાસ
		(૫) બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ હૈદરી ચોક, નવપંચ જમાતખાના, તારન શહીદ રોડ, ટીંબા મોહલ્લા
		(૬) બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ હૈદરી ચોક, નવપંચ જમાતખાના, જી.આઈ.ડી.સી. જુના ડબગરવાસ, વિજય ટોકીજ
		(૭) બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ કાછિયાવાડ, રાજપુરી દરવાજા ચોક, કુંભારવાડો, ઉપાધ્યાયનો ઝાંપો, પરા મહોલ્લો, પાંચ હાટડીયા
	બાલાસિનોર તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૮) બાલાસિનોર તાલુકામાં સમાવિષ્ટ મોજે. થરીલાટના આજુબાજુનો વિસ્તાર

અનુ. નં.	COVID-19 કોરોના કેસ પોઝીટીવ આવેલ હોય તે વિસ્તાર	COVID-19 બફર ઝોન (BUFFER ZONE)
૨	વિરપુર તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૯) વિરપુરમાં સમાવિષ્ટ ઘંટી સામેનું ફળીયું ઘાંચીવાડનો વિસ્તાર
		(૧૦) વિરપુરમાં સમાવિષ્ટ લીમરવાડા રોડ રામીના ઘરનો વિસ્તાર
		(૧૧) વિરપુરમાં સમાવિષ્ટ ગોકુલનાથ મંદિર પાસેનો વિસ્તાર
		(૧૨) વિરપુરમાં સમાવિષ્ટ નવાબનો મહેલ વિરપુરનો વિસ્તાર
૩	સંતરામપુર નગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૧૩) સંતરામપુર નગરપાલિકામાં સુથારવાડાના આગળ-પાછળનો તમામ વિસ્તાર
	સંતરામપુર તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૧૪) સંતરામપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. નરસીંગપુર (નંદનવન સોસાયટી) તા. સંતરામપુરનો તમામ વિસ્તાર
		(૧૫) સંતરામપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. મોવાસા (પટેલ ફળીયા) તા. સંતરામપુર જિ. મહીસાગરનો તમામ વિસ્તાર
૪	લુણાવાડા નગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૧૬) કન્ટેઈનમેન્ટ એરિયા સિવાયનો વોર્ડ નં. ૧ થી ૭ નો વિસ્તાર
		(૧૭) કન્ટેઈનમેન્ટ એરિયા સિવાયનો વોર્ડ નં. ૧ થી ૭ નો વિસ્તાર
		(૧૮) કન્ટેઈનમેન્ટ એરિયા સિવાયનો વોર્ડ નં. ૧ થી ૭ નો વિસ્તાર
		(૧૯) કન્ટેઈનમેન્ટ એરિયા સિવાયનો વોર્ડ નં. ૧ થી ૭ નો વિસ્તાર
	લુણાવાડા તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૨૦) લુણાવાડા તાલુકામાં સમાવિષ્ટ મોજે. મધવાસ પાતાપુર ગામનો કન્ટેઈનમેન્ટ એરિયા સિવાયનો તમામ વિસ્તાર
		(૨૧) લુણાવાડા તાલુકામાં સમાવિષ્ટ મોજે. અરીઠા ગામનો કન્ટેઈનમેન્ટ એરિયા સિવાયનો તમામ વિસ્તાર
૫	કડાણા તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૨૨) કડાણા તાલુકાના મોટા માછીવાડા ગામમાં સમાવિષ્ટ પટેલ ફળીયાનો વિસ્તાર
		(૨૩) કડાણા તાલુકાના ધનસુરા ગામમાં સમાવિષ્ટ ખાંટા ફળિયાનો વિસ્તાર
		(૨૪) કડાણા તાલુકાના મોટીરાઠ ગામમાં સમાવિષ્ટ પટેલ ફળીયાનો વિસ્તાર
૬	ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૨૫) ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. વડાગામ (વેરૈયા) ગામના પગી ફળીયું અને ચોતરા ફળીયાનો વિસ્તાર
		(૨૬) ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. ઈસરોડા ગામમાં સમાવિષ્ટ ચમાર ફળિયું અને પંચાલ ફળીયાનો વિસ્તાર

અમલવારીનો સમય

આ હુકમની અમલવારી તા. ૧લી ડિસેમ્બર, ૨૦૨૦ થી અન્ય કોઈ હુકમ ન થાય ત્યાં સુધી કરવાની રહેશે.

અપવાદ

આ હુકમ સરકારી ફરજ-કામગીરી ઉપરના હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી, સરકારી/ખાનગી દવાખાનાના સ્ટાફ તથા ઈમરજન્સી સેવા, કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ જાહેર સેવક કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તેમજ આવશ્યક ચીજવસ્તુઓનું પરિવહન કરતા વાહનો તથા સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ અધિકૃત પાસ ધરાવતા વ્યક્તિઓ અને વાહનોને લાગુ પડશે નહી.

શિક્ષા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૯૫ની જોગવાઈઓ વંચાણે લેતા આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮, તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ની કલમ-૫૧ થી ૬૦ મુજબ શિક્ષાને પાત્ર થશે. મહીસાગર જિલ્લામાં ફરજ પરના હાજર એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી તેમજ પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને તથા આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો વિરૂધ્ધ લેખિત ફરીયાદ નોંધાવવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૨૦ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ પ્રસિદ્ધ કરેલ છે.

વંચાણે લીધા :-

(૧) ધી એપેડેમિક ડિસિઝ એકટ-૧૮૯૭.

(૨) નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫.

(૩) અગ્રસચિવશ્રી, આરોગ્ય અને પ.ક. વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : No. GP/9/NCV/102020/SF-/G, તા. ૧૩/૦૩/૨૦૨૦.

(૪) અગ્રસચિવશ્રી, આરોગ્ય અને પ. ક. વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. એન.એચ.એમ./એસ.પી.એમ.યુ/પ્લાનીંગ COVID-19/ સત્તાઓ/૨૦૧૯-૨૦/ફા.૮૮/૧૯૬૬, તા. ૨૫/૦૩/૨૦૨૦.

(૫) ભારત સરકારના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના પત્ર D.O.No.Z.28015/19/2020-EMR (Pt.), તા. ૧૭-૦૫-૨૦૨૦

(૬) Ministry of Health & Family Welfare, Government of India ના Office Memorandum, F.No.Z.28015/30/2020-EMR, તા.૨૯-૦૭-૨૦૨૦

(૭) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મહીસાગરના પત્ર ક્રમાંક : જા. નં./નિરોગ/આર.સી.એચ/એ.આર.સી./વશી/૧૭૧, તા. ૧/૧૨/૨૦૨૦

જાહેરનામું

નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ની કલમ-૩૦, કલમ-૩૪ તથા ધી એપેડેમિક ડિસિઝ એકટ-૧૮૯૭ની કલમ-૨ હેઠળનું.

નં. એમએજી/COVID-19/કન્ટેઈનમેન્ટ એરિયા મુક્ત/જાહેરનામું/વશી/૩૪૪૯/૨૦૨૦.–સમગ્ર ગુજરાત રાજ્ય તેમજ ભારતમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાયેલ છે કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી તથા ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાવો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૩/૦૩/૨૦૨૦ના આમુખ(૩) જાહેરનામાંથી THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATIONS, 2020 જાહેર કરેલ છે. આમુખ(૪) થી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારશ્રી દ્વારા આ મહામારીની વર્તમાન પરિસ્થિતિનો સામનો કરવા તથા તેના સંક્રમણને નિયંત્રણમાં લેવા હેતુ જિલ્લા કક્ષાએ આયોજન, સંકલન તથા નિયંત્રણમાં લેવા જાહેર હીતમાં લેવાના તમામ પગલાઓ લેવા જિલ્લા કલેકટરશ્રીને જરૂરી સત્તાઓ સોપવામાં આવેલ છે.

અત્રેના મહિસાગર જિલ્લામાં કોરોના વાયરસ COVID-19 પોઝીટીવ કેસ પ્રકાશમાં આવતા આ વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લઈ લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલારૂપે નીચે પરિશિષ્ટમાં કોલમ નં. ૫માં દર્શાવેલ વિસ્તારોને COVID-19 Containment Area તરીકે જાહેર કરી આ વિસ્તારોમાં ભારત સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ જરૂરી પ્રતિબંધ દર્શાવતા જાહેરનામા પ્રસિધ્ધ કરવામાં આવેલ હતા.

આમુખ-(૭) થી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મહીસાગરનાઓએ કરેલ દરખાસ્ત મુજબ કોવિડ-૧૯ અંતર્ગત કન્ટેઈનમેન્ટ એરિયા અંગેના જાહેરનામા પ્રસિધ્ધ કર્યાના તારીખથી તે વિસ્તારોમાં છેલ્લો પોઝીટીવ કેસ મળ્યા તારીખથી ૧૪ દિવસ પૂર્ણ થતા અન્ય નવીન કેસ આવવાની શક્યતા ઓછી છે. તેમ જણાવી નીચે પરિશિષ્ટમાં કોલમ નં. ૫માં દર્શાવેલ કન્ટેઈનમેન્ટ વિસ્તારોને કન્ટેઈનમેન્ટ મુક્ત કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, હું આર. બી. બારડ, (I.A.S.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, મહીસાગર, નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ની કલમ-૨૬(૨) મુજબ અને ધી એપેડેમિક ડિસિઝ એકટ-૧૮૯૭ની કલમ-૨ તેમજ આમુખ(૪) થી મને મળેલ સત્તાની રૂએ નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૦ તથા કલમ-૩૪ હેઠળ ફરમાવું છું કે,

નીચે મુજબના પરિશિષ્ટમાં કોલમ નં. ૫માં દર્શાવેલ COVID-19 Containment Area ને પ્રતિબંધમાંથી આથી મુક્ત કરવામાં આવે છે.

પરિશિષ્ટ

અનુ. નં.	તાલુકાનું નામ	ગામ/નગરપાલિકાનું નામ	જાહેરનામું પ્રસિદ્ધ કર્યા તારીખ	મુક્ત કરવામાં આવેલ કન્ટેઈનમેન્ટ એરીયાની વિગત
૧	૨	૩	૪	૫
૧	ખાનપુર	વડાગામ	૦૭-૧૧-૨૦૨૦	ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. વડાગામમાં આવેલ સેવક ફળિયાનો વિસ્તાર

અનુ. નં.	તાલુકાનું નામ	ગામ/નગરપાલિકાનું નામ	જાહેરનામું પ્રસિદ્ધ કર્યા તારીખ	મુક્ત કરવામાં આવેલ કન્ટેઈનમેન્ટ એરીયાની વિગત
૧	૨	૩	૪	૫
૨	લુણાવાડા	લુણાવાડા નગરપાલિકામાં વોર્ડ નં. ૧ માં ક્રિષ્નાપાર્ક સોસાયટી વિસ્તાર	૧૩-૧૧-૨૦૨૦	લુણાવાડા નગરપાલિકામાં વોર્ડ નં. ૧ માં ક્રિષ્નાપાર્ક સોસાયટી વિસ્તારમાં આવેલ ડૉ. પ્રતિક જોશીના ઘરથી પટેલ હર્ષિલકુમાર રમેશભાઈના ઘર સુધીનો વિસ્તાર.

આજ તારીખ ૧લી ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિદ્ધ કરેલ છે.

વંચાણે લીધા :-

(૧) ધી એપેડેમિક ડિસિઝ એકટ-૧૮૯૭.

(૨) નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫.

(૩) અગ્રસચિવશ્રી, આરોગ્ય અને ૫.ક. વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : No. GP/9/NCV/102020/SF-/G, તા. ૧૩/૦૩/૨૦૨૦.

(૪) અગ્રસચિવશ્રી, આરોગ્ય અને ૫. ક. વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. એન.એચ.એમ./એસ.પી.એમ.યુ/પ્લાનીંગ COVID-19/ સત્તાઓ/૨૦૧૯-૨૦/ફા.૮૮/૧૯૬૬, તા. ૨૫/૦૩/૨૦૨૦.

(૫) ભારત સરકારના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના પત્ર D.O.No.Z.28015/19/2020-EMR (Pt.), તા. ૧૭-૦૫-૨૦૨૦

(૬) Ministry of Health & Family Welfare, Government of India ના Office Memorandum, F.No.Z.28015/30/2020-EMR, તા.૨૯-૦૭-૨૦૨૦

(૭) ભારત સરકારના ગૃહ મંત્રાલયના હુકમ નં. ૪૦-૩/૨૦૨૦-DM-I (A), તા. ૨૫/૧૧/૨૦૨૦.

(૯) ઈન્સીડન્ટ કમાન્ડર અને મામલતદારશ્રી બાલાસિનોરના પત્ર નં. MAG/જાહેરનામા/વશી/૧૫૫૩૮ થી ૧૫૫૩૯ તા. ૦૧/૧૨/૨૦૨૦.

(૧૦) ઈન્સીડન્ટ કમાન્ડર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ સંતરામપુર નં. ડિઝા/ COVID/જાહેરનામાં/વશી/૮૨૮/૨૦૨૦ તા. ૦૨/૧૨/૨૦૨૦.

(૧૧) લાયઝન અધિકારી અને સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ પ્રાન્ત લુણાવાડાના પત્ર નં. એમએજી/COVID-19/વશી/૧૨૪૨ તા. ૦૨/૧૨/૨૦૨૦.

(૧૨) ઈન્સીડન્ટ કમાન્ડર અને મામલતદાર કડાણાના નં. એમએજી/કોરોના/વશી/૧૫૫૫/૨૦૨૦ તા. ૦૧/૧૨/૨૦૨૦.

(૧૩) ઈન્સીડન્ટ કમાન્ડર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ ખાનપુર (બાકોર) (૧) નં. એમએજી/COVID-19/વશી/૧૬૮૦/૨૦૨૦, તા. ૦૧/૧૨/૨૦૨૦ (૨) નં. એમએજી/COVID-19/વશી/૧૬૮૧/૨૦૨૦, તા. ૦૨/૧૨/૨૦૨૦.

જાહેરનામું

નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ની કલમ-૩૦, કલમ-૩૪ તથા ધી એપેડેમિક ડિસિઝ એકટ-૧૮૯૭ની કલમ-૨ હેઠળનું.

નં. એમએજી/COVID-19/Containment Area/જાહેરનામું/વશી/૩૪૭૫/૨૦૨૦.–સમગ્ર ગુજરાત રાજ્ય તેમજ ભારતમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાયેલ છે કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી તથા ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાવો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૩/૦૩/૨૦૨૦ના આમુખ(૩) જાહેરનામાંથી THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATIONS, 2020 જાહેર કરેલ છે. આમુખ(૪) થી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારશ્રી દ્વારા આ મહામારીની વર્તમાન પરિસ્થિતિનો સામનો કરવા તથા તેના સંક્રમણને નિયંત્રણમાં લેવા હેતુ જિલ્લા કક્ષાએ આયોજન, સંકલન તથા નિયંત્રણમાં લેવા જાહેર હીતમાં લેવાના તમામ પગલાઓ લેવા જિલ્લા કલેકટરશ્રીને જરૂરી સત્તાઓ સોંપવામાં આવેલ છે.

સમગ્ર ભારત દેશમાં COVID-19ની અસરો ધ્યાને લેતાં ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા આમુખ (૭) ના હુકમથી કન્ટેનમેન્ટ ઝોનમાં તા. ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૦ સુધી લોકડાઉનની અવધિ લંબાવવામાં આવેલ છે. તેમજ જરૂરી ગાઈડલાઈન્સ પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

આમુખ (૯) અને આમુખ (૧૪) થી મળેલ દરખાસ્ત અનુસાર બાલાસિનોર નગરપાલિકા અને બાલાસિનોર તાલુકાના અને સંતરામપુર તાલુકાના અને લુણાવાડા નગરપાલિકાના લુણાવાડા તાલુકાના અને ખાનપુર તાલુકાના તથા કડાણા તાલુકાના વિસ્તારમાં વ્યક્તિઓના કોરોના ટેસ્ટ સેમ્પલ પોઝીટીવ આવેલ હોઈ આમુખ (૯) અને આમુખ (૧૩)ની દરખાસ્તમાં જણાવેલ વિસ્તારો મુજબ સદરહું વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલારૂપે લોકોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવવાની જરૂરીયાત જણાય છે.

વાસ્તે, હું આર. બી. બારડ, (I.A.S.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, મહીસાગર, નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ની કલમ-૨૬(૨) મુજબ અને ધી એપેડેમિક ડિસિઝ એકટ-૧૮૯૭ની કલમ-૨ તેમજ આમુખ(૪) થી મને મળેલ સત્તાની રૂએ નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૦ તથા કલમ-૩૪ હેઠળ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

(૧) નીચે જણાવેલ વિસ્તારોને COVID-19 Containment Area તરીકે જાહેર કરી આ વિસ્તારોમાં તમામ પ્રકારની અવર-જવર પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

અનુ. નં.	COVID-19 કોરોના કેસ પોઝીટીવ આવેલ હોય તે વિસ્તાર	COVID-19 કન્ટેન્મેન્ટ એરિયા (Containment Area)	ઘરોની કુલ સંખ્યા (આશરે)	કુલ વસ્તી (આશરે)
૧	બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૧) બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ કાજીવાડાનો વિસ્તાર	૩૦	૧૨૦
		(૨) બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ દેવ શેરીનો વિસ્તાર	૬૦	૨૪૦
	બાલાસિનોર તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૩) બાલાસિનોર તાલુકામાં સમાવિષ્ટ મોજે. પાંડવા મીઠાકુવા ફળીયાનો વિસ્તાર	૬૦	૨૩૦
૨	સંતરામપુર તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૪) સંતરામપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. ભાણાસીમલ ઉપલા ફળીયાના ગોરજીભાઈ પ્રતાપભાઈ ડામોરના ઘરથી સરદારભાઈ કલાભાઈ ડામોરના ઘર સુધીનો તમામ વિસ્તાર	૦૫	૧૮
		(૫) સંતરામપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. ગરાડીયા ગામના પટેલ ફળીયાના પટેલ લાલાભાઈ કાળુભાઈના ઘરથી પટેલ રૂખીબેન કાળુભાઈના ઘર સુધીનો તમામ વિસ્તાર	૧૦	૪૨
૩	લુણાવાડા નગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૬) લુણાવાડા નગરપાલિકામાં સમાવિષ્ટ (વોર્ડ નં. ૭)માં પેલેસ સોસાયટીમાં આવેલ ભોઈ અશોકભાઈ છગનભાઈ ઘરથી પટેલ વાડીલાલ હીરાભાઈના ઘર સુધીનો વિસ્તાર	૨૩	૬૮
		(૭) લુણાવાડા નગરપાલિકામાં સમાવિષ્ટ (વોર્ડ નં. ૭)માં પેલેસ સોસાયટીમાં આવેલ કાછીયા કૌશિકભાઈ મણીલાલના ઘરથી કાછીયા ચંપાબેન જીવરામભાઈના ઘર સુધીનો વિસ્તાર	૨૫	૯૪
	લુણાવાડા તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૮) લુણાવાડા તાલુકામાં સમાવિષ્ટ મોજે. ચાંપેલી ગામના મઠફળીયાનો તમામ વિસ્તાર	૨૧	૧૦૨
		(૯) લુણાવાડા તાલુકામાં સમાવિષ્ટ મોજે. કાકચીયા ગામના બાપુ ફળીયાનો તમામ વિસ્તાર	૨૦	૭૦
૪	કડાણા તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૧૦) કડાણા તાલુકામાં સમાવિષ્ટ મોજે. સંઘરી ગામમાં સમાવિષ્ટ ચોકડી ફળીયાનો વિસ્તાર	૦૭	૨૯

અનુ. નં.	COVID-19 કોરોના કેસ પોઝીટીવ આવેલ હોય તે વિસ્તાર	COVID-19 કન્ટેન્મેન્ટ એરિયા (Containment Area)	ઘરોની કુલ સંખ્યા (આશરે)	કુલ વસ્તી (આશરે)
૫	ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૧૧) ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. કાનેસર ગામમાં સમાવિષ્ટ વાળંદ ફળીયાનો વિસ્તાર	૧૪	૬૫
		(૧૨) ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. વાંકા ગામમાં સમાવિષ્ટ પટેલ ફળીયાનો વિસ્તાર	૦૬	૨૬

➢ ઉક્ત COVID-19 Containment Area વિસ્તારો માટે નીચે મુજબની અમલવારી કરવાની રહેશે.

- આ વિસ્તારોના એન્ટ્રી અને એકઝીટ પોઈન્ટ પર સરકારશ્રીની આરોગ્ય વિભાગની ગાઈડલાઈન (SOP) મુજબ આરોગ્ય ટીમ દ્વારા ૧૦૦% થર્મલ સ્ક્રીનીંગ કરવાનું રહેશે.

- આ વિસ્તારોમાં આરોગ્ય વિભાગના નક્કી કરેલ પ્રોટોકોલ મુજબ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ અને સેમ્પલિંગની કાર્યવાહી કરવાની રહેશે.

- આ વિસ્તારોને આવરી લેતા તમામ માર્ગો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવાનો રહેશે તથા એન્ટ્રી અને એકઝીટ પોઈન્ટ સિવાયના તમામ રસ્તા યોગ્ય બેરીકેડિંગ કરીને સંપૂર્ણ બંધ કરવાના રહેશે અને આખા વિસ્તારોને સીલબંધ કરી દેવાનો રહેશે. જેથી એન્ટ્રી અને એકઝીટ પોઈન્ટ સિવાયના અન્ય કોઈ પણ રસ્તેથી કોઈપણ વ્યક્તિ કે વાહન પ્રવેશી ન શકે કે બહાર ન જઈ શકે. પોલીસ વિભાગે તમામ વ્યક્તિ તથા વાહનોનો વિગતવાર રેકોર્ડ રાખવાનો રહેશે.

- આ વિસ્તારોમાં બહારની કોઈ પણ વ્યક્તિ અંદર જઈ શકશે નહી તથા આ વિસ્તારોના રહેવાસી કોઈપણ વ્યક્તિ બહાર જઈ શકશે નહી.

- આ વિસ્તારોના એન્ટ્રી અને એકઝીટ પોઈન્ટ પર આરોગ્ય ટીમ અને પોલીસ ટીમે કંટ્રોલ રૂમ ઉભો કરવાનો રહેશે અને 24 × 7 રાઉન્ડ ધ કલોક ત્યાંથી તમામ બાબતોનું નિયમન કરવાનું રહેશે. આવશ્યક સેવાઓ (તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવન-જાવનની પ્રવૃત્તિઓ ન થાય તે મુજબ નિયંત્રણ કરવામાં આવશે.

- ભારત સરકારશ્રીના Containment Area પ્લાનની ગાઈડલાઈનનું ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે.

- સદરહું કન્ટેન્મેન્ટ એરિયા (Containment Area) માં સમાવિષ્ટ તમામ રહેવાસી લોકોએ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના આમુખ (૬) થી પ્રસિધ્ધ કરેલ ગાઈડલાઈન મુજબ આરોગ્ય સેતુ એપ્લીકેશન (Arogya Setu app) પોતાના મોબાઈલમાં ડાઉનલોડ કરીને જરૂરી વિગતો દૈનિક ધોરણે અપડેટ કરવાની રહેશે. આ પ્રકારના વિસ્તારમાં ૧૦૦% આરોગ્ય સેતુ એપ્લીકેશન (Arogya Setu app) લોકો ડાઉનલોડ કરે તેની સઘળી જવાબદારી સ્થાનિક વહીવટી તંત્રની રહેશે.

- ભારત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય (MoHFW) દ્વારા પ્રસિધ્ધ થતી તમામ આરોગ્યલક્ષી સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

- ભારત સરકારશ્રીની આમુખ (૭) થી પ્રસિધ્ધ થયેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) મહિસાગર જિલ્લામાં બાલાસિનોર નગરપાલિકામાં અને બાલાસિનોર તાલુકામાં અને સંતરામપુર તાલુકામાં અને લુણાવાડા નગરપાલિકામાં લુણાવાડા તાલુકામાં અને ખાનપુર તાલુકામાં તથા કડાણા તાલુકામાં ઉપર મુજબના જાહેર કરેલ Containment Area ઉપરાંત નીચે મુજબના વિસ્તારોને બફર ઝોન (BUFFER ZONE) તરીકે જાહેર કરી આ ઝોનની હદને સીલ કરવામાં આવે છે. સદરહુ વિસ્તારોમાં ફરજીયાત માસ્ક પહેરવું તથા સોશિયલ ડીસ્ટન્સ જાળવવાનું રહેશે તેમજ ઉક્ત વંચાણે લીધેલ કેન્દ્ર/રાજ્ય સરકારશ્રી, તથા અત્રેની કચેરીના વખતોવખતના જાહેરનામા / હુકમ/ માર્ગદર્શિકાઓની ચુસ્ત અમલવારી કરવાની રહેશે.

અનુ. નં.	COVID-19 કોરોના કેસ પોઝીટીવ આવેલ હોય તે વિસ્તાર	COVID-19 બફર ઝોન (BUFFER ZONE)
૧	બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૧) બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ વિજય ટોકીજ, નિશાળ ચોક, જુનુ શાકમાર્કેટ, જુની મામલતદાર કચેરી, લીમ મસ્જીદ
		(૨) બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ જુની શાકમાર્કેટ, ધરિયાવાડ, બહુચરીમાતા વિસ્તાર, ખારાકુવા, પીપળાશેરી, તથા હાથીખાના તથા મદન મોહન મંદિર વિસ્તાર
	બાલાસિનોર તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૩) બાલાસિનોર તાલુકામાં સમાવિષ્ટ મોજે. પાંડવામાં મીઠાકુવા ફળિયાની આજુબાજુનો વિસ્તાર
૨	સંતરામપુર તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૪) સંતરામપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. ભાણાસીમલ ગામના ઉપલાફળીના ગેંદાલભાઈ મનજીભાઈ ડામોરના ઘર થી બાબુભાઈ તેજાભાઈ ડામોરના ઘર સુધીનો તમામ વિસ્તાર
		(૫) સંતરામપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. ગરાડીયા ગામના પટેલ ફળીયાના પટેલ જમનાબેન હીરાભાઈ ના ઘરથી પટેલ ભરતભાઈ ધુળાભાઈના ઘર સુધીનો તમામ વિસ્તાર
૩	લુણાવાડા નગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૬) કન્ટેઈનમેન્ટ એરિયા સિવાયનો વોર્ડ નં. ૧ થી ૭ નો વિસ્તાર
		(૭) કન્ટેઈનમેન્ટ એરિયા સિવાયનો વોર્ડ નં. ૧ થી ૭ નો વિસ્તાર
	લુણાવાડા તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૮) લુણાવાડા તાલુકામાં સમાવિષ્ટ મોજે. ચાંપેલી ગામનો કન્ટેઈનમેન્ટ એરિયા સિવાયનો તમામ વિસ્તાર
		(૯) લુણાવાડા તાલુકામાં સમાવિષ્ટ મોજે. કાકચીયા ગામનો કન્ટેઈનમેન્ટ એરિયા સિવાયનો તમામ વિસ્તાર
૪	કડાણા તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૧૦) કડાણા તાલુકાના મોજે. સંઘરી ગામમાં સમાવિષ્ટ પટેલ ફળીયાનો વિસ્તાર
૫	ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ વિસ્તાર	(૧૧) ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. કાનેસર ગામના વાળંદ ફળીયાના પટેલ ફળીયા-૧ તથા પટેલ ફળીયા-૨નો વિસ્તાર
		(૧૨) ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. વાંકા ગામમાં સમાવિષ્ટ પટેલ ફળીયુ (પૂર્વ બાજુ), પટેલ ફળીયું-૧ (પશ્ચિમ બાજુ), પટેલ/પંચાલ ફળીયું (ઉત્તર બાજુ), પટેલ ફળીયું-૨ (દક્ષિણ બાજુ)નો વિસ્તાર

અમલવારીનો સમય

આ હુકમની અમલવારી તા. ૨જી ડીસેમ્બર, ૨૦૨૦ થી અન્ય કોઈ હુકમ ન થાય ત્યાં સુધી કરવાની રહેશે.

અપવાદ

આ હુકમ સરકારી ફરજ-કામગીરી ઉપરના હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી, સરકારી/ખાનગી દવાખાનાના સ્ટાફ તથા ઈમરજન્સી સેવા, કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ જાહેર સેવક કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તેમજ આવશ્યક ચીજવસ્તુઓનું પરિવહન કરતા વાહનો તથા સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ અધિકૃત પાસ ધરાવતા વ્યક્તિઓ અને વાહનોને લાગુ પડશે નહી.

શિક્ષા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૯૫ની જોગવાઈઓ વંચાણે લેતા આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮, તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ની કલમ-૫૧ થી ૬૦ મુજબ શિક્ષાને પાત્ર થશે. મહીસાગર જિલ્લામાં ફરજ પરના હાજર એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી તેમજ પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને તથા આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો વિરૂધ્ધ લેખિત ફરીયાદ નોંધાવવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૨૦ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ પ્રસિદ્ધ કરેલ છે.

વંચાણે લીધા :-

(૧) ધી એપેડેમિક ડિસિઝ એકટ-૧૮૯૭.

(૨) નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫.

(૩) અગ્રસચિવશ્રી, આરોગ્ય અને પ.ક. વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : No. GP/9/NCV/102020/SF-/G, તા. ૧૩/૦૩/૨૦૨૦.

(૪) અગ્રસચિવશ્રી, આરોગ્ય અને પ. ક. વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. એન.એચ.એમ./એસ.પી.એમ.યુ/પ્લાનીંગ COVID-19/ સત્તાઓ/૨૦૧૯-૨૦/ફા.૮૮/૧૯૬૬, તા. ૨૫/૦૩/૨૦૨૦.

(૫) ભારત સરકારના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના પત્ર D.O.No.Z.28015/19/2020-EMR (Pt.), તા. ૧૭-૦૫-૨૦૨૦

(૬) Ministry of Health & Family Welfare, Government of India ના Office Memorandum, F.No.Z.28015/30/2020-EMR, તા.૨૯-૦૭-૨૦૨૦

(૭) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મહીસાગરના પત્ર ક્રમાંક જા. નં./નિરોગ/આર.સી.એચ/એ.આર.સી./વશી/૧૭૨, તા. ૦૨/૧૨/૨૦૨૦

જાહેરનામું

નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ની કલમ-૩૦, કલમ-૩૪ તથા ધી એપેડેમિક ડિસિઝ એકટ-૧૮૯૭ની કલમ-૨ હેઠળનું.

નં. એમએજી/COVID-19/કન્ટેઈનમેન્ટ એરિયા મુક્ત/જાહેરનામું/વશી/૩૪૭૯/૨૦૨૦.–સમગ્ર ગુજરાત રાજ્ય તેમજ ભારતમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાયેલ છે કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી તથા ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાવો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૩/૦૩/૨૦૨૦ના આમુખ(૩) જાહેરનામાંથી THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATIONS, 2020 જાહેર કરેલ છે. આમુખ(૪) થી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારશ્રી દ્વારા આ મહામારીની વર્તમાન પરિસ્થિતિનો સામનો કરવા તથા તેના સંક્રમણને નિયંત્રણમાં લેવા હેતુ જિલ્લા કક્ષાએ આયોજન, સંકલન તથા નિયંત્રણમાં લેવા જાહેર હીતમાં લેવાના તમામ પગલાઓ લેવા જિલ્લા કલેકટરશ્રીને જરૂરી સત્તાઓ સોપવામાં આવેલ છે.

અત્રેના મહિસાગર જિલ્લામાં કોરોના વાયરસ COVID-19 પોઝીટીવ કેસ પ્રકાશમાં આવતા આ વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લઈ લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલારૂપે નીચે પરિશિષ્ટમાં કોલમ નં. ૫માં દર્શાવેલ વિસ્તારોને COVID-19 Containment Area તરીકે જાહેર કરી આ વિસ્તારોમાં ભારત સરકારશ્રીની ગાઇડલાઇન મુજબ જરૂરી પ્રતિબંધ દર્શાવતા જાહેરનામા પ્રસિધ્ધ કરવામાં આવેલ હતા.

આમુખ-(૭) થી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મહીસાગરનાઓએ કરેલ દરખાસ્ત મુજબ કોવિડ-૧૯ અંતર્ગત કન્ટેઈનમેન્ટ એરિયા અંગેના જાહેરનામા પ્રસિધ્ધ કર્યાના તારીખથી તે વિસ્તારોમાં છેલ્લો પોઝીટીવ કેસ મળ્યા તારીખથી ૧૪ દિવસ પૂર્ણ થતા અન્ય નવીન કેસ આવવાની શક્યતા ઓછી છે. તેમ જણાવી નીચે પરિશિષ્ટમાં કોલમ નં. ૫માં દર્શાવેલ કન્ટેઈનમેન્ટ વિસ્તારોને કન્ટેઈનમેન્ટ મુક્ત કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, હું આર. બી. બારડ, (I.A.S.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, મહીસાગર, નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ની કલમ-૨૬(૨) મુજબ અને ધી એપેડેમિક ડિસિઝ એકટ-૧૮૯૭ની કલમ-૨ તેમજ આમુખ(૪) થી મને મળેલ સત્તાની રૂએ નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૦ તથા કલમ-૩૪ હેઠળ ફરમાવું છું કે,

નીચે મુજબના પરિશિષ્ટમાં કોલમ નં. ૫માં દર્શાવેલ COVID-19 Containment Area ને પ્રતિબંધમાંથી આથી મુક્ત કરવામાં આવે છે.

પરિશિષ્ટ

અનુ. નં.	તાલુકાનું નામ	ગામ/નગરપાલિકાનું નામ	જાહેરનામું પ્રસિદ્ધ કર્યા તારીખ	મુક્ત કરવામાં આવેલ કન્ટેઈનમેન્ટ એરીયાની વિગત
૧	૨	૩	૪	૫
૧	ખાનપુર	વડાગામ	૧૮/૧૧/૨૦૨૦	(૧) ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. વડાગામ(જેતપુર) નું જુનું સરપંચ ફળીયું
૨	ખાનપુર	ટાંકાના ભેવાડા	૧૮/૧૧/૨૦૨૦	(૨) ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. ટાંકાના ભેવાડાનું ચૌહાણ યોગેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ ફાર્મ હાઉસ
૩	ખાનપુર	લીમડીયા	૧૮/૧૧/૨૦૨૦	(૩) ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. લીમડીયા ગામનું રામજી મંદિર ફળીયું
૪	ખામપુર	મુડાવડેખ	૧૮/૧૧/૨૦૨૦	(૪) ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. મુડાવડેખ ગામનું આંબલીવાળું ફળીયું
૫	ખાનપુર	મોકમસિંહ નાં ભેવાડા	૧૮/૧૧/૨૦૨૦	(૫) ખાનપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. મોકમસિંહના ભેવાડા ગામનું પટેલ ફળીયું
૬	બાલાસિનોર	બાલાસિનોર	૧૮/૧૧/૨૦૨૦	(૬) બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ ઉમિયાકૃપા સોસાયટી વિસ્તાર
૭	બાલાસિનોર	કન્બોપા	૧૮/૧૧/૨૦૨૦	(૭) બાલાસિનોર તાલુકામાં સમાવિષ્ટ કંબોપા (પ્રજાપતિ ફળીયુ)નો વિસ્તાર
૮	બાલાસિનોર	બાલાસિનોર	૧૮/૧૧/૨૦૨૦	(૮) બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ કુંભાર ટેકરો, પટેલવાડાનો વિસ્તાર
૯	લુણાવાડા	ચુવાના મુવાડા (મધવાસ)	૧૮/૧૧/૨૦૨૦	(૯) લુણાવાડા તાલુકામાં સમાવિષ્ટ મોજે. ચુવાનામુવાડા (મધવાસ) પટેલ ફળીયામાં આવેલ પટેલ દયાળભાઈ હીરાભાઈના ઘરથી પટેલ મુકેશભાઈ રણછોડભાઈના ઘર સુધીનો વિસ્તાર
૧૦	લુણાવાડા	લુણાવાડા નગરપાલિકામાં આવેલ વાઘરીવાસ/રામનગર/ મોટીચરેલ મોટાઘોડા રોડ વિસ્તાર	૧૮/૧૧/૨૦૨૦	(૧૦) લુણાવાડા નગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ લુણાવાડા નગરપાલિકામાં આવેલ વાઘરીવાસ/રામનગર/ મોટીચરેલ-મોતીઘોડા રોડ વિસ્તારના વાઘરી લાલાભાઈ જયંતિભાઈના ઘરથી દંતાણી રાકેશભાઈ રમેશભાઈના ઘર સુધીનો વિસ્તાર
૧૧	લુણાવાડા	લુણાવાડા નગરપાલિકામાં વોર્ડ નં. ૬ ના હાટડીયા બજાર વિસ્તાર	૧૮/૧૧/૨૦૨૦	(૧૧) લુણાવાડા નગરપાલિકામાં આવેલ વોર્ડ નં. ૬ના હાટડીયા બજાર વિસ્તારમાં પઢીયાર હરબાલસિંહ પ્રવિણસિંહના ઘરથી કડિયા નંદુભાઈ ગણપતભાઈના ઘર સુધીનો વિસ્તાર
૧૨	લુણાવાડા	લુણાવાડા નગરપાલિકામાં વોર્ડ નં. ૪ નાં ભોઈવાડા વિસ્તાર	૧૮/૧૧/૨૦૨૦	(૧૨) લુણાવાડા નગરપાલિકામાં આવેલ વોર્ડ નં. ૪ ના ભોઈવાડા વિસ્તારમાં ભોઈ મનિષાબેન દિલિપભાઈના ઘરથી ભોઈ અરવિંદભાઈ ભીખાભાઈના ઘર સુધીનો વિસ્તાર

અનુ. નં.	તાલુકાનું નામ	ગામ/નગરપાલિકાનું નામ	જાહેરનામું પ્રસિદ્ધ કર્યા તારીખ	મુક્ત કરવામાં આવેલ કન્ટેઈનમેન્ટ એરીયાની વિગત
૧	૨	૩	૪	૫
૧૩	સંતરામપુર	સંતરામપુર નગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં. ૫	૧૮/૧૧/૨૦૨૦	(૧૩) સંતરામપુર નગરપાલિકા વિસ્તારના વોર્ડ નંબર-૫ ફારૂક અયુબમીયા શેખના ઘરથી કાળુભાઈ ગેંદાલભાઈ પારગીના ઘર સુધીનો વિસ્તાર
૧૪	સંતરામપુર	સંતરામપુર નગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં. ૩	૧૮/૧૧/૨૦૨૦	(૧૪) સંતરામપુર નગરપાલિકા વિસ્તારના વોર્ડ નંબર-૩ સત્યપ્રકાશ સોસાયટી સંતરામપુરના મીનાક્ષીબેન અભિષેક ચીકલીયરના ઘરથી કમળાબેન કાંતીલાલ ભાટીયાના ઘર સુધીનો વિસ્તાર
૧૫	સંતરામપુર	સંતરામપુર નગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૩	૧૮/૧૧/૨૦૨૦	(૧૫) સંતરામપુર નગરપાલિકા વિસ્તારના વોર્ડ નંબર-૩ LIC ઓફીસની સામેના ધર્મેશકુમાર જયંતીલાલ ચૌહાણના ઘરથી ત્રીપુરા વેલ્ડીંગ વર્કસ સંતરામપુર સુધીનો વિસ્તાર

આજ તારીખ ૨જી ડીસેમ્બર, ૨૦૨૦ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિદ્ધ કરેલ છે.

વંચાણે લીધા :-

(૧) ધી એપેડેમિક ડિસિઝ એકટ-૧૮૯૭.

(૨) નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫.

(૩) અગ્રસચિવશ્રી, આરોગ્ય અને ૫.ક. વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : No. GP/9/NCV/102020/SF-/G, તા. ૧૩/૦૩/૨૦૨૦.

(૪) અગ્રસચિવશ્રી, આરોગ્ય અને ૫. ક. વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. એન.એચ.એમ./એસ.પી.એમ.યુ/પ્લાનીંગ COVID-19/ સત્તાઓ/૨૦૧૯-૨૦/ફા.૮૮/૧૯૬૬, તા. ૨૫/૦૩/૨૦૨૦.

(૫) ભારત સરકારના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના પત્ર D.O.No.Z.28015/19/2020-EMR (Pt.), તા. ૧૭-૦૫-૨૦૨૦

(૬) Ministry of Health & Family Welfare, Government of India ના Office Memorandum, F.No.Z.28015/30/2020-EMR, તા.૨૯-૦૭-૨૦૨૦

(૭) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મહીસાગરના પત્ર ક્રમાંક જા. નં./નિરોગ/આર.સી.એચ/એ.આર.સી./વશી/૧૭૩, તા. ૦૩/૧૨/૨૦૨૦

જાહેરનામું

નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ની કલમ-૩૦, કલમ-૩૪ તથા ધી એપેડેમિક ડિસિઝ એકટ-૧૮૯૭ની કલમ-૨ હેઠળનું.

નં. એમએજી/COVID-19/કન્ટેઈનમેન્ટ એરિયા મુક્ત/જાહેરનામું/વશી/૩૪૮૮/૨૦૨૦.–સમગ્ર ગુજરાત રાજ્ય તેમજ ભારતમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાયેલ છે કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી તથા ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાવો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૩/૦૩/૨૦૨૦ના આમુખ(૩) જાહેરનામાંથી THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATIONS, 2020 જાહેર કરેલ છે. આમુખ(૪) થી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારશ્રી દ્વારા આ મહામારીની વર્તમાન પરિસ્થિતિનો સામનો કરવા તથા તેના સંક્રમણને નિયંત્રણમાં લેવા હેતુ જિલ્લા કક્ષાએ આયોજન, સંકલન તથા નિયંત્રણમાં લેવા જાહેર હીતમાં લેવાના તમામ પગલાઓ લેવા જિલ્લા કલેકટરશ્રીને જરૂરી સત્તાઓ સોપવામાં આવેલ છે.

અત્રેના મહિસાગર જિલ્લામાં કોરોના વાયરસ COVID-19 પોઝીટીવ કેસ પ્રકાશમાં આવતા આ વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લઈ લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલારૂપે નીચે પરિશિષ્ટમાં કોલમ નં. ૫માં દર્શાવેલ વિસ્તારોને COVID-19 Containment Area તરીકે જાહેર કરી આ વિસ્તારોમાં ભારત સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ જરૂરી પ્રતિબંધ દર્શાવતા જાહેરનામા પ્રસિધ્ધ કરવામાં આવેલ હતા.

આમુખ-(૭) થી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મહીસાગરનાઓએ કરેલ દરખાસ્ત મુજબ કોવિડ-૧૯ અંતર્ગત કન્ટેઈનમેન્ટ એરિયા અંગેના જાહેરનામા પ્રસિધ્ધ કર્યાના તારીખથી તે વિસ્તારોમાં છેલ્લો પોઝીટીવ કેસ મળ્યા તારીખથી ૧૪ દિવસ પૂર્ણ થતા અન્ય નવીન કેસ આવવાની શક્યતા ઓછી છે. તેમ જણાવી નીચે પરિશિષ્ટમાં કોલમ નં. ૫માં દર્શાવેલ કન્ટેઈનમેન્ટ વિસ્તારોને કન્ટેઈનમેન્ટ મુક્ત કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, હું આર. બી. બારડ, (I.A.S.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, મહીસાગર, નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ની કલમ-૨૬(૨) મુજબ અને ધી એપેડેમિક ડિસિઝ એકટ-૧૮૯૭ની કલમ-૨ તેમજ આમુખ(૪) થી મને મળેલ સત્તાની રૂએ નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૦ તથા કલમ-૩૪ હેઠળ ફરમાવું છું કે,

નીચે મુજબના પરિશિષ્ટમાં કોલમ નં. ૫માં દર્શાવેલ COVID-19 Containment Area ને પ્રતિબંધમાંથી આથી મુક્ત કરવામાં આવે છે.

પરિશિષ્ટ

અનુ. નં.	તાલુકાનું નામ	ગામ/નગરપાલિકાનું નામ	જાહેરનામું પ્રસિદ્ધ કર્યા તારીખ	મુક્ત કરવામાં આવેલ કન્ટેઈનમેન્ટ એરીયાની વિગત
૧	૨	૩	૪	૫
૧	ખાનપુર	વાવો	૧૯/૧૧/૨૦૨૦	(૧) ખાનપુર તાલુકામાં મોજે. વાવો ગામના પટેલ ફળીયાનો વિસ્તાર
૨	ખાનપુર	બોરવાઈ	૧૯/૧૧/૨૦૨૦	(૨) ખાનપુર તાલુકામાં મોજે. બોરવાઈ ગામના ભુત આમલા ફળીયાનો વિસ્તાર
૩	કડાણા	જાગુના મુવાડા	૧૯/૧૧/૨૦૨૦	(૩) કડાણા તાલુકામાં મોજે. જાગુના મુવાડા ગામમાં સમાવિષ્ટ મંદિર ફળીયાનો વિસ્તાર
૪	બાલાસિનોર	બળીયાદેવ	૧૯/૧૧/૨૦૨૦	(૪) બાલાસિનોર તાલુકામાં સમાવિષ્ટ બળીયાદેવ A.C.C ક્વોરી સીમનો વિસ્તાર
૫	બાલાસિનોર	બાલાસિનોર	૧૯/૧૧/૨૦૨૦	(૫) બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ કડિયાઢાળનો વિસ્તાર
૬	બાલાસિનોર	બાલાસિનોર	૧૯/૧૧/૨૦૨૦	(૬) બાલાસિનોર નગરપાલિકામાં સમાવિષ્ટ વ્હોરવાડનો વિસ્તાર
૭	લુણાવાડા	સાગાના મુવાડા	૧૯/૧૧/૨૦૨૦	(૭) લુણાવાડા તાલુકામાં મોજે. સગાનામુવાડા ગામમાં પટેલ ફળીયાના ગંગાબેન નારણના ઘરથી પટેલ હરી રાયજીના ઘર સુધીનો વિસ્તાર
૮	સંતરામપુર	ગોઠીબ (ખાંડિયા)	૧૯/૧૧/૨૦૨૦	(૮) સંતરામપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. ગોઠીબ (મંદિર ફળીયું) તા. સંતરામપુર જિ. મહીસાગરના પટેલ હરજીવન ભગવાનભાઈના ઘરથી પટેલ રિનલભાઈ રમેશભાઈના ઘર સુધીનો વિસ્તાર
૯	સંતરામપુર	નરસિંગપુર	૧૯/૧૧/૨૦૨૦	(૯) સંતરામપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. નરસીંગપુર (વનવિહાર સોસાયટી) તા. સંતરામપુર જિ. મહીસાગરના બળવંતભાઈ વલમભાઈ ભમાતના ઘરથી શાંતાબેન મણીલાલ વાગડીયાના ઘર સુધીનો વિસ્તાર

અનુ. નં.	તાલુકાનું નામ	ગામ/નગરપાલિકાનું નામ	જાહેરનામું પ્રસિદ્ધ કર્યા તારીખ	મુક્ત કરવામાં આવેલ કન્ટેઈનમેન્ટ એરીયાની વિગત
૧	૨	૩	૪	૫
૧૦	વિરપુર	વિરપુર	૧૯/૧૧/૨૦૨૦	(૧૦) વિરપુર તાલુકામાં સમાવિષ્ટ ખાટકીવાસ-નવી સોસાયટી વિરપુર જિ. મહીસાગરનો વિસ્તાર
૧૧	વિરપુર	લીમરવાડા	૧૯/૧૧/૨૦૨૦	(૧૧) વિરપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. લીમરવાડા ખાખરાના મુવાડા તા. વિરપુર જિ. મહીસાગરનો વિસ્તાર
૧૨	વિરપુર	સલૈયા	૧૯/૧૧/૨૦૨૦	(૧૨) વિરપુર તાલુકામાં સમાવિષ્ટ મોજે. સાલૈયા-પટેલ ફળીયુ, તા. વિરપુર જિ. મહીસાગરનો વિસ્તાર

આજ તારીખ ૩જી ડીસેમ્બર, ૨૦૨૦ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિદ્ધ કરેલ છે.

વંચાણે લીધા :-

(૧) અગ્રસચિવશ્રી, આરોગ્ય અને ૫. ક. વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક No. GP/9/NCV/102020/SF-1/G તા.૧૩/૦૩/૨૦૨૦.

(૨) અગ્રસચિવશ્રી, આરોગ્ય અને ૫. ક. વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. એન.એચ.એમ./એસ.પી.એમ.યુ/પ્લાનીંગ COVID-19/સત્તાઓ/૨૦૧૯-૨૦/ફા.૮૮/૧૯૬૬, તા. ૨૫/૦૩/૨૦૨૦.

(૩) ગુજરાત સરકારના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક :જીજી/૬૫/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા.૧/૧૦/૨૦૨૦.

(૪) ભારત સરકારના ગૃહ મંત્રાલયના હુકમ નં.૪૦-૩/૨૦૨૦-DM-I(A), તા.૨૭/૧૦/૨૦૨૦.

(૫) ગુજરાત સરકારના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક :જીજી/૭૫/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૨/૧૧/૨૦૨૦.

(૬) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક નં.એમએજી/COVID-19/જાહેરનામું/વશી/૨૬૮૮/૨૦૨૦ તા.૧/૧૦/૨૦૨૦.

(૭) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક નં.એમએજી/COVID-19/જાહેરનામું/વશી/૩૧૦૫/૨૦૨૦ તા.૨/૧૧/૨૦૨૦.

(૮) ભારત સરકારના ગૃહ મંત્રાલયના હુકમ નં.૪૦-૩/૨૦૨૦-DM-I(A), તા.૨૫/૧૧/૨૦૨૦

(૯) ગુજરાત સરકારના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક :જીજી/૭૬/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૨/૧૨/૨૦૨૦.

(૧૦) નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫.

(૧૧) ધી એપેડેમિક ડિસિઝ એક્ટ-૧૮૯૭.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪, ગુજરાત એપેડેમીક ડીસીઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ,૨૦૨૦ તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૪ હેઠળનું.

નં. એમએજી/COVID-19/જાહેરનામું/વશી/૩૫૫૫/૨૦૨૦.–સમગ્ર ગુજરાત રાજ્ય તેમજ ભારત દેશમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાયેલ છે કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી તથા ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાવો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા તથા કેટલીક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૩/૦૩/૨૦૨૦ના આમુખ(૩) જાહેરનામાંથી THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATIONS, 2020 જાહેર કરેલ છે.

સમગ્ર ભારત દેશમાં COVID-19 ની અસરો ધ્યાને લેતાં ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા આમુખ (૩)ના હુકમથી કન્ટેનમેન્ટ ઝોનમાં તા.૩૦/૧૧/૨૦૨૦ સુધી Lock downની અવધિ લંબાવવામાં આવેલ તથા કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત

પ્રવૃત્તિ ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ. જેના અનુસંધાને ગૃહ વિભાગ ગુજરાત સરકાર દ્વારા આમુખ (૫) થી સમગ્ર ગુજરાત રાજ્યમાં જાહેર કરવામાં આવેલ કન્ટેનમેન્ટ ઝોનમાં તા.૧/૧૧/૨૦૨૦ના ૦૦.૦૦ કલાક થી તા.૩૦/૧૧/૨૦૨૦ના ૨૪.૦૦ કલાક સુધી Lock downની અવધિ લંબાવવામાં આવેલ તથા કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃત્તિ ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ જે અનુસંધાને આમુખ (૭)થી અત્રેના જિલ્લામાં તા.૩૦/૧૧/૨૦૨૦ના ૨૪.૦૦ કલાક સુધી જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ.

સમગ્ર ભારત દેશમાં COVID-19 ની અસરો ધ્યાને લેતાં National Disaster Management Authorityના નિર્દેશો મુજબ ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા આમુખ (૮)ના હુકમથી કન્ટેનમેન્ટ ઝોનમાં તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી Lock downની અવધિ લંબાવવામાં આવેલ તથા ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના આમુખ (૩) થી જાહેર કરવામાં આવેલ માર્ગદર્શક સુચનાઓ જે તા.૩૦/૧૧/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ તેને તા. ૩૧-૧૨-૨૦૨૦ સુધી આમુખ (૯) થી ગુજરાત સરકારશ્રી, ગૃહ વિભાગના જાહેરનામાથી બાવવામાં આવેલ છે.

લગ્ન/સત્કાર સમારંભો જેવી ઉજવણીઓ તથા મૃત્યુ પ્રસંગે વ્યક્તિઓની સંખ્યા સંબંધમાં ગુજરાત સરકારશ્રી ગૃહ વિભાગના તા.૨૪/૧૧/૨૦૨૦ના હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨થી બહાર પાડવામાં આવેલ SOP/માર્ગદર્શક સુચનાઓ યથાવત રાખવામાં આવેલ છે. જેના અનુસંધાને,

વાસ્તે, હું આર. બી. બારડ, (I.A.S.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, મહીસાગર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪, ગુજરાત એપેડેમીક ડીસીઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ,૨૦૨૦ તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૪ હેઠળ ફરમાવું છું કે,

(૧) મહીસાગર જિલ્લામાં જાહેર કરવામાં આવેલ કન્ટેનમેન્ટ ઝોનમાં તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી lock downની અવધિ લંબાવવામાં આવેલ છે.

(૨) અત્રેની કચેરીના આમુખ (૬) અને આમુખ (૭) થી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામા/માર્ગદર્શક સુચનાઓ યથાવત રાખવામાં આવે છે.

નોંધ : આ જાહેરનામાના સંદર્ભમાં ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાયલની તા.૨૫/૧૧/૨૦૨૦ અગ્રેજી ભાષામાં પ્રસિધ્ધ થયેલ સુચનાઓ અને ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક : જીજી/૭૬/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, ૨/૧૨/૨૦૨૦થી પ્રસિધ્ધ થયેલ સુચનાઓનું અર્થઘટન માન્ય રહેશે.

વિસ્તાર

''આ જાહેરનામું સમગ્ર મહીસાગર જિલ્લામાં લાગુ પડશે.''

અમલવારીનો સમય

આ હુકમની અમલવારી તા. ૩જી ડિસેમ્બર, ૨૦૨૦ થી અન્ય કોઇ હુકમ ન થાય ત્યાં સુધી કરવાની રહેશે.

અપવાદ

આ હુકમ સરકારી ફરજ-કામગીરી ઉપરના હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી, સરકારી/ખાનગી દવાખાનાના સ્ટાફ તથા ઈમરજન્સી સેવા, કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ જાહેર સેવક કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તેમજ આવશ્યક ચીજવસ્તુઓનું પરિવહન કરતા વાહનો તથા સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ અધિકૃત પાસ ધરાવતા વ્યક્તિઓ અને વાહનોને લાગુ પડશે નહી.

શિક્ષા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૯૫ની જોગવાઈઓ વંચાણે લેતા આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮, તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ની કલમ-૫૧ થી ૬૦ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મહીસાગર જિલ્લામાં ફરજ પરના હાજર એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી તેમજ પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને તથા આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો વિરૂધ્ધ લેખિત ફરીયાદ નોંધાવવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૩જી ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાડી હુકમ બહાર પાડ્યો.

આર. બી. બારડ,
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહીસાગર-લુણાવાડા.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધું :- (૧) ગૃહ વિભાગનો તા. ૭/૧૧/૨૦નો ઈમેલ

(૨) ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક : વિ.૨/ઈએસએ/ ૧૩/૨૦૧૫/જીઓઆઈ-૧૧૨, તા.૩/૧૧/૧૮

(૩) નામ. સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ રીટ પીટીશન (સીવીલ) નં. ૭૨૮/૨૦૧૫ સંબધમાં તા.૨૩/૧૦/૧૮, તા.૩૦/૧૦/૧૮ અને તા.૩૧/૧૦/૧૮થી આપેલ સુચનાઓ તથા માર્ગદર્શિકાઓ

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) અન્વયે

નં. ડીસીબી/એમએજી/ફાયરક્રેકર્સ/વશી ૨૪૫૪૨ થી ૨૪૫૮૧/૨૦૨૦.– સરકારશ્રીના ગૃહ વિભાગ, દ્વારા આમુખ (૧) થી તેઓશ્રી તરફથી આમુખ (૨)ના પરિપત્રથી જણાવ્યાનુસાર ''તહેવારો દરમ્યાન જાહેરમાં ફટાકડા ફોડવાથી પર્યાવરણ તથા જાહેર આરોગ્યને થતી અસર સંબંધમાં નામ. સુપ્રિમ કોર્ટમાં રીટ પીટીશન (સીવીલ) નં. ૭૨૮/૨૦૧૫ દાખલ થયેલ અને તે સંબધમાં નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા તા.૨૩/૧૦/૧૮, તા.૩૦/૧૦/૧૮ અને તા.૩૧/૧૦/૧૮નાં હુકમથી કેટલીક સ્પષ્ટ સુચનાઓ તથા માર્ગદર્શિકાઓ નામદાર કોર્ટે આપેલ છે. નામ. સુપ્રિમ કોર્ટના વિગતવાર હુકમો સુપ્રિમ કોર્ટની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. આ હુકમોનું પાલન થાય તે અત્યંત જરૂરી છે. જે માટે નીચે મુજબની કાર્યવાહી સત્વરે કરવા આથી તમામ સબંધિતોને જણાવવામાં આવે છે.

(૧) વિદેશી બનાવટના કોઇ પણ પ્રકારનાં ફટાકડા આયાત કરવા, સંગ્રહ કરવા, ઉપયોગ કરવા, વહન કરવા, રાખવા કે વેચાણ કરવા ઉપર સખત મનાઇ ફરમાવવામાં આવે છે.

(૨) નામ. સુપ્રિમ કોર્ટના માર્ગદર્શન અનુસારની બાબતો સામાન્ય પ્રજા સુધી પહોંચે તે માટે રાજ્યનાં માહિતી વિભાગ દ્વારા પ્રચાર અને પ્રસાર માધ્યમોથી બહોળી પ્રસિધ્ધિ આપવાની રહેશે. તે માટે રેડીયો, ટીવી, ફિલ્મ, સિનોમાગૃહો અને જાહેરાતોનો માહિતી વિભાગ દ્વારા પુરતો ઉપયોગ કરવાનો રહેશે.

(૩) સ્થાનિક કક્ષાએ સિનેમાગૃહો, લોકલ કેબલ ઓપરેટરોએ આ પ્રકારની જાહેરાતો અચૂકપણે દર્શાવવાની રહેશે.

(૪) ફટાકડાથી થતાં પ્રદૂષણ અંગે બાળકોમાં જાગૃતિ કેળવાય તે માટે સ્થાનિક કક્ષાએ જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ ખાસ કાર્યક્રમો આયોજીત કરવાના રહેશે.

(૫) નામ. સુપ્રિમ કોર્ટનાં હુકમના મૂળભૂત હેતુ ફટાકડાથી પ્રદૂષણ અને જાહેર આરોગ્યને થતી હાનિ રોકવાનો છે. આ બાબતને લક્ષમાં લઇ નગરપાલિકાઓ દ્વારા લોકોમાં જાગૃતતા કેળવાય તથા નામ. સુપ્રિમ કોર્ટનાં હુકમનો ખરા અર્થમાં અમલ થાય તે માટે કાર્યવાહી કરવાની રહેશે. અને તે મુજબ હોર્ડીંગ, બીલ બોર્ડ, ઈલેક્ટ્રોનીક/ડીઝીટલ બોર્ડ વગેરે મારફતે પ્રચાર અને પ્રસાર કરવાનો રહેશે. સુપ્રિમ કોર્ટનાં આદેશોનું ચુસ્તપણે પાલન થાય તેની ખાસ કાળજી રાકવાની રહેશે.

જેથી અત્રેના નવસારી જિલ્લામાં તહેવારો દરમ્યાન જાહેરમાં ફટાકડા ફોડવાથી પર્યાવરણ તથા જાહેર આરોગ્યને થતી અસરને ધ્યાને લઈ આગામી દિવાળી તહેવારને ધ્યાને લઈ નામ. સુપ્રિમ કોર્ટના હુકમના અનુસંધાને રાત્રીના કલાક ૨૦.૦૦ થી કલાક ૨૨.૦૦ સુધી જ ફટાકડા ફોડવા અંગેનો સમય નિર્ધારીત કરવાનો થાય છે. તેમજ જો કોઇપણ વ્યક્તિ આ નિર્ધારીત કરેલ સમય બાદ ફટાકડા ફોડતાં જોવા મળશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવાનું જરૂરી જણાય છે.

સબબ હું આર્દ્રા અગ્રવાલ (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર નવસારી જિલ્લાના હદ વિસ્તારમાં આગામી દિવાળી તહેવારને ધ્યાને લઇ નામ. સુપ્રિમ કોર્ટના હુકમના અનુસંધાને તારીખ ૦૭-૧૧-૨૦૨૦ થી તા. ૧/૧૨/૨૦૨૦ સુધી કલાક ૨૦-૦૦ થી કલાક ૨૨-૦૦ સુધી જ ફટાકડા ફોડવા અંગેનો સમય નિર્ધારીત કરૂ છું અને તે સિવાયના સમયે ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી નવેમ્બર, ૨૦૨૦ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

આર્દ્રા અગ્રવાલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નવસારી.

વંચાણે લીધા :-

(૧) ગૃહ મંત્રાલય ભારત સરકારના હુકમ ક્રમાંકઃ-૪૦-૩/૨૦૨૦ /DM-I (A) તા.૨૭/૧૦/૨૦૨૦

(૨) ગુજરાત સરકારના જાહેરનામા ક્રમાંકઃ જીજી/૭૫/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા. ૦૨/૧૧/૨૦૨૦.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪, જી.પી.એકટ ૩૭(૩) તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ, ૨૦૦૫ ની કલમ-૩૪ મુજબનુ.

નં. એમએજી/કોરોના વાયરસ/વશી. ૭૪૫૫/૨૦૨૦.– સમગ્ર દેશમાં COVID-19ની અસરોને ધ્યાને લેતાં National Disaster Management Authority ના નિર્દેશો મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૩૦/૦૯/૨૦૨૦ના હુકમ ક્રમાંક : ૪૦-૩/૨૦૨૦ /DM-I (A) થી બહાર પાડવામાં આવેલ ગાઈડ લાઈનની અવધિ તા.૨૭/૧૦/૨૦૨૦ ના હુકમ ક્રમાંક : ૪૦-૩/૨૦૨૦ /DM-I (A) થી તા. ૩૦/૧૧/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ છે. કન્ટેઈનમેન્ટ ઝોનમાં તા. ૩૦/૧૧/૨૦૨૦ સુધી લોકડાઉનની અવધિ લંબાવવામાં આવેલ છે તથા કન્ટેઈનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં તા.૩૦/૦૯/૨૦૨૦ ના હુકમ અનુસારની માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃત્તિઓ ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ છે.

ભારત સરકારના ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ તેમજ ધી એપેડેમિક ડીસીઝ એક્ટ, ૧૮૯૭ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન ઓથોરીટી (એન. ડી. એમ. એ) દ્વારા કોરોનાને વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. હાલમાં સુરતમાં તહેવારના સમય દરમ્યાન બજારોમાં ખુબજ ભીડ જોવા મળેલ તેમજ હરવા-ફરવાની તથા ખાણી-પીણીની જગ્યાઓ ઉપર પણ ખુબ જ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય છે. હાલમાં શિયાળાની □તુ પ્રારંભ થયેલ છે. આ બધા કારણોસર કોરોના સંક્રમણ વધુ ન ફેલાય તે હેતુસર, લોકોના સ્વાસ્થ્ય, સુરક્ષા અને જાહેર જનતાના હિતમાં ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે પગલા લેવા માટે અને પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર જનતાના હિતમાં નીચે મુજબનો હુકમ કરું છું.

વાસ્તે, હું ડૉ. ધવલ પટેલ જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નંબરઃ- જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૭/૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નંબરઃ- જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૪), ૪૩, The Disaster Managment Act 2005 ની કલમ-૩૦ તથા કલમ-૩૪ અને The Gujarat Epidemic Diseases COVID-19 Regulation, 2020 ની કલમ-૨ અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત જિલ્લાના પોલીસ કમિશનરની હદવિસ્તાર સિવાયના સુરત મ્યુનિસીપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ વિસ્તારમાં આજથી આવનાર દિવસોમાં બીજો હુકમ ન થાય ત્યાં સુધી રાત્રિના કલાક ૨૧.૦૦ થી સવારના ૬.૦૦ દરમ્યાન રહેવાસીઓએ પોતાના રહેણાંક મકાનની બહાર નિકળવું નહીં. તેમજ કોઈપણ માર્ગ, જાહેર રાહદારી રસ્તાઓ, રાજમાર્ગો, શેરીઓ, ગલીઓ, પેટા ગલીઓમાં તથા જાહેર જગ્યાઓ ઉપર ઉભા રહેવું નહી અથવા પગપાળા કે વાહનો મારફતો હરવું-ફરવું નહીં.

અપવાદ

નીચે જણાવેલ સેવાઓ સાથે સંકળાયેલ વ્યક્તિઓ/સંસ્થાઓને ઉપરોક્ત હુકમ પાલનમાંથી મુક્તિ આપવામાં આવે છે.

૧. જાહેર ઉપયોગીતા જેવી કે પેટ્રોલીયમ સીએનજી, એલએનજી, એલપીજી, પીએનજી, પાણી સ્વચ્છતા સહીતની સેવાઓ, વિજ ઉત્પાદન અને ટ્રાન્સમિશન એકમ, ટેલી કોમ્યુનિકેશન સર્વિસીસ, રાષ્ટ્રીય માહિતી કેન્દ્ર, પ્રારંભીક ચેતવણી એજન્સી.

૨. પોલીસ, હોમગાર્ડઝ, સિવિલ ડિફેન્સ, ફાયર એન્ડ ઈમરજન્સી સેવાઓ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને સંરક્ષણ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ, જેલો જિલ્લા પંચાયત અને મ્યુનિસીપલ કોર્પોરેશનની આવશ્યક સેવાઓ.

૩. જાહેર અને ખાનગી ક્ષેત્ર સહિતના તમામ તબીબી સેવાઓ તથા ઈ-કોમર્સ દ્વારા, ફાર્માસ્યુટીકલની હોમ ડીલીવરી.

૪. દુધ વિતરણ.

૫. ઈલેક્ટ્રોનીક મીડીયા, પ્રિન્ટ મીડીયા

૬. ખાનગી સીક્યુરીટી સેવાઓ.

૭. આવશ્યક ચીજવસ્તુઓના ઉત્પાદન એકમો, ફાર્માસ્યુટીકલ તથા જે ઉત્પાદન ઔદ્યોગિક એકમોમાં સતત પ્રક્રિયાની જરૂર પડે છે. તેવા ઔદ્યોગિક એકમોએ કર્મચારીઓ માટે ઈસ્યુ કરેલ ઓખળકાર્ડ માન્ય રહેશે.

૮. લગ્ન પ્રસંગ માટે સ્થાનિક એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી/મામલતદારશ્રીની મંજુરી આવશ્યક છે.

૯. રેલ્વે અને એરપોર્ટ પર માલસામાનની હેરફેર માટેની પ્રવૃત્તિઓ.

૧૦. રેલ્વે તથા હવાઇ માર્ગે અવર-જવર કરનાર મુસાફરોને લેવા તથા મુકવા માટે માન્ય ટીકીટ રજુ કરેથી મંજુરી જે માટે જ ટેક્ષી તથા રેડીયો કેબ સેવાઓ ચાલુ રહેશે.

૧૧. બહારગામની લાંબી મુસાફરી કરી સુરત જિલ્લામાં આવતા મુસાફરોએ પોતાની પાસે રહેલ ટોલટેક્ષ રીસીપ્ટ તથા અન્ય પુરાવા રજૂ કરવાના રહેશે.

૧૨. ATM બેન્કીંગ ઓપરેશનના IT વેન્ડરો સહીત ATM ઓપરેશન અને રોકડ વ્યવસ્થાપન એજન્સીઓ.

૧૩. તમામ પ્રકારના માલસામાનનું પરીવહન.

૧૪. NIC Scientist-B, CGL Tier-3, CSIR NET Exam, CA, SSC વિગેરે અન્ય માન્ય પરીક્ષાઓ આપવા જતા પરીક્ષાર્થીઓને માન્ય પ્રવેશપત્ર/ઓળખપત્રના આધારે લેવા તથા મુકવા જવા માટેની મંજુરી.

૧૫. ભારત સરકારના તથા ગુજરાત સરકારના વખતો વખતના સુધારા આદેશોને આધીન અપવાદો.

૧૬. A. પોલીસ કમિશનરશ્રી સુરત શહેરનાઓ તરફથી ફરજના ભાગરૂપે અનિવાર્ય સંજોગોમાં આવવા જવા માટે ખાસ પરવાનો આપવામાં આવેલ હોય તેવા વ્યક્તિઓ.

B. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી/ઈન્સીડન્ટ કમાન્ડર તરફથી અનિવાર્ય સંજોગોમાં આવવા જવા માટે ખાસ પરવાનો આપવામાં આવેલ હોય તેવા વ્યક્તિઓ.

૧૭. ઉપરોક્ત તમામ છુટછાટો સોશીયલ ડીસ્ટન્સીંગ, ફેસ કવર, હેન્ડ સેનીટાઈઝેશન વિગેરે સંબંધમાં COVID-19ની માર્ગદર્શક સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાની શરતે આપવામાં આવે છે.

વિસ્તાર

''આ જાહેરનામું સુરત જિલ્લાના પોલીસ કમિશનરની હદ વિસ્તારના સુરત મ્યુનિસીપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ વિસ્તારમાં લાગુ પડશે.''

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ તથા The Disaster Management Act, 2005 હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જિલ્લા (ગ્રામ્ય)માં ફરજ બજાવતા પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પો.સ.ઈ સુધીના હોદ્દો ધરાવતા તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો. કલમ-૧૮૮ તથા The Disaster Management Act, 2005 મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૨૦નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

ડૉ. ધવલ પટેલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરત.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધું

(૧) કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા. ૨૫/૧૧/૨૦૨૦ના હુકમઃ 40-3/2020/DM-1 (A).

(૨) રાજ્ય સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૦૨/૧૨/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક : જીજી/૭૬/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨

(૩) અત્રેની કચેરીના તા. ૦૨/૧૧/૨૦૨૦ના ક્રમાંક : ડીસી/એમએજી/કોરોના/જા.નામું/એસ.આર. ૧૨૨/૨૦૨૦

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩(૧૯૭૪ નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૪ હેઠળનું.

ક્રમાંકઃ ડીસી/એમએજી/કોરોના/જા.નામુ/એસ.આર. ૧૨૯/૨૦૨૦.–સમગ્ર દેશમાં COVID-19ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી, The National Disaster Managment Act, 2005 થી મળેલ સત્તા અન્વયે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા. ૨૪/૦૩/૨૦૨૦ના હુકમ ક્રમાંકઃ 40-3/ DM-1 (A) થી સમગ્ર દેશમાં તા. ૨૫/૦૩/૨૦૨૦ થી ૨૧ દિવસ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકૂફ રાખવામાં આવેલ. ત્યારબાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના વખતોવખતના હુકમથી આ અવધી તા. ૩૦/૧૧/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ તથા કેટલીક પ્રવૃત્તિઓ તબક્કાવાર શરૂ કરવામાં આવેલ છે.

સમગ્ર દેશમાં COVID-19 ની અસરો ધ્યાને લેતા National Disaster Management Authority ના નિર્દેશો મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા. ૨૫/૧૧/૨૦૨૦ના હુકમ ક્રમાંકઃ ૪૦-૩/૨૦૨૦ DM-1 (A) થી કન્ટેઈનમેન્ટ ઝોનમાં તા. ૩૧-૧૨-૨૦૨૦ના સુધી Lockdown ની અવધિ લંબાવવામાં આવી છે, તથા કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃત્તિઓ ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ છે.

આથી હું હર્ષદ એમ.વોરા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ તથા ૩૭ અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ જિલ્લાના પોલીસ કમિશનરની હકુમત સિવાયના વિસ્તારો માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના હુકમ અન્વયે નીચે મુજબ ફરમાવું છુ.

૧. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૫/૧૧/૨૦૨૦ના હુકમ અનુસાર સમગ્ર રાજયમાં જાહેર કરવામાં આવેલ કન્ટેનમેન્ટ ઝોનમાં ૦૨/૧૨/૨૦૨૦ ના ૦૦.૦૦ કલાકથી તા.૩૧/૧૨/૨૦૨૦ ના ૨૪.૦૦ કલાક સુધી Lockdown ની અવધિ લંબાવવામાં આવે છે તથા કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં કેન્દ્ર સરકારની માર્ગદર્શિક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃત્તિ ચાલુ રાખવામાં નિર્ણય લેવામાં આવે છે.

૨. રાજ્ય સરકારના ગૃહ વિભાગના તા.૦૧/૧૦/૨૦૨૦ ના જાહેરનામા ક્રમાંકઃ-જીજી/૬૫/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી જાહેર કરવામાં આવેલ માર્ગદર્શક સૂચનાઓ જે તા.૩૦/૧૧/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ તેને તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી લંબાવવામાં આવે છે.

૩. લગ્ન/સત્કાર સમારંભો જેવી ઉજવણીઓ તથા મૃત્યુ પ્રસંગે વ્યકિતઓની સંખ્યા સંબંધમાં ગૃહ વિભાગના તા.૨૪/૧૧/૨૦૨૦ હુકમ ક્રમાંક વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી બહાર પાડવામાં આવેલ SOP/ માર્ગદર્શક યથાવત રાખવામાં આવે છે. જે નીચે મુજબ છે.

(અ) લગ્ન/સત્કાર સમારંભ જેવી અન્ય ઉજવણીઓના કિસ્સામાં ખુલ્લા સ્થળોએ/બંધ સ્થળોએ, સ્થળની ક્ષમતાના ૫૦% થી વધુ નહી પરંતુ મહત્તમ ૧૦૦ વ્યકિતઓની મર્યાદામાં સમારોહ/પ્રસંગના આયોજનને મંજૂરી આપવાનું રાજ્ય સરકારે નક્કી કરેલ છે.

(બ) મૃત્યુના કિસ્સામાં અંતિમ ક્રિયા/ધાર્મિક વિધિના કિસ્સામાં મહત્તમ ૫૦ વ્યકિતઓની મર્યાદામાં મંજૂરી આપવાનું રાજ્ય સરકારે નક્કી કરેલ છે.

(ક) વધુમાં જે વિસ્તારોમાં રાત્રિ કર્ફ્યુનો અમલ થઈ રહ્યો છે તે વિસ્તારોમાં કર્ફ્યુ સમય દરમ્યાન લગ્ન/સત્કાર સમારંભ જેવી અન્ય ઉજવણીઓ પ્રતિબંધ રહેશે.

૪. જાહેરમાં થૂંકવા તથા જાહેરમાં યોગ્ય રીતે ચહેરો ન ઢાંકવા બદલ રાજ્ય સરકાર દ્વારા વખતો વખતના હુકમથી નિયત કરવામાં આવેલ દંડને પાત્ર રહેશે.

પ્રજાજનોની સુખાકારી અને સલામતીના ઉપાય

- ૬૫ વર્ષથી વધુ વયની વ્યક્તિઓ, અન્ય રોગ ધરાવતા (co-morbidities), સગર્ભા સ્ત્રીઓ, તથા ૧૦ વર્ષથી નાના બાળકોએ ઘરમાં જ રહેવું હિતાવહ છે, સિવાય કે રાષ્ટ્રીય નિર્દેશો અનુસાર આવશ્યક જરૂરીયાતની પૂર્તિના હેતુ માટે, તેમજ સ્વાસ્થ્ય વિષયક હેતુઓ માટે જરૂરી હોય.

- તમામ કામના સ્થળોએ કામ કરતા તમામ વ્યક્તિઓએ ''આરોગ્ય સેતુ એપ'' નો મહત્તમ ઉપયોગ કરવો.

ખાસ નોંધ

અર્થઘટન બાબતે વિસંગતતા જણાય તો આમુખ-૧ માં ઉલ્લેખેલ કેન્દ્રિય ગૃહ મંત્રાલયના તા. ૨૫/૧૧/૨૦૨૦ના મૂળ હુકમ તેમજ રાજ્ય સરકારના તા. ૦૨/૧૨/૨૦૨૦ ના જાહેરનામા મુજબનું અર્થઘટન આખરી ગણાશે. કન્ટેનમેન્ટ વિસ્તારો/માઈક્રો કન્ટેનમેન્ટ વિસ્તારો એટલે અમદાવાદ જિલ્લાના

કન્ટેનમેન્ટ વિસ્તારો/માઈક્રો કન્ટેનમેન્ટ વિસ્તારો તથા આ સબંધે સરકારના સબંધિત વિભાગ દ્વારા વખતો વખત જાહેર કરવામાં આવે તે મુજબ તેમજ આમુખના રીવાઈઝ હુકમના એનેક્ષર-એ મુજબના વિસ્તાર.

શરતો

૧. સદરહું જાહેરનામામાં દર્શાવેલ તેમજ રાજ્ય સરકાર/ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવનાર તમામ પ્રકારની માર્ગદર્શિકા આદેશો, તથા તમામ શરતોનું પાલન કરવાની જવાબદારી જે તે એકમ/સંસ્થાના માલિકની રહેશે.

૨. કન્ટેનમેન્ટ ઝોન/માઈક્રો કન્ટેનમેન્ટ સિવાયના વિસ્તારોમાં જ ઉક્ત છૂટછાટો લાગુ પડશે.

૩. કોવિડ-૧૯ની પરિસ્થિતિ સંદર્ભે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, જિલ્લા કલેક્ટરશ્રી, પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર, કમિશનરશ્રી- અમદાવાદ મહાનગરપાલિકા, પોલીસ અધિક્ષકશ્રી અમદાવાદ ગ્રામ્ય, તેમજ અન્ય સંલગ્ન સરકારશ્રીના સક્ષમ અધિકારી/સબંધિત વિભાગ દ્વારા જે કોઈ માર્ગદર્શિકા કે સુચનાઓ બહાર પાડવામાં આવે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૪. કન્ટેનમેન્ટ ઝોન/માઈક્રો કન્ટેનમેન્ટ જાહેર થયેલ કોઈપણ વિસ્તારનો કર્મચારી, શ્રમિક, અધિકારી કામ પર ન આવે તેની જવાબદારી જે તે એકમ/સંસ્થાની રહેશે. આ વિસ્તારોમાં કોઈપણ પ્રકારનું પરીવહન કરી શકાશે નહિ.

૫. ભવિષ્યમાં નવો કોઈ વિસ્તાર કન્ટેનમેન્ટ ઝોન/માઈક્રો કન્ટેનમેન્ટ તરીકે જાહેર થશે તો તે વિસ્તાર માટે આ છૂટછાટો તાત્કાલિક અસરથી નાબૂદ થયેલી ગણાશે.

COVID-19 ના વ્યવસ્થાપન માટેની રાષ્ટ્રીય માર્ગદર્શિકા

૧. તમામ જાહેર સ્થળોએ, કામકાજના સ્થળોએ તથા પરીવહન તેમજ વાહન પર અવરજવર સમયે મોઢું ઢંકાય તેમ કાપડ પહેરવું ફરજીયાત છે.

૨. દરેક વ્યક્તિએ જાહેર સ્થળોએ ફરજીયાત પણે ઓછામાં ઓછી ૬ ફૂટ (*૨ ગજ કી દૂરી*) રાખવી જોઈએ. દુકાનોમાં ગ્રાહકો વચ્ચે શારીરિક અંતર જળવાય તથા કોઈપણ સમયે એક સાથે ૫ થી વધુ વ્યક્તિ ભેગા ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.

૩. જાહેર સ્થળોએ થૂંકવા બદલ રાજ્યની સ્થાનિક સત્તા દ્વારા નક્કી કરવામાં આવેલ દંડ ફટકારી શકાશે.

૪. જાહેર સ્થળોએ શરાબ, પાન, ગુટકા, તમાકુ વિ. ના ઉપયોગ પ્રતિબંધિત છે.

કામકાજના સ્થળો માટે વધારાના નિર્દેશોઃ-

૫. શક્ય હોય ત્યાં સુધી ઘરે થી કામ કરવાને પ્રોત્સાહન આપવું જોઈએ.

૬. ઓફીસો, કામકાજના સ્થળોએ, દુકાનોમાં, બજારોમાં, ઔદ્યોગિક એકમોમાં તથા વાણિજ્યીક એકમોએ કામકાજના સમયમાં તથા શીફ્ટ અંગે સ્ટેગરીંગ અપનાવવું જોઈએ.

૭. તાપમાન ચકાસણી, હાથ ધોવા, તથા બની શકે તો સ્પર્શ રહીત સેનેટાઈઝરની વ્યવસ્થા દરેક પ્રવેશ તથા નિકાસના સ્થળે તેમજ સામાન્ય સ્થળોએ ઉપલબ્ધ કરાવવાની રહેશે.

૮. સમગ્ર કાર્યક્ષેત્રને વારંવાર સફાઈ કરવાની રહેશે, તેમજ સામાન્ય સુવિધાના સ્થળો તથા બધી જ એવી જગ્યાઓ જે માનવ સંપર્કમાં આવતી હોય, દા.ત. દરવાજા ના હેંડલ, વિ. ની દરેક શીફ્ટ બાદ સફાઈ કરવાની રહેશે.

૯. કામકાજના સ્થળોએ દરેક સંચાલક/જવાબદાર વ્યક્તિઓએ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલ માર્ગદર્શિકાઓ પ્રમાણે સામાજિક અંતરનું પાલન કામકાજની જગ્યાની અંદર તેમજ કંપની પરીવહનમાં પણ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૧૦. કામકાજના સ્થળો પર બે પાળી વચ્ચે પૂરતો સમય આપીને, તેમજ જમવાના સમય વચ્ચે સમયાંતર જાળવી ને સામાજિક અંતર જળવાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

વિસ્તાર

પોલીસ કમીશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો વિસ્તાર.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા. ૦૨/૧૨/૨૦૨૦ ના ૦૦.૦૦ કલાકથી તા. ૩૧/૧૨/૨૦૨૦ ના ૨૪:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

અમલવારીની જવાબદારી

સદર જાહેરનામામાં ઉલ્લેખેલ તમામ બાબતો/માર્ગદર્શિકા/શરતોનું પાલન કરવાની જવાબદારી જે તે એકમ/સંસ્થાના માલિક/સંચાલક/જવાબદાર ઈસમની તેમજ કંપની, પેઢી-ભાગીદારી પેઢી વિગેરેના કિસ્સામાં સંબંધિત કાયદાથી નક્કી થયેલ ઈસમ/ઈસમોની રહેશે.

અપવાદ

આ હુકમ સરકારી ફરજ ઉપરના અથવા રોજગારીમાં હોય તેમજ ગુજરાત સરકારશ્રી દ્વારા જાહેર જીવન જરૂરીયાતની આવશ્યક ચીજ વસ્તુઓના ધંધા/વ્યવસાયમાં સંકળાયેલા લોકોને તેમજ સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવનારને લાગુ પડશે નહી.

લોકડાઉનના પગલાનો ભંગ કરવા માટેના ગુના અને તે માટેની શિક્ષા

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૯૫ની જોગવાઈઓ વંચાણે લેતા આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર કોઈપણ ઈસમ/વ્યક્તિ/ઈસમો નીચે જણાવેલ કાનૂની જોગવાઈઓ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

(૧) આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫ની કલમ-૫૧ થી ૬૦

૫૧. અવરોધ વગેરે કરવા માટે શિક્ષા

(ક) આ અધિનિયમ હેઠળના પોતાના કાર્ય બજાવતા કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારના કોઈપણ અધિકારી અથવા કર્મચારીને અથવા રાષ્ટ્રીય સત્તામંડળ અથવા રાજ્ય સત્તામંડળે અધિકૃત કરેલી કોઈપણ વ્યક્તિને અવરોધે અથવા

(ખ) આ અધિનિયમ હેઠળ કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા રાષ્ટ્રીય કારોબારી સમિતિ અથવા રાજ્ય કારોબારી સમિતિ અથવા જિલ્લા સત્તામંડળ દ્વારા અથવા તેમના વતી આપવામાં આવેલા

કોઈપણ આદેશનું પાલન કરવાનો ઈનકાર કરે,

તે દોષિત ઠર્યેથી એક વર્ષની મુદત સુધી કેદની અથવા દંડ અથવા બંને શિક્ષાને પાત્ર થશે અને આવો અવરોધ અથવા આદેશોનું પાલન કરવાનો ઈનકાર માનવ જિંદગીની ખુવારી અથવા તેના તોળાઈ રહેલા ખતરામાં પરિણમે ત્યારે તે દોષિત ઠર્યેથી બે વર્ષની મુદત સુધીની કેદની શિક્ષાને પાત્ર થશે.

૫૨. ખોટો દાવો કરવા માટે શિક્ષાઃ-

જે કોઈપણ વ્યક્તિ કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, રાષ્ટ્રીય સત્તા મંડળના અથવા જિલ્લા સત્તામંડળના કોઈપણ અધિકારી પાસેથી રાહત, સહાય, મરામત, પુનઃનિર્માણ, અથવા આપત્તિ સંબંધી બીજા કોઈપણ લાભ મેળવવા માટે જાણીબુઝીને દાવો કરે, જે ખોટો છે તેવું જાણતો હોય અથવા તેમ માનવાને કારણ હોય, તો તે દોષિત ઠર્યે તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર થશે અને દંડની શિક્ષાને પણ પાત્ર થશે.

૫૩. નાણાં અથવા સામગ્રી વિગેરેની ઉચાપત માટે શિક્ષા

જે કોઈપણ વ્યક્તિ ભયજનક આપત્તિની પરિસ્થિતિ અથવા આપત્તિમાં રાહત પુરી પાડવા માટે સુચિત કરેલ કોઈપણ નાણાં અથવા સામગ્રી કોઈને પણ સોંપવામાં આવી હોય અથવા અન્યથા કોઈપણ નાણાં અથવા સામગ્રી તેના કબજા અથવા તેના તાબા હેઠળ હોય, તેની તેણે પોતાના ઉપયોગ માટે ઉચાપત કરી હોય અથવા વિનિયોગ કર્યો હોય અથવા આવા નાણાં અથવા સામગ્રી અથવા તેના કોઈપણ ભાગનો નિકાલ કર્યો હોય અથવા આવું કરવા માટે કોઈપણ વ્યક્તિને જાણી બુઝીને ફરજ પાડી હોય, તો દોષિત ઠર્યેથી તે બે વર્ષ સુધીની કેદની શિક્ષાને અથવા દંડને પાત્ર થશે.

૫૪. ખોટી ચેતવણી માટે શિક્ષા

જે કોઈપણ વ્યકિત, (લોકોમાં) ગભરાટ ફેલાય તેવી, આપત્તિ અથવા તેની ભયાનકતા અથવા વ્યાપની બાબતમાં ખોટી ભય-ચેતવણી અથવા ચેતવણી ઉભી કરે અથવા ફેલાવે, તો તે દોષિત ઠર્યેથી બે વર્ષ સુધી કેદની શિક્ષાને અથવા દંડને પણ પાત્ર થશે.

૫૫. સરકારી વિભાગોએ કરેલ ગુના :-

(૧) આ અધિનિયમ હેઠળનો ગુનો સરકારના કોઇ વિભાગે કર્યો હોય, ત્યારે વિભાગના વડા, ગુના બદલ દોષિત હોવાનુ ગણાશે અને તેમની સામે કામ ચલાવી શકાશે અને તદનુસાર તેમને શિક્ષા કરી શકાશે, સિવાય કે તેઓ એમ સાબિત કરે કે ગુનો તેમની જાણ બહાર થયો હતો અથવા એવો ગુનો થતો અટકાવવા માટે તેમણે તમામ ઘટતી કાળજી રાખી હતી.

(૨) પેટા કલમ-૧માં ગમે તે મજકુર હોય તેમ છતા આ અધિનિયમ હેઠળનો કોઇ ગુનો સરકારના કોઇ વિભાગે કર્યો હોય અને તે એમ પુરવાર કરે કે એવો ગુનો વિભાગના વડા સિવાયના કોઇ અધિકારીની સંમતિથી અથવા તેની મુક સંમતિથી કરવામાં આવ્યો છે. અથવા તેમના પક્ષે થયેલી કોઇ બેદરકારીને કારણે થયો છે, ત્યારે તેવો અધિકારી પણ તે ગુના માટે દોષિત હોવાનું ગણાશે અને તેની સામે કાર્યવાહી ચલાવવાને પાત્ર ગણાશે અને તદનુસાર શિક્ષાને પાત્ર થશે.

૫૬. અધિકારીની ફરજમાં નિષ્ફળતા અથવા આ અધિનિયમની જોગવાઈઓના ઉલ્લંઘનમાં તેમની મુકસંમતિ :-

કોઇપણ અધિકારીએ, તેના ઉપલા સરકારી અધિકારીની સ્પષ્ટ લેખિત પરવાનગી મેળવી હોય તે સિવાય અથવા આવુ કરવા માટે બીજુ કાયદેસરનુ બહાનુ ન હોય તો જેની પર આ અધિનિયમથી અથવા તે હેઠળ કોઇપણ ફરજ લાદવામાં આવી હોય અને જે અમલ કરવાનુ બંધ કરે અથવા ઇનકાર કરે અથવા પોતાની હોદ્દાની ફરજો બજાવવામાંથી પોતાની જાતને દુર કરે, તો તે એક વર્ષની શિક્ષાને પાત્ર થશે અથવા દંડને પાત્ર થશે.

૫૭. અધિગ્રહણ સંબંધી કોઇપણ હુકમના ઉલ્લંઘન બદલ શિક્ષા :-

કોઇપણ વ્યક્તિ, કલમ-૬૫ હેઠળ કરેલા કોઇપણ હુકમનુ ઉલ્લંઘન કરે તો તે એક વર્ષ સુધીની કેદની શિક્ષા થવાને અથવા દંડ અથવા બંને શિક્ષાને પાત્ર થશે.

૫૮. કંપનીઓએ કરેલ ગુના :-

(૧) આ અધિનિયમ હેઠળનો ગુનો કોઈ કંપનીએ અથવા સંસ્થાપિત મંડળે કર્યો હોય ત્યારે જે સમયે ગુનો કરવામાં આવ્યો હોય તે સમયે, જે વ્યક્તિ કંપનીના કામકાજનું સંચાલન કરવા માટે કંપનીનો હવાલો ધરાવતી હોય અને કંપનીને જવાબદાર હોય તે વ્યક્તિ તેમજ કંપની તે ગુનો માટે દોષિત ગણાશે અને તેની સામે કાર્યવાહી કરવાને પાત્ર ગણાશે અને તેને તદનુસાર શિક્ષા કરવામાં આવશે પરંતુ આવી કોઇ વ્યક્તિ જો એમ પુરવાર કરે કે ગુનો તેની જાણ બહાર થયો હતો અથવા એવો ગુનો થતો અટકાવવા માટે તેણે તમામ યોગ્ય કાળજી લીધી હતી તો તે આ પેટા કલમમાના કોઇ મજકૂરથી, આ અધિનિયમમાં જોગવાઇ કરેલી કોઇ શિક્ષાને પાત્ર ગણાશે નહિ.

(૨)પેટા કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતા, આ અધિનિયમ હેઠળનો કોઇ ગુનો કોઇ કંપનીએ કર્યો હોય તે ગુનો તે કંપનીના કોઇ ડિરેક્ટર મેનેજર સેક્રેટરી અથવા અન્ય અધિકારીની સંમતિથી અથવા તેની મુકસંમતિથી કરવામાં આવ્યો છે અથવા તેમના પક્ષે થયેલી બેદરકારીને કારણે થયો છે એમ સાબિત થાય ત્યારે તેવા ડિરેક્ટર, મેનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારી તે ગુના માટે દોષિત હોવાનુ ગણાશે અને તેમની સામે કામ ચલાવી શકાશે અને તદનુસાર તેને શિક્ષા કરી શકાશે.

સ્પષ્ટીકરણ : આ કલમના હેતુ માટે-

(ક) ''કંપની'' એટલે કોઇ સંસ્થાપિત મંડળ અને તેમાં પેઢી અથવા વ્યક્તિઓના બીજા એસોસિએશનનો સમાવેશ થાય છે અને

(ખ) પેઢીના સંબંધમાં ''ડિરેક્ટર'' એટલે પેઢીનો ભાગીદાર.

૫૯. ફોજદારી કામ ચલાવવા માટે પૂર્વ-મંજૂરી :-

કલમો ૫૫ અને ૫૬ હેઠળના શિક્ષાપાત્ર ગુના માટે, કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા યથાપ્રસંગ આવી સરકારે સામાન્ય અથવા ખાસ હુકમથી, આ અર્થે અધિકૃત કરેલા કોઇપણ અધિકારીની પૂર્વમંજુરી સિવાય, ફોજદારી કામ ચલાવી શકાશે નહિ.

૬૦. ગુનાની ન્યાયિક નોંધ લેવા બાબત :

કોઇપણ કોર્ટ,આ અધિનિયમ હેઠળ

(ક) રાષ્ટ્રીય સત્તામંડળ, રાજ્યસત્તા મંડળ, કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, જિલ્લા સત્તામંડળ અથવા કોઇપણ બીજા સત્તા મંડળ અથવા યથાપ્રસંગ, તે સરકારે અથવા સત્તામંડળે આ અર્થે અધિકૃત કરેલા અધિકારી અથવા

(ખ)કહેવાતા ગુના માટે, ઠરાવેલી રીતે ઓછામાં ઓછા ત્રીસ દિવસની મુદત માટેની અને રાષ્ટ્રીય સત્તામંડળ, રાજ્ય સત્તામંડળ, કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, જિલ્લા સત્તામંડળ અથવા બીજા કોઈપણ સત્તામંડળ અથવા ઉપર્યુક્ત પ્રમાણે ઉપર અધિકૃત કરેલા અધિકારીને ફરિયાદ કરવાના પોતાના ઈરાદાની નોટિસ આપી હોય તેવી વ્યક્તિ દ્વારા કરવામાં આવેલી ફરિયાદ સિવાય, ગુનાની ન્યાયિક નોંધ લઈ શકશે નહિ.

ખ. ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ : રાજ્ય સેવક દ્વારા યોગ્ય રીતે બહાર પાડવામાં આવેલા હુકમનો અનાદર કરવા બાબતેઃ જે કોઈ વ્યક્તિ એમ જાણતો હોય કે કોઈ હુકમ બહાર પાડવાની કાયદેસર સત્તા ધરાવતી વ્યક્તિ દ્વારા બહાર પાડવામાં આવેલા આવા હુકમથી તેમને અમુક કૃત્યો કરવાથી દૂર રહેવાનો અથવા પોતાના કબજામાંની અથવા પોતાના સંચાલન હેઠળની અમુક મિલકત સંબંધી હુકમ કરવાનો આદેશ આપવામાં આવ્યો હોય તે આવા આદેશોનો અનાદર કરે અને આવા અનાદરથી કાયદેસર રીતે નિમાયેલી કોઈ વ્યક્તિને અવરોધ ઊભો થાય, હેરાનગતિ થાય અથવા ઈજા પહોંચે અથવા અવરોધ ઊભો કર્યાનું હેરાનગતિ કરવાનુ અથવા ઈજા પહોચાડવાનું કારણ બને, તેને એક મહિનાની મુદત સુધીની સાદી કેદની અથવા બસો રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે અને આવા અનાદરથી માનવ જીવન, આરોગ્ય અથવા માનવીની સુરક્ષા માટે જોખમ ઊભુ થાય અથવા જોખમ ઊભુ થવાનું કારણ ઉત્પન્ન થાય અથવા હુલ્લડ અથવા મારામારી થાય અથવા તેમ થવાનું કારણ બને, તેને છ મહિનાની મુદત સુધીની કોઈ પણ પ્રકારની જેલ અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

સ્પષ્ટીકરણ :- એ બાબત જરૂરી નથી કે ગુનેગાર ઈજા પહોચાડવાનો ઈરાદો ધરાવતો હોય અથવા ઈજા પહોંચાડવાની સંભાવના હોય તે રીતે અનાદર કરવાનો ઈરાદો ધરાવતો હોય. તે બાબત પૂરતી છે કે પોતે જે હુકમનો અનાદર કરતો હોય તે હુકમ અંગે તે જાણતો હોય અને તેના અનાદરથી ઈજા પહોંચે અથવા ઈજા પહોંચાડવાની સંભાવના હોય.

ઉદાહરણ :- કોઈ હુકમ બહાર પાડવાની કાયદેસરની સત્તા ધરાવતા રાજ્ય સેવક, અમુક શેરીમાંથી ધાર્મિક સરઘસ કાઢવું નહિ તેવો આદેશ આપતો હુકમ બહાર પાડે છે. વ્યક્તિ જાણીબૂઝીને આ હુકમનો અનાદર કરે છે અને તેમ કરીને હુલ્લડનો ભય ઊભો કરે છે. વ્યક્તિએ, આ કલમમાં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો ગુનો કર્યો છે.

